૫૦૬૨

નીરદોષ નાજાં

એક કેળવાયલી કુંવારીકા.

ભાગ ૨ જો

રચનાર સોરાબ એલ. પાલમકોટ.

સુરત ખોદાબક્ષ પ્રેસ

૫૦૬૨

નિર્દોષ નાજાં.

ભાગ ૨ જો.

રચનાર—સોરાબ એલ. પાલમકોટ.

પ્રકરણ ૩૩ મું.

પાછી મુંબઈ.

ભરમમાં છે જીંદગીનાં મુલકું ફેહેઠાંન;
ભરમથી જણાય છે બુઢઢા પણ જવાન
ભરમ હોય જો તારો તો સઉને સરમ;
ભરમથી દીસે છે નરમ પણ ગરમ.

ગાદીનો બેસનાર રાજા રૂડો,
ભરમથી પામે છે માન અને પાન;
પણ એકવાર જો ભરમ તેનો ઊંડયો,
તો આપે ન કોઈ તેને બચકો ધાન;

ભરમ છે આ દુન્યામાં સઉથી ઉત્તમ,
ભરમથી બમે છે ભલો ઠગ તુરત.
હોય જેવો ભરમનો તું જને જે દમ;
ભરમ ગયેલાં ઈનસાનની જોતું સુરત.

પોતાના ભલા શેઠ શેઠાણી અને માયાળુ પીરોજાની બેઅી મમતાથી પોતાના નસીબપર અફશોસ કરીને છુટી પડેલી નાજાં કલકત્તેથી એકદમ મુંબઇ આવવાને ઊપડી. જે શેહેર એક વેળા તેણીએ ઘણું દુ:ખી દીલે છોડયું, જે શેહેર તેણીના કમનસીબનો મુલ પાયો હતો, ત્યાં પાછું નહી જવાનો તેણીનો એક વેળાનો ઠરાવ છતાં હવે તેણીને ઠરાવ ફેરવવાની જરૂર જણાઈ; તોપણ તેમ કરવાને તેણીને એકજ ચીજે ફરજ પાડી હતી અને તે ફરજ શાવક તરફના વફાભર્યા ખ્યાલની હતી. તેણી મુંબઈ તરફ જતી હતી તોપણ તેણીએ ત્યાં ઝાઝો વખત નહીં થોભવાનો તો પ્રથમથીજ ઠરાવ કીધો હતો. શાવકને મલી તેની પરીક્ષા, તેની હાલત, તથા પોતાના પીતાના પેલા ત્રણ મીત્રો—તેણીના સુખના સતરૂઓ માટે તેહેકીક કરી કોઇ તદબીરે નવો રસતો લેવાની નાજાંની મુખ્ય નેમ હતી. કાં'કે તેણી સારી રવેસે જાણતી હતી કે હવે આવી રીતે દશ

દેશની વધુ રખડને અટકાવ ફક્ત પોતાના શાવકની ફત્તેહ ઉપરજ અટકી--લટકી રહ્યોછે.

શાવકની પરીક્ષાને ચારજ મહીના બાકી હતા એમ તેણીએ ગણત્રી કીધી; કે જે પછી તેણીનો સાદો અને સાચ્ચો શાવક; ડાકટર શાવક શોરાબજી શકલાટવાલા તરીકે પીછાણાશે, કે જે પીછાણ આ દોરંગી દુન્યાંનાં ચોરંગી ચક્કરમાં તેણીની અને તેના ચારા માટે પુરતી શંતોષી ગણાશે.

મુંબઇ આવીને તેણીને કરાંચી ઉપડવું હતું કે જયાં શાવકની સહાયતા વગર જવું અશકય હતું. કરાચીમાં શાવકનાં એક ઘણા માનીતા મીત્રનું કુટુંબ વસતું હતું કે જે કુટુંબ સાથે શાવકનો ઘણોજ ઘરોઓ હતો. શાવકે આગલ પણ એકવાર નાણાંને કહ્યું હતું કે જો તેણી ચાહે તો ત્યાં તેણીને તે મોકલે, પણ તે વેલાતો તેણીએ દરીયાની મુસાફરીએ જવાને ખુલી ના મરજી દેખાડી હતી.

હવે તેણીએ ત્યાં જવાને હામ ભીડી ખરી. નોકરીથી, રખડથી, અને બીજી પાપી પુઠોથી તેણી હવે કંટાલીને બેકરાર બની ગઇ હતી.

દેશેદેશ રખડી આબરૂ ઇજ્જતથી પોતાનું ગુજરાણ કરવામાં તેણીની જે મુખ્ય નેમ સચવાયલી હતી તે પોતે મેલવેલી કેલવણી જ્ઞાન અને સાંનનો પોતાની બ્હેનપણીઓમાં સંગીન પગપેસારો કરવામાં સંગ્રાયલી હતી. આ સુસંગ્રહનો સુઉપ્યોગ કરવામાં તેણી ચઢતે દરજજે ફાવી હતી, અને વધારે ફાવતે; પણ જયાંબી તેણી આબરૂભર્યો આસરો કે સુખ શોધી શકતી હતી ત્યાં ત્યાં કંઈને કંઈ, કોઇની ને કોઇની તેણીને વેદના વેઠવી પડતી હતી કે જે સંતાપ અને સંકટમાંથી તેણીનો છુટકો તેણી પોતાના તે શુખોને સલામ કરવાનાજ સેવટમાં લાવતી હતી.

"શાવકને હવે મલવું કેમ!" એવા તરેહવાર ગુચવાડાભર્યા વિચાર સાથે-પણ કંઇબી સંતોષકારક શેવટ ઉપર આવ્યા વગર-તેણી અંતે બોરી બંદર સ્ટેસન પર આવી ઉતરી.

સ્ટેસનપર ઊતરતાંજ એક ભાડેની સીગરામમાં બેસીને તેણીએ ગાડીવાનને ઇંગલીશ હોટેલ તરફ હંકારવા કહ્યું.

"હોટેલ તરફ જતાં રસ્તામાં અધવચ્ચે એતેફાકે તેણીએ એક એવો તો દેખાવ દીઠો કે જે દેખાવે તેણીની નાજુક છાતીમાં ગજબનાક ગમ ઉપજાવ્યો. સઘલું સુખ દુઃખ તેણીના મનમાં એક પલમાં ભેગું થઈ ગયું, અને તેણી ગભરાટ અને બીહીક સાથે ધ્રુજવા પડી. તેણી ગાડીમાંથી તેણીના ઓલખીતા કે સગાઓને દેખાઈ ન શકે એવી સંભાલ અને સાહુચેતી સાથે પોતાના વ્હાલા વતનની રમણીક રચનાં નીહાલતી, આગલા દીવસોને યાદ કરતી જતી હતી, જેવામાં સામેથી બે ઓસ્ટ્રેલીઅન ઘોડાની લેન્ડો ગાડી ધમધમ ધસતી આવતી તેણીએ જોઈ. તે ગાડી નજદીકમાં આવતાંજ પોતાના પીતાની ગાડી તરીકે તેણીએ પીછાની, કે જેમાં અજાયબી વચ્ચે તેણીએ પોતાના પીતાનેજ બેઠેલા જોયા!

તેણી આ દેખાવથી એક પલ સુધી ઉજલી પુણી જેવી થઈ ગઈ. નાજાંએ નક્કીજ માન્યું કે તેના પીતાની નજર પડતાંજ તેણી પકડાઈ જશે. પણ નહીં—તેણીની એ ધારણા અને વાસતી ખોટીજ પડી. કાં'કે તેણીની ગાડી જ્યારે જમણી તરફથી જતી હતી ત્યારે પીતાની ગાડી ડાબી બાજુથી દોડતી ગઈ. નાજાંએ તેવણને સ્પષ્ટ જોયા, પણ તેવણ પોતાની બેટીને જોઈ શકયા નહીં. આવો બન્ને રીતનો બન્ને ગાડીનો સમાંગમ થતાંજ નાજા પાછલથી પોતાના પીતાની ગાડી જયા સુધી તેણીની નજરથી દુર થાય નહીં ત્યાં સુધી એકી નજરે ટીકટીજ બેઠી.

જો કે પોતાના પીતાની પોતા ઉપર નજર નહીં પડેલી ચાહવાને તેણી ખુશી હતી, તોપણ તેણીનું અંતકરણ તો અંદરખાનેથી બેહદ બલતું હતું. જે સરતાજના આસરાવંત શીર છત્ર હેઠલ તેણી બાળવયથી મોટી થયેલી અને જેણે સુખ અને લાડ દેખાડવામાં કસી કસુર કે કસર રાખેલી નહીં, તેને માટેની પોતાની આવા રીતની કઢંગી સરજત સારૂ તેણી ખચિતજ ભારે દુઃખી થતી હતી.

નાજાંના વખતમાં જેવો દોર ચમ્મર નાનાભાઈમાં દેખાતો હતો તેવો તોર તમ્મર આજે તેવણમાં તેણીએ દીઠોજ નહીં, આજે તો તે તદન ફીકકો, દમામ વગરનો અને દુઃખી હોયલો તેણીને દેખાયો, અને તુરત અફસોસ સાથ સમજી ગઈ કે એ સઘલું તેણીની ગેરહાજરીનું સાંધણ અને સેવટ હતું.

આવા ખેદયુક્ત ખ્યાલોમાં ખેંચાઈ રેહલી આ કમભાગ્ય કુંવારીકા પોતાને ચાહેલે ઉતારે ઉતરી, પણ તેણીને આ દેખાવે આખો દીવસ બેકરાર બનાવી દીધી, અને એવી બેદીલીમા જે વિચારે તેણીને વધારે બેચેન બનાવી તે તેણીના શાવકને કેવી રીતે, કયાં, અને કયારે મલવું તે હતો. આ વિચારે તેણીને વધારે વમળમાં અને વમાસણમાં નાંખી. તેણીને કસું સુઝ પડયું નહીં. કરાંચીની સ્ટીમર ઉપડવાને બેજ દીવસ હતા. તેણીએ જોયું કે શાવકને મળ્યા વિના જાશે તો મારો દુઃખી જીવ તલપેલો રેહે એટલુંજ નહીં પણ મારી ઉપર ખફા થશે, અને જો કોઇ માણસને છુપી રીતે મોકલુંચ તો તેથી કદાચ ઉલટાનું સુલટું થઇ જાય અને કોઈ ઘરમાંના બીજાને માહીતી મલે તો તેણી પર ડાઘ આવે તેથી અંતે દલગીરી સાથે તેણીએ એ વિચાર માંડી વાળ્યો.

માત્ર એકજ ઉપાય બાકી હતો અને તે પત્ર લખવાનો સાદો અને સેહેલ સાથે સલામત માર્ગ હતો. પણ તેમાંબી ખલલ પડી—કાંકે તુરત તેણીને યાદ આવ્યું કે કાલેજ મેડીકલ કોલેજ આગલ જઈ તેને અંદરથી બ્હાર બોલાવીને મલવું. આ તેણી વધારે સગવડભર્યું અને સોભાભર્યું સમજી, અને થોડા કલાકમ પોતાના વફાદાર બ્હાલાને મલશે એવા સાચ્ચા સધયારાથી તેણી તુરતવેળાનો પોતાના સઘલા વમાસણભર્યા વિચારો વિસરી ગઈ.

પ્રીય વાંચનાર—આ નિરદોષ નજરનો આવા દુઃખી દીવસો કાડવાનો શું આપણે તેનેજ શિર સઘળો દોષ મુકીશું? નહીંજ. અતી પાક સ્વભાવના પીતાની મતરાજમાં આવી પડેલી આ અબળા એક કઢંગા જવાન સાથે પોતાનો સારો ભવ ધુલ નહીં કરવા ની એક વાજબી જીદથી આજે દેશવટો બોગવતી થઇ પડી છે ત્યારે આપણને જે જોવું અને બોલવું તથા સરખાવુ અને નપાસવું છે તે એજકે એક અબલા છતાં કેલવાયલી હાલતેજ નહીં પણ પોતાની પાકદામન અને ભલી નેમોથી તેણી સઘલા દુઃખો વરચેથી પણ કેવી કુનેહ અને કુષલતાથી કુડી જાયછે.

જો નાનાભાઇ પોતાની આ પુત્રીને પોતાનીજ મરજીના કોઈ પોરીયા સાથે પરણાવવાની ચાંપતી જાસતી અને જોર-દોર ચલાવતો નહીં તો નાણાં આવા હાથે અડકતી ફરતેજ નહીં.

આ એસારો કદાચ કોઈ બુઝર્ગ અને જાતી આપખુદી અને આપમતલબથી પોતાના બચ્ચાને પરણાવનારા વાંચકોને વિચીત્ર કે ઉલટો લાગશે એવો જો મને ખેદ ઉપજે તો તેને મારી છુટા કંનારો સંતોષ એટલેથીજ સાબેત થાય છે કે માબાપોએ પોતાનીજ મરજી કે મતલબ નહી પણ પોતાના બચ્ચાની પણ મરજી મતલબ અને સુખ સગવડ સંભાલવી જોઈએ. આજને કાલ ઢંગધડા કે અંકોષ અંદાજા વગર વીખરાઇ ગયલી-બગડી ગયેલી પરણવાને લગતી સંસારી બાબદ એટલીતો બીકટ બની ગઈ છે કે તેમાં પુખ્ત ઘોર અને સખ્ત ગંભીરાઇની અનંત અગત્ય છે. અલબતાં મારૂ કેહેવું એમ તો નથીજ કે બચ્ચાં જેની સાથે પોતાની મરજી જણાવે તેનીજ સાથે આંખ મીચીને પરણાવી દેવાં નહીં--તેમ તો બનવા દેવુંજ ન જોઇએ. ખચિત તેની લાયકાત કે ગુણની માહીતગારી મેલવ્યા વના માબાપોએ મંજુરી યાત આપવીજ ન જોઈએ; પણ જે માબાપો, લાયકાત કે ગુણ ચાહા કે વફા છતાં, ઘણી વેલા પૈસા કે રંગરૂપ માટે આપખુદી યા આપ મતલબથી બચ્ચાંનાં સુખની સાંમે થાયછે તેઓ જ માટે આવા એસારા અવશ્ય અગત્યનાં છે. માબાપોની મરજી અને મતલબથી બંધાતા એ અણગમતા જોડાનું દુ:ખ કોણને વેઠવું પડે છે?—તે અણમન્યા બચ્ચાઓનેજ. અફશોશ છે કે આજકાલ કંઇક બલકે ઘણાંક માબાપો પૈસા ઉપર, ભભકા ઉપર, દેખાદેખીની દોડ ધામ ઉપર, અને કાજે કરનારા કદંગા મરદ ઓરતોની જુઠ્ઠી જબાનદરાજી ઉપર લોભાઈને-સાંમા પૈસા આપી પોતાના માસુમ વ્હાલા બચ્ચાંઓને (એકમેકને અણગમતાં ખાવીંદ મોહોરદાર તરીકે) કજોડામાં જોડી દઈ સદાનાં દુ:ખના દરીયામાં હોમાયેછે, જે બુરી બદી આજના કેટલાક સુધરતાં પરિવાર મંડલમાં અફશોશ છે કે હજી ટકી અને વધી શકી છે.

પારસી ટોળામાં પરણવાને લગતી બારીક બાબદમાં જે બીગાડ, છગાત, અને ઈતરાત વધી ગયો છે તે બદીનો જરૂરજ નાસ થવો જોઇએ. કાંકે રોકડા ને રીતના દોકડા ને ભીખની, તથા ચામડીના રંગ સાથે બધી શાંખેલીજ માગવાના ઢંગની, શરમભરી માંગણીથી આજે ઘણા ગરીબ અને મધ્યમ તો શું

પણ મોટા મોટા મોટા મંડલોમાં છોકરીઓ મોટી વય છતાં કુંવારી હાલતમાં પડી રહી છે! બારીકીથી જોશોતો હવે એ બદીને બાલીને ભશમ કરવાને સ્ત્રિ કેલવણીજ (સંગીન કેલવણીજ) એક ઉત્તમ માર્ગ છે, કાં'કે જેમ છોકરાઓ કેલવાયછે તેમ તેઓ પણ કેલવાતી જાયછે એટલે રોકડા ને રીતની સાથે ચામડીના રંગના ઢોંગ શોગ કરનારા ધુતારાઓને ધુતકારી કાઢવામેં બાનુંઓ પાસે "કેલવણી"જ એક કૌવતમંદ કારણ થઇ પડશે. માટે મારી નમ્ર શીફારશ છેકે દરેક વાંચકે પોતાની બેહેન કે બેટીને બનતી તદબીરે સંભાલથી કેલવીને કાબેલ અને કુશલ બનાવવી કે જે તેઓના ભવિશ્નના સુખનું એક શ્રેષ્ટ સાથે સલામત સાંધણ છે.

પ્રકરણ ૩૪ મું.

નાજાં ને સાવક એક હોટેલમાં

ગજલ—"ઈસી આતશી ઉલફતને કીયા આગ લગા દી"—રાહ.

જયાં જશો જાણો તમો ડગ વધુ સદા નસીબ;
જે જણો જગે જનમ્યા, તે રડે બધા નસીબ;
રે નસીબ, રે નસીબ,—રડે બધા નસીબ.
છે ઉપાયો સો તણા, તદબીર નહીં તકદીરની;
પુકારે છે જુઓ સદા, શું રાય-ગદા નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ—રડે બધા નસીબ.
સો તણા છુટે પેચો, નહીં એ તણા છુટે;
કોઈનું થયું નથી—ન થાશે કદી નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ,—રડે બધા નસીબ.
જહાનમનાં ઊંડા ગારમાં, જઇ ગર જો તું છુપે;
આવતું થશે નહીં સુણો, કદી વદયા નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ—રડે બધા નસીબ.
કરમ કરે શો કો' ન કરે, છે કેહવત ખરી;
સો થકી છુટશો તમો, ન થાશો જુદા નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ,—રડે બધા નસીબ.
તું હર સીતમ તલવા થકી, કરે લાખ ખોટા કસદ;
નાંખશે તે એક પલમાં, સરવે ઊંધાં નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ,—રડે બધા નસીબ.

આસ તુંજ 'દિલજાન'ની બસ રેહેસે દિલ મહીં;
રાજા રાવણ તણું પણ, નહીં થયું કદી નસીબ.
રે નસીબ, રે નસીબ, રે નસીબ,—રડે બધા નસીબ.

બીજેજ દીવશે તેણી પોતાના માનીતા શાવકની મુલાકાત માટે મેડીકલ કોલેજ તરફ જવા તૈયાર થઇ.

ગાડી કૉલૅજ આગલ ઉભી રખાવી તેણીએ એક કાર્ડપર શાવકનું નામ લખી આપી તે જવાનને બોલાવી લાવવાને ગાડીવાનને તાકીદ કીધી.

થોડીજ મીનીટમાં શાવક અને નાજાંની નજર એક થઈ ગઈ, જે એક થતાંજ આવી અચાનક પણ મોહક મુલાકાતથી બંન્નેના મોંહ ઉપર રતાશ ફરી વલ્યો.

"કેમ છો શાવક" નાજાંએ હસ્તે ચેહેરે શાવકનો હાથ પોતાનાં હાથમાં દાબી પુછ્યું "સારી પખે છો?"

"નાજાં! લ્યાં કયાંથી!" શાવકે ગાડી આગલ આવતાંજ નાજાંને જોઇ અજાયબી દેખાડી "કેમ? શું સમાચાર છે!"

"કંઈ નહીં, શાવક તમો મારી સાથે હોટેલમાં ચાલશો?" નાજાંએ ટુંકમાં ધીરજ આપી. "આપણે ત્યાં વધુ ધીરજે અને વિગતે વાત કરશું."

"ચાલ ત્યારે હું મારો ફેંટો તથા ચોપડીઓ લઈને આવું." એટલું કહી શાવક કોલેજમાં તે ઝડપમાં લેવા ગયો.

શાવકને પોતાની પાસે બેસાડી આપણી વાર્તાની આ મુખ્ય નાયકા તેજ ગાડીમાં પોતાના ઉતારા ભણી ગઇ.

રસ્તામાં તેણીએ પોતાના ભવિષના આ ભલા ભાગ્યાને કલકતામાં પોતાપર પડેલી વિપતીથી માહીતગાર કર્યો. અને હવે તેણીએ કાઇબી રીતે દેશેદેશ એવી દલદેશરી વધુ નહીં દેખવાનો દલગીરી સાથે પોતાનો દ્રઢ વિચાર જણાવ્યો, જે શાવકે તેવીજ દુઃખી લાગણી શાથે શંતાપ અને સાંતીથી સાંભલ્યો.

"શાવક મને કહો" નાજાંએ તેના ચેહેરા તરફ ટીકીને ઘણીજ ઈન્તેજારીથી પુછ્યું. "આ વર્ષે તમે ફત્તેહમંદ ઉમેદવાર ગણાશો કેની?" તેણીએ તેનો હાથ પોતાના હાથમાં લઈ અસરકારક અવાજે કહ્યું. "હું ઇચ્છુંછું કે મારા "નસીબ" ખાતર તમે ફત્તેહમંદ નિવડો. મારા નશીબને રડતાં તો હવે મારૂં જરદરૂપ જલીને હલદ રૂપ—"

"બસ નાજાં, નસીબને વધારે ના રડ" સાવકે તેણીને વધુ દુઃખી શબ્દો બોલતી અટકાવી. "મારી રંજ અને કોશેશનો કુલે આધાર તે કીરતારને હાથ છે. હુંબી ઈચ્છું છું કે કંઇ નહીં તો તારા સુભાગ્યે હું ફત્તેહમંદ નીવડું.

"પણ ત્યાં શુધી હવે મારે કરવું શું ?" નાજાંએ વલી નીસાસો નાંખ્યો "હું હવે કયાં જાઉં ? મુંબઈમાં તો એમ મારેથી રેહેવાઈ શકાય નહીં. એક સુચના છે અને તે જો તમે સોભા ભરી સમજતા હોવો તો તેમા તમારી સલાહ અને સહાયતાની મને જરૂર છે."

"મારેથી જેબી બનશે તે હું ખુશાથી બજાવીશ" સાવકે સંતોષભર્યો સધીયારો આપ્યો "પરીક્ષાને ચારજ મહીના બાકી છે, તેટલાં તું ધીરજ ધર. તારા પીતાના પેલા દોસ્તો માટે તો તારા બાપની હવે ખાતરી થઇ છે. હવે તેવણ પસતાય છે એટલાજ એસારામાં તું સમજી જજે.

"શું શું શાવક !" નાજાંએ તુરત અધીરાઇથી કહ્યું. "એનો બર ખુલાસો કરો. હું તે જાણવાને માટે તો અહીં સુધી આવી છું."

"નાજાં, એ બીનાં લાંબી છે અને હું તે સર્વ બીજી વેલા કહીશ." શાવકે વાત ઉડારી "તારા પીતાના તે ત્રણે દોસ્તો-વેસધારી સાધુઓ—પોતાની ખરીં ખામીભરી હાલતમાં ખુલ્લા થયા છે, એમ મેં સાંભલ્યું છે. હું ચોકસ ખબર મેલવી તુંને માહીતગાર કરશ, તેટલાં હવે તું કયાં જવા માંગેચ તે કેહ."

"કરાંચીમાં જે કુટુંબ શાથે તમોને ઘણોજ ઘરોબો છે," નાજાંએ મરજી જણાવી "ત્યાં મારો વિચાર કશી નોકરીએ તો નહીંજ પણ હવા ફેરબદલ કરવા ખાતેર, તમો પસાર થાતા તેટલો વખત, જવાનો છે."

"ઠીક છે નાજાં" સાવકે ખુશાથી તેનો બોલ ઉપાડી લીધો. "હું કાલે ચીઠી લખી આપીશ, અને સર્વ જોઇતી સગવડો કરી આપીશ." "પણ હા શાવક" નાજાંએ વિચારવંત ચેહરે સવાલ કીધો. "એમ હું ચાર માસ સુધી એકલી રહું તો મારે માટે તેઓ શું ધારેશે ? તારા અને મારા વચ્ચે શું સગાઈ છે તે તેવણ જાણવા ચાહે તો હું શું સંતોષકારક જવાબ આપીસ ?"

"નાજાં તું બેફીકર રેહેજે" સાવકે દીલાસો દીધો. 'તેવણની ગુલબાનું નામની એક બેટી છે તેણીને સરસ લેશવર્ક વિગેરે ઊંચું ભરત કામ શીખવાનો ઘણોજ શોખ છે, અને તેણી આગલ બીજું કોઇ નથી, માટે હું મારા મીત્રને તારે માટે એમ જણાવીશ કે એવણ હવા ફેરબદલ પણ કરી શકશે અને તેના હેસાનમાં ગુલબાનુંને જોઈતી ચીજો શીખવી પણ શકશે. તેઓ જાણે છે કે હું તારી સાથે:—

"અદરાયલો છું" નાજાંએ શાવકને આગલ બોલતો અટકાવી તેનો વાકય પોતેજ પુરો કીધો. "ઠીક છે સાવક, ત્યારે હવે પેલા ત્રણ જણાઓ માટે ચોકસ ખબ્બર કાઢી મને વાકેફ કરજો ને કાંલે ચીઠી લખી લાવી મને તમારા ભલા આશિષ વચ્ચે રવાના કરજો, કે એ ચાર માસ પુરા કરી હું મારા હીણુ ભાગ્ય નસીબમાંથી સુભાગ્ય બની શકું; કાં'કે બધો આધાર તમારી ફતેહ ઉપરજ ટીંગાઈ અને તણાઈ રહ્યો છે."

પ્રકરણ ૩૫ મું.

"બીલચર ફેમીલી."

"મરિયાદા મુકે નહીં, સજ્જન લડતાં કોય;
જેમ કુળવંતી નારનું હસવું હોઠે હોય."

કવિ "દલપતરામ."

બીજેજ દીને, સ્ટીમર "ઇરાન"માં સ્વાર થઇ નિર્દોષ નાજાં કરાંચી ઉપડી ગઇ!

ગરીબ છોકરી! મોટા મુર્ખ બાપને ત્યાં જન્મ લઇ તેં શું સુખ જોયું? તારી કાચી કોમળ વય અને ખીલતી જવાનીમાં, અનેક આશા અને ઉમેદની ભરેલી તારી સરજતને આધીન થઇ તું કયાં કયાં ભમીછે? કયાં કયાં અથડીછે? કયાં કયાં ન્હાશતી-સંતાતી ફરીછે? તું જયાં જયાં જાયછે ત્યાં ત્યાં દુઃખ તારી પાછળનું પાછળ દાસું વકારી દોડતું ફરે છે! સંસાર! સંસાર!! તારાં સુખ દુઃખો અથાગ છે; તારી માયા મિથ્યા છે; તારી પ્રીતિ પોકળ છે; તારી આશા આંધળીછે: તારી નેમ નાશકારક છે! પૈસો તારો પાયો છે--જર તારો જીવછે! હા! જો એમજછે, તો સેંકડો અનાથો પોતાનાં વ્હાલાઓનાં વ્હાલને વેરઝેરી વમળમાં બદલાવી

દઈ સંસાર સમુદ્રનાં ખેદકારક ખડકપર લાધે--લધાવે તો તેમાં આશ્ચર્ય કારક શું છે? આપણી નિર્દોષ નાજાં પણ જગતનો તેજ કમનસીબ ભોગછે. જેતેને આ ભવસાગરમાં ભોગવવો પડેછે!

સ્ટીમર "ઈરાન" મુંબઈથી ઉપડેલી ત્રીજે દહાડે કરાંચી જઈ પુગી. એટલા અરસામાં નાજાંને પોતાનો વખત કાઢવો ભારી પડયો નહિં. નીતિમાન નૉવેલોની તેણી ઘણી શોકીન હતી, જેથી ઈંગ્રેજી ચુનંદી વાર્તાઓની ચોપડીઓ હરદમ તે પોતા સાથે રાખતી હતી. અગત્ય કરીને પોતાની રખડતી હાલતમાં તેણીને આ "ફુરસદનો સાથી" ઘણોં આવકાર દાયક થઈ પડતો હતો. વળી પોતાની "કેબીન"માં વારતાઓ વાંચીને વખત પસાર કરવા ઉપ્રાંત સ્ટીમર પરનાં કેટલાક મળતાવડા સ્વભાવનાં ઈંગ્રેજ ગ્રહસ્થ તેમજ બાનું ઉતારૂઓ સાથ તેણીને મળી જતાંવાર લગ્યો નહિ. સ્ટીમરમાં પારસી ઊતારૂઓ તરીકે ત્રણ જુવાનીયાઓ હતા, જેઓ મુંબઈથી ગરમીની રજાનો લાભ લઈને પોતાના કોઇ કરાંચીવાશી મિત્રને ત્યાં "બે દાહડા" પરોણા ઉતરી પડતા હતા. એ ત્રણે જણા સુધરેલા વિચારનાં અને મોજીલા જણાતા હતા. નાજાં એક દહાડે સવારનાં પોહોરમાં પોતાના પેદા કરનારની સ્તુતીમાં એક ઘણુંજ અસરકારક ગાયણ પોતાના કોમળ કંઠે "કેબીન" માં ગાતી હતી, જે એક ગાયણની શોકીન યુરોપ્યન લેડીને કાંને પડવાથી રાતના ખાણાં પછી તેણીએ તે વિષે ફરમાસ કરી અને પેલા પારસી જવાનોએ તેમજ બીજા યુરોપિયન ગ્રહસ્થોએ તથા સ્ટીમરનાં કપતાને ટેકો આપવાથી નાજાંથી ના પડાયું નહિં. તેણીએ નીચલું ગાયણ એવાતો જોસ્સાદાર આવભાવથી ગાયુંકે ડુટક પરનાં ખલાશીઓ વટીક દોડીઆવ્યા અને સર્વ કોઈ 'આફ્રીન'-'આફ્રીન' કરવા લાગ્યા.

પીલુ પદ-તાલ દાદરો*

(રાહ)-"કાહેરૂસે બાલમાં મોરાં-ખેંચીરે કમાન"

"રૂઠ નહીં રાજ અરે, ઓ પરવર દિગાર!
છું હું ત્હારી ગુનેહગાર—રૂઠ નહીં—ટેક.
પાંખ નથી આઊં ઊડી, વાટ વિના જાઉં બુડી;
બાપ પ્રતિપાળ તુંજ આસરો દેનાર-રૂઠ નહીં. ૧

---

* આ ગાયણ મારા મીત્ર મી. દા. એ. તારાપોરવાલાની કાબેલ મન શક્તિનું પરિણામ છે. જેને અતરે જગા આપી મી. તારાપોરવાલાની એ મનપસંદ જોડણી તરફ પ્રસંસા બતાઊં છું. "સોરાબ."

ઈશ ! જુઓ શીશ નમ્ર થઈ અહીં નમાઉં છું;
દર્દ દુઃખ માહે મને કર ન ગીરફ્તાર:—રૂઠ ૨.
રોષ જગત-તાત કર ન નાર નિરાધાર છું;
દાદ મને દે અરે ઓ દાદનાં દેનાર—રૂઠ ૩.
પાપ, તાપ, શ્રાપ, પરિતાપ, કાપ, આપ તૂં;
આપ,થાપ લઈ અલાપ અગ્રથી ઉગાર—રૂઠ ૪.
દાદ આ "દિલજાન"ની તું લે હવે ઓ દાદગર!
પ્રીતથી પુકાર કરૂં તારિ પરસ્તાર—રૂઠ ૫.

નાજાંના ગાયણ ગાઈ રહેવા પછી એક યુરોપિયન લેડીએ, હિંદમાં ૧૭ વરસ પસાર કરનાર બાનુંએ, એક હિંદુસ્થાની ગઝલ ગાઈ ! જે તેણીનાં ઠીક ઉચ્ચારો અને પારકી ભાષા તરફની પસંદગી કાજે એટલી વખણાઈ કે તેટલી ફત્તેહમંદ પોતે ઉતરેકે નહિં તે વિષે નાજાં પોતે સારો કંઠ ધરાવવા છતાંશકમંદ રહી.

પેલી યુરોપિયન લેડી જેણીનું નામ મીસીસ મેબલ કરી હતું તેણીને નાજાંએ ગાયલું ગાયણ એટલું બધું પસંદ આવ્યું કે પોતે સ્હેજસાજ ગુજરાતી જાણતી હોવાથી તે તેણી પાસ લખાવી લીધું અને કરાંચીમા પોતાના ભાઈને મલ્યા પછી જયારે પોતે પોતાને વતન (વેલાત) જશે ત્યારે પોતાનાં વ્હાલાંઓમાં મગરૂરી સાથ તે ગાશે એમ જણાવી નાજાંને બેવડી હરખમંદ કીધી.

પણ મીસીસ મેબલ એટલુંજ કરીને રહીનહિં. કરાંચીમાં નાજાં કયાં ઉતરશે અને ત્યાં કેટલાક દિવશ રેહેશે તે વિષે પુછપરછ કરી પોતે તેણીને મલવા આવશે એમ જણાવ્યું. ટુંકમાં, નાજાંને મીસીસ મેબલ સાથ થોડા કલાકમાં મોટી મિત્રતા બાઝીગઈ !

સ્ટીમર કરાંચી પુગી. નાજાં જે લાયકીવાલાં કુટુંબને ત્યાં હવાફેર સારૂ પહરોણી ઉતરનાર હતી તે આખું કુટુંબ તેણીને ઠેઠ સ્ટીમરવેર અતી હરખથી લેવા આવ્યું અને ધારવા કરતાં પોતના પ્રીય સાવકની કૃપાથી પોતા માટે મજકુર કુટુંબ પર વધુ અસર થયલી જોઇ નાજાં મનમાં ઘણી મગન થઈ.

જે કુટુંબમાં નાઝાં ઉતરનાર હતી તે કુટુંબ કરાંચીમાં ઘણું લોકપ્રીય માતબર અને પેહેલ્લે દરજ્જેનું હતું. એક ન્હાનાં બાલકથી તે ઘરડાં વેર સરવે કોઈમાં "પીલચર ફેમીલી" ને નામે તે ઘણું જાણીતું હતું. એ કુટુંબના વડીલ પીરોજશાહ પીલચર ત્યાંના એક આગેવાન શેહરીનું માન પામતા હતા, તેમજ સરકાર દરબારમાં પણ તેમને સારો વઝવશીલો હતો. એટલુ છતાં, આજના માનમાગુ શેઠિયાઓનાં કાંઈક "ખાંન સાહેબ" કે "બોલ સાહેબ" યા 'સી. આઇ.' કે "સી. આઈ. ઈ." (?)નાં જાહેર ચીકાસદાર માનોનાં લોભથી તેઓ ઘણાં દુરનાં દુર રેહતા હતા. નામદાર સરકારે એકવાર તેમને 'ખાનબહાદુર'નો ખેતાબ આપવાની ખાહેશ જણાવી હતી. જે તેવણે નાં પાડવાથી બીજેજ વરશે નામદાર માહરાણીની શાલગીરેહનું ટાંકણું સાંધી સી. આઇ. ઈનો "ટાઇટલ" આપવા ચાહ્યો હતો, પણ તેણી મોટાં મનનાં આ માતબર શેઠિયાએ માન સાથ નાં પાડીને મનની મોતબરી તેજ ખરી મોટાઈ છે એમ સાબેત કરી આપ્યું હતું. પીરોજશાહ પીલચરનો આ વખાણવાજોગ ખશાશ નાઝાંથી અંજાણ્યો ન હતો. મુંબઈમાં પોતાના પ્રીય પ્રીતમ જોહેનો પ્રીત ભરી મુલાકાત લેતા સાદા સાલકે સાદા શબ્દોમાં પીરોજશાહ શેઠની આ વાજબી મગરૂરી તેણીને વિસ્તારથી સમજાવી હતી અને એવા એક ભલા ગ્રહસ્થને ત્યાં પોતાની પરમ પ્રીયાને મેહમાન ઉતારવામાં એક લેખે સ્યાણા સાલકે પોતાને માન લિધાનું હતું

નાઝાં બેજ દિવશમાં "પીલચર ફેમીલી"માં નવી-જુની થઇ ગઈ. કુટુંબનીજ એક બાનું હોય તે મિસાલ તેણી પોતાનાં મલતાવડા ખવાસથી પીરોજશાહ પીલચરની બે બેટીઓ ગુલ અને પીરોજ સાથ એવી બેળાઈ ગઈ કે એક વાહેત જોનાર નાઝાંને પીરોજશાહની ત્રીજી બેટી વિચારે એમાં શક ન હોતો.

ગોલાબ જેવી ખુબસુરતી ધરાવનારી "પીલચર ખાનદાન"ની આ બે સુંદર નાઝનીનો નાઝાંની છક કરી નાખનારી "બ્યુટી"થી હેરત થઈ ગઇ. પીરોજશાહ પીલચરને પેટે બેટાનું ફરઝંદ હતું નહીં. તેમની દોલત તે આ બે દીકરીઓ હતી જેથી પોતાની સર્વે મીલકત એ બે ભાગ્યશાલી બેટીઓનાં નામપર કરી કુદરતની સરજતપર સંતોષ બતાવ્યો હતો.

તેઓ ઘણાજ દયાળુ ખવાશનાં ભલા અને ભોળા ગ્રહસ્થ હતા. સ્ત્રી કેળવણી અને સંગીન સુધારાના તેઓ એક હિમ્મતવાન હિમાયતી હતા. પોતાની મનોહર બેટીઓને ઊંચા પ્રકારની ઈંગ્રેજી કેળવણીથી તેઓએ બેનશીબ રાખી નહિં હતી. સ્કુલ ઉપ્રાંત એક મડમ શીક્ષક તેમને ઘેર શીખવવા આવતી હતી. ગુલ અને પીરોજા, સદગુણ એ સ્ત્રીનો કેવો અનમોલ સણગાર છે તેની ગોયા પ્રતિમાં હતી. બંન્ને બ્હેનોમાં સંપ, સુલેહ અને માત-પિતા તરફની તાબેદારી, ગરીબે તરફની માયાળુ લાગણી, દરેક માણસો સાથ વિવેકી વર્તણુક એ સર્વ સંસારી સદગુણો એવા અચુક આકારમાં સમાયલા તેમજ સચવાયલા હતા કે ગુલ અને પીરોજામાંથી એ સરલ સણગારો માટે કોણને પેહેલ્લો દરજ્જો આપવો એ મુસ્કેલ કામ હતું. કરાંચી જઈ પુગા બરાબર નાજાં "પીક્ચર ફેમીલી"ની આ બે મનોહર મુરતીઓને કેવી ઉમદા તાલીમ મલેલીછે તે પ્રગટ પીછાંની શકી એવા ખાંનદાંનની પહરેણી થવા કાજે તેણી પોતાને ભાગ્યશાળી સહમજતી હતી.

પ્રકરણ ૩૬ સું.

નાજાં કરાંચીમાં.!

પાક મારા પ્યાર પર મેં રેહતાં વફા,
ખમિચ ને ખમીશ હું હજી જફા.

નાજાંનો ખુબસુરત ચેહેરો, નિરદોષ દેખાવ, અણીયારૂં નાક, સિધ્ધું સરોવર જેવું દમામદાર કદ અને ટેકદાર જોબનવંતી જવાનીજ એવી આકરષણિક હતી કે પેહલીજ નજરે એક નવો જોનાર તેણીને જોઈને અંજાઈ જાય. આપણી વારતાને દરમ્યાન કેટલાબધા જવાનોને નાજાને જોતાંજવાર બેતાબ બનેલા આપણે જોયાછે? એ સરવે શું બતાવેછે? નાજાંની બેહદ ખુબસુરતી અને બીત્તરના સદગુણોનો છાપ, તેણીની ખરી કીંમત કરાવે છે. ગોલાબ જેવી ગુલ અને પીરોજાની ખુબસુરતી નાજાં આગલ કંઈક દરજજે ઝાંખ મારતી હતી.

જે આલા મકાનમાં પીરોજશા પીલચર પોતાનાં કુટુંબ સાથ વસ્તા હતા તે મકાનનું નામ "પીલચરવીલા" કરી હતું. એક મેહેલ સમાનતું આ મકાન બાદશાહી ઠાઠથી સણગારેલું હતું. નાજાં જેવી દાખલ થઇ તેવીજ તેણી જોતાંવાર દંગ થઇ ગઈ. પોતે પણ એકવાર પોતાના પિતાને ત્યાં એવોજ શેહેનશાહી ઠાઠમાઠ ભોગવ્યો હતો, એવાજ મખમલ અને અંતલશનાં કોચ વાપરયા હતા, પણ તેણીએ પેહેલ્લેજ દેખાવે કબુલ કીધું કે જે દમામ માં આ "પીલચર ફેમીલી"નો "પીલચર વીલા" સણગારેલો છે તેથી દસ ઘણે ઉતરતે દરજજે પણ પોતાના પિતાને ત્યાંની રચના આવી શકે નહિં!

માતબર અને મોજીલી જીંદગીનું કુદરતી કરજ કોણને નથી ભરવું પડતું ? પીરોજશાહ પીલચર પણ તે "કરજ અદા" કરતા હતા. માતબરોમાં ઓઘે ઉતરેલો નાપાક નજલો તેમને પણ પોતાનો ભોગ બનાવી ચુકયો હતો. નાજાં જે દીને કરાચી જઈ પુગી અને સરવે છોકરાંઓ તેને લેવા સારૂ સ્ટીમરપર ગયાં તેની આગલે દહાડે વલી નજલાનું જોર ઉભરી આવ્યું હતું જેથી ખુદ પોતે છોકરાંઓ સાથ તેઓ જવા ચાહતા હતા તેમ બની સકયું નહિ. નાચારીએ તેઓ ઘરે રહ્યા. નાજાં આવી તે દહાડે નજલાનો હુમલો સ્હેજ નરમ હતો, પણ બાહેર નીકળાય તેમ ન હતું

નાજાંને લેવા સારૂ લુસી આયા સાથ ગુલ અને પીરોજા ગયાં હતાં અને પીરોજશાહ શેઠનાં ઘણીઆણી આલીબાઇ જેવણ પોતાનાં ભલા ભરથાર જેવાંજ માયાલુ હતાં તેવણ પોતાના ખાવિંદની પાસે રહ્યા. નાજાં આવી પુગતાંજ દરવાજા આગલ તેઓએ તેને હસતે મુખડે આવકાર આપી કોઠી કીધી અને ઉપરનાં "હૉલ"માં લઇ ગયાં. પીરોજાએ દુરથીજ 'હોલ'માં દાખલ થતાં એક મખબલની ખુરશીપર બેઠેલા ગ્રહસ્થને પોતાના પીતા તરીકે ઓલખાવ્યા.

નાજાને દાખલ થયલી જોતાંજ પીરોજશાહ શેઠ ખુરશી પરથી ઉઠી ઉભા થવા ગયા, પણ નાજાંને તેમની તબીયેત વિષે ગુલને મોહડે ખબર પડેલી હોવાથી તેણીએ ઝડપ્રુ પગલે આગલ

વધી તે માનવંત ગ્રહસ્થને પોતાને આંટલું અસાધારણ માન આપતાં અટકાવી પોતાનો કોમળ હાથ તેમનાં હાથમાં આપતાં વધારયુકે—'કંઈ નહી બાવા આટલો તશદી નાં લેવો; મને તમારી બે ભલી બેટીઓમાં ત્રીજી સમજવી. ગેઇ કાલથી તમારા તંદુરસ્તી લગાર નાદુરસ્ત છે એમ બેહેન ગુલાંથી જાણી ખચિત દલગીરંછું.' એમ કહેતાં નાજાંએ પડોશનીજ ખુરશીપર જગ્યા લીધી.

"બેશો--બેશો, નાજાંમાય," નાપાક નજલાની એક છુપી ફલતર ખમી ખુરશીમાં ગોઠવાતાં પીરોજશાહે નાજાંને આવકાર આપ્યો. "મારાં ગરીબ મકાનમાં તમારી માન ભરેલી પધરામણી કાજે હું મગરૂર છું. મારા લાયકીવાલા દોસ્ત સાવકશાહના વિગતવાર પત્રથી હું સરવે વાતથી માહીતગાર થયો છુ, અને ભવિષમાં તમારી સ્ત્રી--ભરથાર તરીકેની પાકપ્યારની પાક પસંદગી કાજે હું તમને મુંબારકબાદી આપવાની પેહેલી જોગવાઇ હાથ કરૂંછું. નાપાક નજલો તો મોજીલા માતબરોનો એક વગર નોતરેલો પરોણો છે અને એ કંટાલા ભરેલાં દુ:ખથી વરશોથી હું બેજોર થતો આવ્યોચ, માટે મને તેની નવાઇ નથી; તોબી મારી તંદરોસ્તી કાજે તમારી કાળજી ભરી લાગણી જોઈ હું તમારો ઊપકારીછું. આએ મકાન તમારૂં પોતાનુંજ સમજજો. હું અને મારી ધણીઆની આલીબાઇ તમોને અમારી બે બેટીઓમાં ત્રીજી ગણીશું. તમારી તંદરોસ્તી પુરેપુરી સુધરે, તમારા સાવક, ડાકટરની પરિક્ષા પસાર કરે અને તમોને અહીં લેવા આવે ત્યાં સુધી મારાં મકાનના દરવાજા તમારી મેહેમાનદારી માટે ખુલ્લા રેહશે. મારી ગોલાબ બેટીઓ ગુલ-પીરોજા તમારી સંગતમાં, ખોહશે નહિં તેટલું મેલવશે, એમ માનવાનો શંતોષ છે. હું એટલુંજ ઈચ્છુંચ કે તમોને આંહીની હવા માફક આવે."

"પીરોજશાહ શેઠ," નાજાં નમીને હેશાનમંદ ઉભરાથી બોલી. "મને તમારાં આલા રીતે આરાસ્તા કરેલાં મકાનમા આજે જે આવકાર મલ્યો છે, તે હું મારી જીંદગીનાં છેલ્લા દિવસ સુધી ભુલનાર નથી. આપ સમાન એક મોટા માંનવંત ખાનદાનની મેહમાન થવા કાજે હું પોતાને અત્યાર અગાઉની ભાગ્યશાળી સમજી ચુકીછું. શાવક સાથનાં મારા પાક પ્યારના બંધણે

મને તમારાં આ મેહેલ જેવાં મોતેબર મકાનમાં આજે લાવી નાખીછે, કે જેને સારૂ હું જેટલી મારા તે ભવિષનાં ભરથારને તેટલીજ તમોને અને તમારાં લાયક કુટુંબને આભારી છું. મારાં હાલની હાલત અને મારી આગલી સ્થીતી જો કે આસમાન જમીનનો ફેર બતાવેછે, તેમ છતાં, મને એટલી છાજતી મગ રૂરી તો લેવા અને કેહવા દેસોકે તમારી પાકજાદ બેટીઓ જેવા લાડ અને પ્યારમાં ઉછરેછે, જેવું મોભાદાર બાપની બેટીઓનું માન પામેછે, તેવાજ લાડ, પ્યાર અને ફરજંદનુ માન હું એક વાર પામતી હતી. હું એક ઊંચા કુલનું ફરજંદછું અને એક જુનાં તેમજ જાણીતાં ખાનદાનથી ઊતરેલા આબરૂદાર બાપની બેટીછું, પણ દોરંગી દુનિયાંના ફરતાં ચકરોમાં જેજે કમનસીબ જીવડાઓ કચડાયછે, તેવા અભાગ્યા જીવોમાં હું પણ એક છું. મારા ઊંચા કુલ માટેની મેં તમને આપેલી આ પ્રમાણીક ખાત રીને મારી તુંદાઈ કે મગરૂરી સમજવાનો મને ગેર ઈનસાફ કરશો નાં. જેટલી તમારી બેટીઓ પોતાના કુલને માટે મગ રૂર છે તેટલીજ હું છું; પણ મારા ફુટેલા નસીબે એક ખરા લાયક જવાન પરની મારી પાક પશંદગીને પઈસાપર લલચાઈને મારા પાજી સ્વભાવના પીતાએ, ઉધરતી જવાન ને જોબનવંતી આશાઓને સદાની કચડી નાખીછે. મારી એ દુઃખદાયક કાંહાંણી હું ફુરસદે તમને વીગતથી કહીશ. હાલ તો હું મારી સફરથી થાકી ગઈ છું જેથી મને રાહતની ઘણી અગત્ય છે.”

પીરોજશા પીલચરે નાજાંને ઘણો દિલાશો આપી ગુલ તથા પીરોજા સાથે તેણી સારૂ ખાસ આરાસ્તે કરાવેલા એક ઓરડામાં કપડાં વિગેરે ઉતારી આરામ લેવા મોકલી અને તેણીની પ્રગટ બાહોશીપર તે ભલા ધણી-ધણીઆણી ચકીત થઇ ગયાં.

પ્રકરણ ૭૭ મું.

પીરોજશાહ પીલચરની શાલગરેહ.

“જુવાની લ્હારો રખે બ્હાર બળતો !
સખીનો રખે કોઈ ભંડાર બળતો !
દુ:ખોથી રખે કોઈ દાતાર બળતો !
રખે નારનો નેક અવતાર બળતો !

(“નેક ખસ્લત તેહમિના”—“ફિરોઝ”)

નાજાં તો કરાંચીમાં નવીજુની થઇ ગઇ. કરાંચીમા આવ્યાને એક માસ વહી ગયો છે જે અરસામાં નાજાંની મદારત કરવામાં કંઇબી કસર કે કસુર કરવામાં આવીજ ન હતી. તેણીની સગવડો સાચવવા અને સંભાળવા જેટલા પીરોજશાહ અને તેમનાં આલીબાઈ ખંતી હતા તેટલીજ કાલજી અને કોશેશ ગુલ અને પીરોજા ધરાવતાં હતાં. બન્ને બ્હેનોમાં પીરોજા, નાજાં સાથે વધારે પ્રીતીથી પલોટાઇ ગઈ હતી—જોકે ગુલની સેવા કોઈબી રીતે ઊતરતી ન હતી.

આ સુખી કુટુંબમાં નાજાં પોતાનું દુઃખ વીસરવા પામી હતી જેથી તેણીની લગાર કરમાયલી ખુબસુરતી દીન પ્રતી દીન વધુ ખીલતી અને તેજદાર થતી ગઇ. નાજાંને માટે ગુલ પીરોજાની માનીતી દાસી લુસીને તેણીની ખાસ ખીદમતમાં રાખી હતી અને એ રીતે નાજાં જાણે પીલચરનીજ બે બેટીઓમાં એક ત્રીજી હોય તે મિસાલ એશ આરામમાં દીવશો ગુજારવા લાગી. તેણી ઉઠતાં, બેસતાં, ખાતાં પીતાં, સુતાં, જાગતાં, વારંવાર બસ એજ દુવા અંતઃકરણથી ચાહતી હતી કે "મારો શાવક આવતી પરીક્ષામાં ફતેહ સાથ પસાર થાય"

મોજ મજાહ અને એશ આરામમાં નાજાંના દીવશો જોકે પસાર થતા હતા એમ છતાં તેણીની ઉદયોગી આદત આલસુ થવા પામી નહી હતી. ગુલ અને પીરોજા "ફ્રેનશી લેશ વર્ક" "ઇગ્લીશ મ્યુઝીક"ના શોકીન હતા, અને જેમ વાંચકને રોશણ છે તેમ આપણી નીતિમાન નાજાં આ બે આલા હુંનરમાં કંઇ અભણ કે અંજાણ ન હતી પોતાપર થયેલાં એ પરમાર્થી પરીવાર મંડળના પરોપકારની યાદ, તેણીની પાછલ પણ યાદગાર રેહે એવા હાવભાવથી પોતે જેટલી હદસુધી એ બંન્ને બાબદની નામીચી કેલવણી લીધી હતી, તે ખુલ્લાં દિલથી, તન મન કસીને, તેમને શીખવવા માંડી હતી, જે સઘડું ચંચલ જોહેનની તે બન્ને ચતુર બ્હેનો, નાજાં પોતા સારૂ કેટલી ઝેહેમત ખેંચે છે તેની કદર બુજીને ઘણી ખંતીલી ચોંપથી તે શીખી લેતી હતી. એ રીતે ખરેખર બોલ્યે તો નાજાં પીલચર ફેમીલીમાં એક નામનીજ નહી પણ કામની પહરોણી થઈ પડી હતી.

નાજાંનું પેહેલુ પખવાડીયું તો કરાંચીની જાહેર જોવા લાયક જગ્યાઓ વિગેરેની મુલાકાત લેવામાં પસાર થઇ ગયું હતું, પણ તે પછીના બીજા પખવાડીયામાં શેહેનશાહી પારસીઓના નવા વર સનો દીવસ આવ્યો, જે શુભ દીવસ, પીરોજશાહ પીલચરની શાલગરેહનો પણ ખુશ દીન હતો. દરવર્ષ એ હર્ષ ભર્યા દીગામ ઉપર "પીલચર વીલા" પુર ધામ ધુમી ધગાલથી ધમધમી રેહેતો હતો. પણ આ વખતે તો પોતાની માનીતી મેહેમાનના માનમાં બેવડા ઉમંગ અને હરખ સાથ એ ખુશબખ્ત દહાડો પસાર કર વાનો તે ભલા ધણી ધણીઆણીએ ઠેડાવ કરી નાજાંની પોતાના સઘલા સ્નેહી અને સગાંઓમાં પીછાણ કરાવવાના હેતુંથી, "ઇવ નીંગ પાર્ટી"નાં નોત્રા જાહેર પડયા હતા.

ધારેલો દીવસ આવી પોહોંચ્યો. પારસી પતેતીનો યાને શેહે નશાહી ટોલાના નવા શાલનો સુભ રોજ પૃથ્વિની સપાટીપર રજુ થયો. સર્વ ખુશખુશાલ દેખાતા હતાં. પોતાના માન કાજેજ, રાખેલા કરતાં, વધુ ધામધુમ થનારી જોઇને નાજાપણ હરખમાં હરતી ફરતી હતી. પોતાના લોભી બેકદર બાપનું આસરાવંત મકાન છોડયા પછી આજેજ તેણીએ પેહેલ વેહલો ભપકો કીધો હતો. સુંદર ગોલાબી ઓઝરીયુ તેણીના રતાશદાર રૂખસાર પર દીપી નીકલ્યુ હતું, અને તેણી પાસેનું સાધારણ ઝવેરાત સાથે સાદો પણ સુંદર કપડાનો પોલકો તેણીની ખુદરતી મનોહરતામાં બેવડો વધારો કરી રહ્યાં હતાં. પોતાના પીતાનું ઘર છોડયા પછી સુખનો દહાડો તેણીએ આજેજ પેહેલો જોયો હતો, જોકે તેણીના નાજુક અંતકરણમાં દુઃખના ડાઘ તો મોજુદ હતા.

"પીલચર વિલા"માં બામદાદથીજ ધામ ધુમ ચાલી રહી હતી. પ્રથમ તો નાહી ધોઈ સર્વ કોઇ બંદગીમાં મશગુલ થયાં, અને તે બાદ ચાહે નાસતો કરી ગુલ પીરોજા ખાનાપર બેઠાં. નાજાં તેમને જોઈતી "હીન્ટ" આપતી હતી. પીરોજશાહ એક લાંબી ઇઝીચેરપર લેટી હાથમાં કેરબાના મોટા દાણાઓની એક "તસ બીર" લઈ જમણા હાથના બે પેહેલાં આંગલાની મદદથી ફેરવ ફેરવ કર્યા કરતા હતા. આલીબાઈ તેમની પાસેજ એક કોચપર બેસી કુમસા કારભારીને તે દીવસનાં ખાણાની વરદી આપતા હતા.

"દિકરી પીરોજા" પીરોજશાહે પાનાની ગમત થોડોવાર ચુપચુપ મેલવ્યા પછી એકાએક કંઇ યાદ આવ્યુ હોય તેમ કહ્યું "આજના ખુશ બખ્ત રોજે તમે હજાર રમત-ગમત કરો, મગર આપણા હીરાજી વગર બધુંજ સુનું જો? હું ઇચ્છુંચ તે આજે અતરે હોત. આટલું લખ્યા છતા એ છોકરો અંતે નહીંજ આવ્યો!"

"બાવા" પીરોજા બોલી "મને લાગેછ કે હીરાજી આજે આવ્યા વગર રેહેનાર નથી. પાંચસાત દીવસપર તેવણનું મારી ઉપર કાગલ આવ્યુ હતું તેમાં "તેવણ જરૂરજ આજે કરાચી હાજર રેહશે" એમ લખેલું હતુ. હું ધારૂચ કે કદાચ નહી ધારેલી રોકાણે તેવણને રોકી રાખ્યા હોય."

"અરે પણ તે તો બધું ખઈ" પીરોજશાહ હવે નાજા તરફ ફરીને બોલ્યા "આપણાં નાજાંમાય આપણા હીરાજીને પીછાણુતા નથી, તેથી આપણી ફરજ છે કે આપણા મેહેમાનને એ લાયક જવાનની લાયક પીછાણથી અંજાન રાખવાં જોઈતાં નથી. નાજાંમાય, વિવેકનાં તરીકાથી ઉલટીરીતે, તમો નહી પીછાનો તેવા ગ્રહસ્થ વિષે મેં તમો સનમુખ મારી બેટીઓ સાથે વાત કીધી તેથી દલગીર છું પણ તમોને હું મારાં એક બચ્ચાંજ બરોબર ગણુંછું, તેથી મારાં એ છુટાપણાને તમો છાજતું વિચારશો. મી. હીરાજી, મારી પીરોજાનાં હાથનો એક ઉમેદવારછે અને એ ખુબસુરત ચંચલ જવાનમાં એટલી બધી અદબ, અદા જોઊંછું કે મારી બેટીનાં ભવિષનાં ભરથાર તરીકે મેં એ જવાનને રોકી-ટોકી મુકયોચ. પીરોજા શાથે ઘટતીજાં લાયકાતમાં છાજતીજ છુટથી ફરવા-હરવાની મેં તેને તેમજ પીરોજાને પરવાનગી આપીચ. હું જોવા માંગુચ કે થોડી મુદત સુધી એ બન્ને એકમેકના સદગુણની તપાસ કરે અને જો બન્ને રાજી થાયનો મારી મરજી છે કે હું તેમની ભલાઈ જોઊં. મારે કરતાં આલીબાઈની એ બાબદમાં વધારે આતુરતા છે. મારી દલગીરી એટલીજ છે કે એ લાયક જવાન આજે આંહાં નથી. તે પોતાના એક અગત્યના કામસર કરાંચીથી બ્હાર ગામ ગયો છે.

"મારા તરફની તમારી ભલી લાગણીનો પ્રથમ ઉપકાર માની" નાજાંએ નમનથી કહ્યું "તમારા લાયકીવાલા કુટુંબ

ઉપરાંત એક ઘણાં લાયક જવાનની પીછાન કાજે હું બેહદ ઉપે કારીછુ. દરેક માબાપો એવાજ હોજો."

"પીરોજા" નાજાંએ પીરોજા તરફ ફરીને કહ્યું. "તમારા ભવિષનાં સુખી જોડાણુની હું સર્વે ફતેહ ઇચ્છુંછ અને જે ભલી ચાહ્યા માયાવાલું શીરછત્ર તમારે માથે છે તેવુંજ આરામ વાલુ છત્ર તમને ખાવીંદનુ મળે એજ મારા અંતકરણનાં આશિષ છે."

હજુ તો નાજાનાં આ ભલા આશિષો માટે પીરોજા ઉપકારના સખુનો બોલે, હજુતો આલીબાઈ કે ગુલ પોતાની બેટી કે બ્હેન તરફથી બે બોલ બોલી બતાવે તેટલાં તો શેઠનો શીપાઈ ઉતાવલે કદમે એક તાર લઈ આવ્યો. અને સર્વે જણા 'અરે! તાર શાંનો?' એવી અધીરાઈ વચ્ચે ઉભા થઈ પીરોજશાહની આસપાસ એકદમ ફરી વલ્યાં.

પીરોજશાહે ધીરજથી તે ઉખેલ્યો અને સઘલાનાં સામટા સંતોષ વચ્ચે સંભલાવ્યુ કે તે તાર બીજા કોઈનો નહી પણ જે જવાન સાથે નાજાને હમણાજ પીછાણ કરાવી તેનીજ તરફનો તે હતો અને તે નીચે મુજબનો હતો.

"દલઓર. રોકાણે રોકી રાખયો.
રાતે આવીશ. સાલ મુબારક."

"જુવો, મેં કહ્યું નહીકે મારો હીરો આજે કદીબી આવ્યા વગર રેહેજ નહી." પીરોજશાએ તાર વાંચીને કહ્યું.

"બાવાજી ચાલો હવે તમને દલગીર થવાનું કારણ પટી ગયું" પીરોજાએ બાવાને કહ્યું.!

સઘલા આ તારના સમાચારથી તો ખુશ ખુશ થઈ ગયા; જેથી નાજાએ નકકીજ વીચાર્યુ કે હીરાજી ખરેખર આએ મંડળમાં કોઈ મહા માનીતો મેહમાન છે.

તારની ખુશ ગડબડ પુરી થતાંજ પીલચર ફેમીલીનાં થોડાંક ગણત્રીના અંગત મીત્રોનો આવજાવ સહરૂ થયો, અને સાડાચાર વાગતાંજ બપોરનુ ખાણું ખુબ ખુશી ખુશાલી અને બાહરના ગણત્રીના મિત્રોની હાજરી વચ્ચે પસાર થયું. જોકે એ ખાણું તો ન્હાનું હતું જયારે ખરી રચનાંતો રાત્રે થવાની હતી.

પ્રકરણ ૩૮ મું.

"ગારડન પાર્ટી-રંગમાં ભંગ."

"ખાર તણી ભુમિમાં; સો મણ બાજરી વાવિ;
ખાર બધુ ખાઈ ગયો, પાછો પાશેર ન આવી."
(કવી નરભેરામ.)

"અરે ! જયારે એક ઝાડનું થડજ સડેલું હોય ત્યારે તે દરખત ઉપર મીઠાં ફળોની આશા તે કેમ રખાય? એક સીંહ જો પોતાના બચ્ચાંઓને વનમાં રખડતાં નાખેતો તેઓ ગમે એવાં બળવાન છતાં વેગળા પડેલાં શું કરી શકે?**"
("સીતમે હશરત ને નેકીએ નેકબખ્ત" એક. ઠાંડી.

ફરેસ્તાના રૂપમાં બહુ સેતાન છુપાઈ,
લોહિ પીએછ નિર્દોષ કોઈ નારનું ધરાઈ;
સફેદ ઠગ, વસતા કોઈ બેહલી ભગત,
કોય લુચ્ચાના પીરો કુલ લુટી જગત;
સાધુમાં ખપેછ તે બગલાં ધોલાં,
ભજેછ તેથી લોકો કાંય ભલાં—ભોલાં;
આપેચ તેઓ આવભાવથી તેમને આવકાર
પણ શું જાણે બાપડાં, કે તેમનો સંસાર-
બનેચ તે મેઢાંઓ કાલાંથી નાંશ,
પાંથરેછ જેઓ ફરેબને ફંદાનો ફાંસ;
ઈનશાન તે નહીં-પણ હેવાન તે છે,
સાધુના સાલ્લામાં એક સેતાન તે છે;
પુંજારીના રૂપમાં એક છે તે પાપી,
જે નાંખેછ કુલ જીંદગીની આશા કાપી.

"પીલચર વીલા" રંગબેરંગી રોશનીથી ભભુકદાર ઝલકી રહ્યો. બાગમાં ઝાડોની ડાંખલીએ ચીનાઇ ફાનસોની લાગેલી હારનીહારે એવો દમામદાર દેખાવ કરતી હતીકે "પીલચર વીલા" એ રંગીલી રાતનાં તેના સામટા શીંગાર શાથે "પરીયાનાં નાજુક માળા" જેવો હળી મળી રહયો હતો. વીલાનાં વરંડા તેમજ હૉલમાં અતલસની ખુરશી ને મખમલના કોચોપર કમાલ પડી રહી હતી. ૭ વાગેથી નોત્રેલાં નામવરોએ આવવા

માંડયું હતું, જે સઘલાં બાનું--ગ્રહસ્થોને મી. અને મીસીસ પીરોજશાહ દિવાનખાનાનાં દરવાજા આગળ હર્ષથી આવકાર આપી અંદર દાખલ કરતા હતાં, જે સઘલાઓને ગુલ અને પીરોજા હસ્તે ચેહેરે આદરમાન આપી પોતાની માનીતી મેહેમાન નાજાં સાથે હરખભેર ઓલખાવતાં હતાં. મેહેમાનોની મોજ અને માન માટે થોડે થોડે વારે આ ત્રણ નાજુક નાજનીનો પોતાના કોમલ કંઠ અને મ્યુઝીકની મજાહ આપતા હતા. બ્હાર કમપાઉંડમાં એક સુંદર બેન્ડ થોડે થોડેવારે પોતાના દીલ પઝીર સરોદો કાઢી હાલમાં તેવીજ મજાહ આપતી બાનુંઓને ગોયા આશાએશ આપતું હતું. સાંજની ઠંડા પવનની દિલખુશ લ્હેકી ગુલબદન બાનુંઓનાં ગુલાબી ગુલ રૂખસાર સાથે ગોયા લાડ કરતી હતી. ટુંકમાં "પીલચર વીલા" ભારે ધમાલથી ગાજી રહયો હતો અને સર્વ કોઈ ખુશ ગોફતેગોમાં હસ્તે મુખડે મશગુલ હતાં.

પીરોજા અને ગુલ પોતાની સઘલી મીત્રોને નાજા સાથે પિછાન કરાવવામાં ગોયા એકમેકપર હરીફાઈ કરી રહી હતી અને તેમાં તેઓ કંઈ અજબ હર્ષ હાથ કરતી જણાતી હતી. પીરોજાનો હરખ આજે અનંત હતો કાં'કે જે વેલ વેહતો હતો તેમાં તેણીનાં દઈયાનો હાર હીરાજી આવી પુગવાની તઈયારીમાં હતો. તેણીની સઘલી અપેક્ષા, જીગ્નાસા, અને અભીલાષા હીરાજીના દરષણમાં આવીને અટકી રહી હતી, સ્વાદિષ્ટ ખાણાનો સુસોભીત સુફરો બાગમાં બીછાવવામાં આવ્યો હતો અને તેની તકેદારી અને દેખરેખ ઘણાજ અનુભવી આશામીઓને હાથ હતી.

પીરોજશાહે આશરે સો બાનું ગ્રહસ્થોને આમંનત્રન કરયા હતાં જે સઘલાંઓ પોતાની હર્ખીત હાજરીથી શોભા અને સંતોષ આપી ચુકયાં પણ હીરાજી હજી આવ્યો નહી હતો.

પીરોજા ગુલને, ગુલ આલીબાઇને, અને આલીબાઇ પીરોજશાહને એમ વારંવાર "હીરાજી કયારે આવશે?" "હીરાજી હજુર શું કરેચ" એવા ઈન્તેજારી ભરયા સવાલ આતુર ચ્હેરે પુછતાં હતાં, જેનાં, "ઓય આવતો હશે" "હમણા આવી લાગશે" એવા સધીયારા ભર્યા જવાબથી પીરોજશાહ સંતોષ આપી સાંત કરતા હતા. વખત પસાર થવા સારૂ ગુલ પીરોજા અને નાજાં

વાજીંત્રકળાની કુષલતા દેખાડીયા પછી પોતાની ગાયણ કળાની પ્રવિણુતાથી પોતાના મેહેમાનોને રાજી રાખી રીઝવતા હતા, જે સઘલાઓ તેણીઓનાં કોકીલ કંઠની કોમળતાનાં વખાણ ગાઇ તેમની કદર બુજતા હતા.

પણ આ સર્વ વાખવાખી વચ્ચે એકાએક દરવાજાપરની કંઇ દોડધામ પર સઉનું ધ્યાન ખેંચાયું. ધમધમ કરતી ઘુંજારા અને ધસારાભર એક જોડીની ગાડીમાંથી વીટીઓનાં ઝકઝકતા હાથથી મુછને મરોદ દેતો એક એસકી જુવાન્યો ઉતરીને સીડીપર ચઢયો. તુરત મીસતર અને મીસીસ પીરોજશાહ, તથા પીરોજા હરખભર ઉઠી તેને આવકાર આપવા ઝડપમાં આગલ વધ્યાં.

તે આવનાર ધીરાજીજ હશે એમ ચંચલ નાજાંએ પીરોજાના ચેહેરા પરથી નક્કીજ માની લીધું.

તે જુવાનના દીવાનખાનાના દરવાજામાં દાખલ થતાંજ પીરોજાએ સઉથી પેહેલો તેને પોતાનો હાથ આપી આવકાર આપ્યો અને હસ્તે ચ્હેરે પોતાના માત પીતાને, પોતાની બન્નેની; આજુબાજુમાં ચલાવતી હૉલમાં આવી.

આ જવાનપર નજર પડતાંને વારજ ગુંલની પાસેજ બેઠેલી નાજાંથી એકદમ બધાની અટાગ અજાયબી વચ્ચે એક ભયંકાર ચીસ પડાઇ ગઇ, અને તેવી ચીસનાં ચીચવાટ સાથેજ તેણી સઘલા બાનું-ગ્રહસ્થોનાં ભારે ગભરાટ વચ્ચે બેભાન બની ગઇ!

પ્રકરણ ૩૯મું.

ભેદમાં ભેદ!—આયાનો અભિપ્રાય!

ખુશાલીમાં શા કાજ થઈ આ ખલલ?
શો છે આ ભરમનો પાયો સબલ?

આખા મંડળમાં બસ ગભરાટ થઈ ગયો.!

સઘલા મોહક મુખડાઓને નાજાંની અચીતી ચીચીયારીએ એકદમ ચોંકાવ્યાં, અને રંગ-રાગમાં રમી રહેલી ખુશ મીજલશ એક લેહજામાં ભારે ભંગમાં ભેલાઇ ગઈ.

"શું છે—નાજાંમાય શું છે?" કરતાં પીરોજસાહ પૈલચ અને તેવણુમાં ધણીઆણી આલીબાઇ ત્યાં ઝડપમાં આવી ઉભા. પણ નિર્દોષ નાજાં પોતાની હુશીઆરીમાં હતીજ કયાં કે જવાબ આપે? જે સોફાપર તેણી ગુલ શાથે ગુફતેગોમાં ગુંટાયલી હતી ત્યાંજ તેણી બેભાન બની બેફામ પડેલી હતી.

"સબર કરો બાવાજી જરા ધીર ધરો માયજી!" નાજાં સાથી ચમકીતે ગ્નાંની ગુલ પામી ગયલી હોવાથી વાત ઉડાવી નાંખીને બોલી, "જરા એવણુનો જીવ ફરી આવ્યોછે. કંઈ ફીકર નહી એવણુ હમણા હુશીઆર થશે. ચાલો, આપણે એવણુને એવણુનાં ઓરડામાં લઈ જઈએ. આએ દીવાનખાનામાં ગરમીબી જરા વધારે છે."

નાજાંને થોડીક બાનુંઓની મદદથી ઉચકીને તેણીનાં ઓરડામાં. લઇ જવામાં આવી. નોત્રેલાં મેહેમાનોમાં આ ન ધારેલી ગડબડે વિચીત્ર વસવસો પેવશ થયો, પણ પેલો આવનાર હીરાજી(?) તો દીગમુંઢ જેવોજ• થઇ રહયો!

નોત્રેલાં મેહેમાંનોમાં સુભાગ્યે સરજયન શેઠના નામે એક પારશી તબીબ હાજર હતા, જેમની સહાયતાભરી સારવારથી એહજ વખતની બેફામી પછી નાજાં જલદી હુશીઆર થઈ. તેણીને થોડું ઠંડું પાણી પીવાડ્યાં પછી તે ઓરડામાં થયલી બાનું—ગ્રહસ્થોની ભેગી ગીરદીને જલદીથી ઓછી કરી નાંખી તે ઓરડામાં ફકત પીલચર ફેમીલીનાજ બાનુંઓને નાજાંની માવજતમાં રોકેલાં રાખ્યાં.

નાજાં હુશીયારીમાં આવતાંજ પીરોજા તથા આલીબાઇને તેણીનાં ઓરડામાં રેહેવાદઇ ગુલ પોતાનાં પીતાને મલવા સારૂ આગલાં દીવાનખાનામાં દોડી આવી. તેણી કંઈ ઉતાવલી વાત કેહેવાને અધીરી જેવી દીસતી હતી, પણ તેટલાં ચાલમાં અધવચ્ચે તેણીને આયાએ અટકાવી, અને તેણીનો હાથ પકડી એક બાજુએ કંઈ કહેવા લઇ ગઈ.

"પણ શું કેહેચ, ભુંકી મરની, મને કામછે" ગુલે ત્યાંજ ઉભી રહી ઉતાવલે જાણુવા ચાહ્યું.

"અરે બાઇ, તું એમ શું ગભરાવી મેલેચ." લુસી જેણી તુરત નીજ ગુજરાતી ભાષા બોલતીહતી, (ઘણીક ગોવાનીસ આયાઓ તેમની ટેવ મુજબ ઘરમાં નાહનાં મોટાંને "તું--તાં" વગર કેહે નહી) તે, ગુલને જીદ કરતી જોઈને બજીદ થવા લાગી. "હુ કેહેચ તે તુ સાંભલ ઘેની અગતની વાત કેહેવાનીછે.

"પણ કંઈ વધારે બોલી મરશે કે નહી ? જા, મુઇ વલી દારૂ પીધોચ કે કેમ ? હટી જા હમણા. સહવારે સુધ્ધીમાં આવે ત્યારે કેહેજે" એમ બોલી ગુલે ચાલવા માંડયું.

"નહી નહી, બાઈ એક મીનીટ ઉભી રેહ" આયાએ તેણીને વધારે હુજતથી અટકાવી. "હુ બેજ બોલમાં બધું કેહેચ તે તું સાંભલી લે. અહીં આવ–આએ પેલાંબારી આગલ આવ તું કેહેછ હુ છાકતી થયાચ પણ હુ નથી થછ."

ગુલ ઘણી ઉતાવલમાં છતાં લુસી સાથ બારી આગલ ગઈ, જયાં એકાંતમાં લુસી જાણે શુ એક છુપી વાત કેહેવા માંગતી હોય તેમ તેણીનાં કાનપર પડીને બોલી "ગુલબાઈ ગુલબાઇ, તું કાંઈ જાણેછકે ? "

"તે શું ?" ગુલે ધડકતી છાતીએ પુછયુ.

"તું કંઈ જાણેચકે? તે કંઈ જોયું કે ?" લુસીએ પાછો તેજ સવાલ ચાલુ રાખ્યો.

"પણ તે શું, મરે જલદી બોલની, મને ધાસતી લાગેચ. શું તે કંઈ જોયું? શું જાણેચ. બોલ વેકી જા જલદી !" ગુલે ખીજવઈને કહ્યું.

"હું નાજાંબાઈને વાસ્તે કેહુંછ" લુસી બોલી.

"નાજા"? ગુલ ચમકી "નાજાંને વાસ્તે શું"?

"મેં નાજાંબાઇને જોયા" આયા ધીરેથીબોલી.

"શું નાજાંમાયને જોઈ? કયાં જોઈ? શુ કરતાં જોઇ? મરેરે મુંઇ મેટ ! તારા મસતકનુ આજે ઠેકાણુ નથી. જા મુગીમુગી તારે ઠેકાણે જઈને ગગડ, નહીંતો હમણા બાવાજીને બોલાવી તારો દારૂ સઉ ઉતરાવી દેવશ." ગુલે હવે અધીરી બનીને નેણ ફેરવ્યાં.

"અરે જો ગુલબાઈ તુ મારૂ સાભલી તો લે" લુસીએ વલી કગલીને કહ્યું. "હું કેહતાં અચકાયચ, મેં બરાબર જોયાં છે."

"પણ તારે મુંઈ વેગરેટ બકતી કાંય નહી? ચાલ બોલ જોઊ, નહીતો કે બોય ચાલી. : કદમ સરસરાટ બોલીજો" ગુલે સમજાવી.

"હીરાજી આયા કેની-હીરાજી આયા; ત્યારે હું બારણા આગલ નાજાંબાઈની બરાબર શાંમ્બેજ ઉભેલી હતી, હીરાજીને જેવા નાજા બાઈએ જોયાંકે તે ઝટ બીધી-હું ખાતરીથી કેહેચકે હીરાજીને જોઇનેજ બાઇ બીધીછ. હું તુને અલકસે એ કેહેચ તેથી તું બાઇ કે શેઠને બોલતી નાં."

ગુલ તો આ સાંભલીને બસ ડઘઇજ ગઈ! ખચિત તેણીને બી એજ સક હતો, અને તેજ કેહેવાને તેણી પોતાના પીતા પાસે જતી હતી.

શું ... રે એ વાતમાં કંઈ સચ્ચાઇ છે? જો એમજ હોયતો આએ ... ...યાના એકરારમાં બેશક વજન અને વજુદછે. તેણી ... તો પીધેલી કે બેભાન નહી પણ ખચિતજ વિપવાણુ અને સાવધ કેહેવાવી જોઇએ.

પ્રકરણ ૪૦ મું.

બાપ-બેટી શકમાં !

મોરનાં કોઈ પીછામાં સંતાયોછ કાગ;
નથી એ બુલબુલ પણ છે ઝેરી નાગ.

ગભરાયલી ગુલ એકદમ ઉતાવલા કદમો ત્યાથા આગલાં દિવાનખાનામાં દાખલ થઇ. પીરોજશાહ પોતાના નોતરેલા મેહેમાનો આજના આ અચાનક બનાવથી દલગીર નહી થઇ જાય માટે તેમને સધ્યારો આપી ખુશ ખુશાલ રાખવામાં રોકાયલા હતા, એટલે શરૂઆતનીજ માફક બધાંઓ હસતા મુખડામાં હલ-મલી રહ્યા હતાં. એવા અરસામાં ગુલે પોતાના પીતાને ઈસારતથી અગાશી પર બોલાવ્યાં.

"બાવાજી એક વાત કેહેતા નહી ધારેલું મારૂં હઇડું ધ્રુજેછ" ગુલે ગુંગલાતા અવાજે કહ્યું. "પણ બાવા હું પુછું કે તમે આએ હીરાજીને બરોબર પીછાણોચ ?"

એકાએક આવી ખુશાલીને વખતે અગાસીપર બોલાવી લાવી ...ની બેટીને આવો અંદેશા ભર્યો સવાલ કરતી જોઇ ...

બુઝર્ગ બાપ પ્રથમતો ચકીત થયો, પણ આસ્તેથી પટાવીને પુછ્યુ " બોલ, દીકરી ગુલાબ, તું શાંને વાસ્તે પુછેછ? એકાએક રહી રહીને આએ સવાલ આજે કરવાનું કેમ સુઝ્યું ?"

"બાવાજી, કદાચ હું મારા અનુમાનમાં ભુલતી હોવુંબી, પણ હીરાજી આવ્યા બરોબર આજે મેં એક અજબ ભેદભર્યો મોજેજો જોયો ! નાજાંનો જયારે જીવ બેતાબ બન્યો ત્યારે મારી નજર અંચાનક તેણી પરજ ટીકેલી હતી. મેં પુરતી ખાતરી સાથે જોયુંકે જેવી તેણીની નજર હીરાજી ઉપર પડી કે તેણીથી અજબ રીતે એકાએક ચીસ પડાઈ ગઈ." "બાવા" ગુલેજરા દમ લઈ કહ્યું. "એમાં કંઇબી ભારી ભેદ ભરાયલો કે ભેલાયલો હું મક્કમ પણે માનુંછું. નાજાં, હીરાજીને ઓલખતી હોવી જોઇએ. વારૂ બાવા, તમે શું ધારોચ?"

"છટા છટ!" પીરોજશાહ એ વાતને હસી કાઢતાં બોલ્યા. "દીકરી તું વ્હેમાયછે. એમ તે કંઈ બનેબી? હીરાજીને શું હું નથી ઓલખતો ? હીરાજીમાં શું કંઈ ખામીછે? હીરાજી શું કંઇ લુચ્ચો પોશાગીર છે કે તેને જોતાંજ એવીરીતે નાજાં ધાસ્તીમાં પડી જાય ? નહી, નહી, જોની દીકરી તું ભુલેછ એતો બીચારી પોતાના દુઃખે દુઃખીછે, તેના મનમાંનો છુપો ગમ તેની છાતીમાં તાજોછે; તેથી આવા હર્ષીત હીંગામે તેણીને પોતાની આગલી બાપીકી બાદશાહી હાલત યાદ આવતી હશે ને તેટલાંમાં તેણીનઃ જીવનું બીગડવું અને આપણા હીરાનું આવવું એક થઈ ગયું હોય માટે તુંને શક ઉપજે તેમાં નવાઇ નહીં. ચાલ, દીકરા, સાંત થા અને મનમાંથી એ ખ્યાલ કાઢી નાંખ" પીરોજશાએ સમજાવીને વધુ સુચવ્યું. "જોની દીકરી, તારી માય આગલ આએ વાત કરતીજ નાં મેં હીરાજીને પુરતો પીછાન્યોસ અને પછીજ આપણી પીરોજા સાથે ઘટતીજ છુટ સાથે ફરવાની રજા આપી છે. વારૂ દીકરી, નાજાં કેમછે? હમણા હુશીયાર તો છેની ?"

"હા બાવા, નાજાં તો હુશીયાર છે, પણ," ગુલ શંકાશીલ મનથી બોલતી પાછી અસલ વાત પરજ ગઇ "વારૂ, મારા કેહેવાને તમે શક સમજોછો, પરંતુ એજ વાત કોઇ બીજુબી કેહેતો પછી તમે માનો ખરા કે નહી?"

"ત્યારે શું બીજાબી કોઈ જાણેછેકે? કોણ?" પીરોજશાહ હવે લગાર ચોંકયા ખરાં. "કોણ જાણેચ? બોલી દેજ લદીથી"

"હા, બીજાબી જાણેછ." ગુલે ધાડા સાહદે કહ્યું "પણ હું ઉપ્રાંત એકજ જણા બીજું નહી"

"તે કોણ ?" પીરોજશાહે ઝડપથી પુછયું.

"આપણી આયા, લુસી!" ગુલે ઝટ કહ્યું.

"લુસી! આપણી આયા!" પીરોજશાહે કહ્યું.

"હા બાવા, આપણું ચગોર પણ ચોકશ વિષવાશુ માણુસ" ગુલે ખાતરીથી કહ્યું.

"હા, બાવાજી, મેં બરોબર જોયુછ, અને તેથીજ હું તેઃ તે પલથી ધ્રુજી રહીછ કે મરે, એ શું હોશે! નાજા હુશીયાર થતાંજ હું પેહેલી તમારી પાસે દોડી આવીચ, માયજીબી એ વાત જાણુતા નથી. વલી આ વાત હજી તો હું તમોને કેહેવા આવીચ તેટલાં મને અધવચ્ચે લુસી આયા પણ ગુંગરાયલી ગભરાયલી મલી અને તેણેબી ભાર મુકી મુકીને કહ્યુંકે 'મેંબી જોયું."

"તે પોતે બોલી કે તેંજ પુછયું?" પીરોજશાહે ગુલને વધુ બોલતી અટકાવીને સવાલ કીધો.

"નહી બાવાજી, તે પોતેજ બોલી" ગુલે વિષવાષથી જણાવ્યુ. "તે પોતેજ અધવચ્ચે મને અટકાવી બારી આગલ દુર લઈ જઈ મને કેહેવા લાગી. જે સઘલું મેં તમોને કહ્યું તેજ સામટું તેણે પણ મને જણાવ્યું. પેહલાં તો હુ તે મુઈને પીધેલી સમજી, પણ જયારે મેં તેણીને, મારો સઘલો મજબુત શક આબાદ કેહેતા સાંભલી ત્યારે તો હું બેવડા ગભરાટ અને બેવડા પુરાવાથી અહીં દોડી આવી.

"વારૂ સબર । ગભરાવાનું કે ઘોંઘાટ કરવાનું કંઈજ કામ નથી" પીરેજશાહે ઠંડે કલેજે કહ્યું. "અધુરા શકપર વ્હેમની ઇમારત ઉઠાવવી ન જોઈએ. હાલ તો. દીકરા, તું મુગી રેહે-નાજાંની સારવાર કર; પહરોણાઓ રાહ જોતા હશે માટે મારે જવું જોઈએ. ખુદા આપણો નીગેહબાન થાશે. ચાલ, હું મેહે-માનોને બાગમાં બોલાવીને પછી નાજાંનાં ઓરડામાં આવુંછ" અને એમ બોલતાંજ તે શકમાં શંકડાયલા બાપ બેઠી બેચેન જીગરે [illegible]

પ્રકરણ ૪૧ મું.

થઈ મુજથી ખુશીમાં તમની ખલલ.
આજ રાતની ખુરમી ન થઈ કંઈ સફલ,

જેવા પીરોજશાહ અગાસીપરથી આગલા હોલમાં આ
કે મોજમાં મસગુલ થયલા પોતાના મીલનસાર મેહેમાનોને બાગ
બીછાવેલી ખાણાની ટેબલપર લઈ જવાની દોડધામમાં ગુંટાયા
અને ત્યાર બાદ એ બુઝર્ગ પીલચર આજનાં બનાવ પર લગા
ચીંતાતુર બની, બાનુંઓને ટેબલ પર બોલાવા તથા નાજાની ખબ
અંતર પુછવા તેણીનાં ઓરડામાં ગયા.

"કેમ નાજામાય !" તેઓ દાખલ થતાંજ બોલ્યા, "આ
જનાં ખુશ દીને તમારી એકાએક માંદગી માટે ઘણોજ દલગીરછું
હાલ કેમછો?"

પીરોજશાહ શેઠે નાજાંનો નાજુક હાથ પીતાના પ્યારથ
હાથમાં લઇ ખબર પુછતાં, તેણીની પાસે બેઠેલા પોતાના ધણીયાણ
તરફ ફરીને કહ્યું. "કેમ, નાજાં ટેબલપર આવી. શકશે નહી
માટે એવણુને હ્યાંજ ખાણું લેવાદો.

"નહી, બાવાજી, એવણે તો માત્ર બોલ્સ પછી [illegible] કાફીનું
એક કપ અને ભુંજેલું ટોસ્ટ લીધું" પોતાના પીતાના સવાલનો
પોતાના માતા ઉત્તર આપે તે આગમચ પીરોજા કે જેણી પોતાના
"હઇયાના હાર" હીરાજી (૧) ને પડખો મેલી નાજાંની મદારતમાં
રોકાયલી હતી તેણીએ જવાબ આપ્યો.

"હું એકાએક શીક થઈ જવાથી મારૂં માથુ ઘણુંજ દુઃખેછે"
નાજાંએ પીરોજશાહને કહ્યું "મને કંઈ નથી તમારે બેશીકર રેહવું
અને સઘલાએ હશી ખુશીથી આજની ખુશખુશીમાં ભાગ લેવો,
મારી પાસે આયાછે એટલે બસછે. મને અતીઘણુ લાગેછે કે મારે
લીધે આજની આવી રંગ--રાગભરી રચનામાં સઊ રંજીદા થયા
છે." હ્યાં નાજાંનું નાજુક હૈયું ભરાઈ આવ્યાથી તેણીના રતાશ
પકડેલા રોશન રૂખશારપરથી સરસર કરતાં બેચાર આબદાર મોત
ખરી પડયા !

"અરે ! નાજાંમાય ! એમ નાદાંની શુ કરોછો" પીલચર નાજાં
રડતી જોઈને કગરી પડયા, "તંદરોસ્તી કોઈના હાથમાં છે વારૂ?

"માય ! એમ નાં કર, મરી જાઉ," આલીબાઈ પટાવ પડયા "આ કંઇ પારકું ઘેરછે?"

"જાઆ નાજાંમાય, તમે એમ કરોતો અમે કંઈ ખાવો જવાના નથી" પીરોજાએ ખરી લાગણીથી વલગી પડીને કહ્યું. "આવાજી, તમે બધા જાવો હું નથી આવતી હુ ત્યાંજ બેસુંછું."

"નહી, નહી, બ્હેન." પીરોજા નાજાએ પોતાનું મન મજબુત કરી, તે સુખી કુટુંબની ખુશીમાં ખલલ નહી કરવા ચાહ્યું. "તમે બધા સીધારો. ચાલો, કહોતો હુંબી ચાલીને આઉ"

હવે તેણીએ પોતે ઘણી હુજતથી સર્વને 'પહરોણા ખોટી થતા હશે' એવા એક ખાસ બાહણાંથી ખાનાંપર મોકલ્યા, અને સઘલાઓ નાજાંને પોતાનાંજ ઓરડામાં આસાએસ લેવાને આગ્રહ કરી આયાને તેણી પાસે રાખી ગયાં.

નિરદોષ ને નીતિમાન ! ગરીબ ને ગુણવંતી છોકરી ! તું જયાંબી જાય ત્યાં બસ દુઃખજ સરજેલુંછે? અફસોસ ! સુખ અને સાંતી કયારે તારો સદાનો સાચ્ચો સાથી થશે ?

પ્રકરણ ૪૨ મું.

નાજાં અને લુસી.

શા કાજે ઓચિંતા થયાં બેફામ ?
શા કાજે ચીસ પાડી ચમકીને આમ ?

ખાના પર સઘલા સ્વરૂપે સામેલ થયા.

ખાનું ઈંગ્રેજી ઢપ અને રૂઢીનું હતું, જેથી સર્વ ધમાલ તેનેજ બરની હતી. માનુંઓ અને ગ્રહસ્થો સઘલા એકજ સુફરે સામટાં સોભી રહ્યા હતા ! જો નાજાંની ન ધારેલી માદગીએ દેખાવ ન દીધો હતે તો આજની ખુશાલી કંઇ ઓરજ રૂપ લઇ ઘણોજ મોહક ચિતાર રજુ કરતે. પીલચર ફેમીલી જોકે પોતાના મેહેરબાન મેજબાનોની મમતાભરી મેદારતમાં મશગુલ અને મઠેલી હતી, એમ છતાં એ લાયકી ભર્યા કુટુંબનું ચિત નાજાં માટે ચટપટ થતું હતું, અને એ દીલશોજીવાલા દયાલુઓ નાજાંનીછુપી ખબર રાખતા

રખાવતા હત જે સર્વ ચાલ્લા–માયા એ મોતેબર કુટુંબનાં મ
ભર્યા ખવાશી જીવતી જામીનગીરી જણાવતી હતી.

શેંકડોના ખરચની સઘલી ખુશાલી છતાં આ ઉદાર મનનું ભલું પીલચર કુટુંબ નાજાં માટે જે લાયક લાગણી ધરા હતું, તે માતબર મેહેરબાનોમાં તેમનું એક મીસકીનમાણસ પ વીટલાયલુ હતું.

લુસી એક આયા છતાં ઈમાન અને આબરૂદાર આદમી હ ! પીલચર પરીવારમાં તે પાકી રીતે પલોટાયલી અને પ્રસંર પામેલી દાસી હતી, તેથી નાજાનું ચમકવું જેટલું નાજાંને માં એ પોહચેલી દાસીને ખેદકારક લાગ્યું નહીં તેટલું પોતાના શ્રીમંત શેઠની જે પ્યારી પુત્રીએ હીરાજી જેવા એક સુખી (હાલમાં થઇ પડેલા) શકમંદ જવાનપર ભવિષનો આધાર બાંધેલો તે તેણીને વધારે ભયંકાર અને ભેદ ભરેલુ લાગ્યું, અને એટલાં માટેજ આજે લુસી, ગુલ, અને પીરોજશાહ એ ભેદી ભરમ માટે ભીત્તરથી ભડકયા હતાં !

પીરોજાને નાજાંનું ઘણુજ લાગતું હતું. અને પતેની તથા પીતાની શાલગરેહ જેવા એક સામટા સંતોષની એવડી ખુશ લીનાં દીવશે, ઘણે દહાડે આવેલા પોતાના ભવિષનાં ભરથારને સપર પેહલી હરખભેર મુલાકાત નાજા સાથે કરાવવાને તેણી મોટી હોંશ હતી જે એવી રીતે અચાનક ભષ્ટ થયલી જો તેણીની સઘલી ઉલટ હવામાં ઉડી ગઇ.

"બાઈ" ખાનાપર સઘ ાં ગયાં પછી! ખંતીલી આયાએ કાંઈખ ખેદ રૂપે પુછયું "આજે એમ તું એકાએક થઈ શીક કાંય ગઈ.?"

"લુસી" વિચારમાં ગુંટાયલી નાજાંએ ઉડાવનારો જવા દીધો. "મારો જીવ એકાએક ફરી આપો."

"જીવ ફરી આવ્યો" આયાએ અણુકા કીધા.

"હા, જીવ ફરી આવ્યો." નાજાંએ પાછુ કહ્યું.

"વારૂ, તારો જીવ શાથી ફરી આવ્યો?" લુસીએ બેરી સ્ટરની ઢપના સવાલો ચાલુ રાખ્યા.

"વલી શાથી ફરે ? એકદમ મારો જીવ બેતાબ મારી ગયો." નાજાંએ ઠંડેપેટે કહ્યું.

"તું બધુ ખરૂંજ કેહેચ, બાઈ" આયાએ કહ્યું.

"લુસી, આજે એમ શું કરેચ? તું જમીકે?" નાજાંએ વાત ઉડાવવાને વેતરણ કીધી.

"નહી બાઈ, હુ નથી જમી તારી પુછવાની મતલબ હું બધી સમજી ગેઇછે," આયાએ કહ્યું "તું એમ ધારેછ કે હું જમી હોઊં તો મે દારૂ પીધેલા હોવી જોઈએ."

નાજાંની મતલબ "જમી કે ?" એમ પુછીલુસીને ઉડાવાની હતી પણ એ ખંતીલી ખણુખોદખોરી લુસીએ તે ઝટ ચેતી જઈ પોતાનું સાંધણુ ચાલુજ રાખ્યું—"વારૂ, નાજાબાઈ, તું ચમકી કાંય."

"હું ચમકી!" નાજાં હવે ગભરાઇ કે આએ આયા શું કરેછ "કોણે કહ્યું કે હું ચમકી?"

"તુંને ચમકતાં મેં જોઈ" લુસીએ વાંક કબુલાવવા હિંમતથી કહ્યું. "તું ચમકીકે નહી?"

"નહીં લુસી, તુંને કંઇ ભરમ રહો હશે" નાજાંએ મન મોટું કરી ધડકતી છાતીએ કહ્યું. "હું ચમકીજ નથી, શાને સારૂ હું ચમકુ ?"

"મેં પોતે તુંને નજરે નજર ચમકતા જોઈ" લુસીએ ખાત રીથી કહ્યું. "અને તું નાં કેમ કેહેચ"

"વારૂ હું ચમકી તો તું તેનું કરાવેચ શું" નાજાંએ દમ દબાવીને જવાબ દીધો "એક માણુસ ફેન્ટ મારે ત્યારે તે ચમકેજ તો"

"હં, હવે કેવી સાચુ બોલી" લુશી ખુશી થઇ 'પણ વારૂં બાઈ તું કોણુને જોઈને ચમકી?"

"વલી ચમકે કોણુને જોઈને" નાજાં પુરી બીધીકે આ આયા તો બધુ જાણેચ. "ચમકતું માણુસ કોઈને જોવાનેબી થોભે કે ?"

"કાંય નહી ? ધારે કે તું ને હું બેઠા હોઈએ ને આપણા શેઠનો નવો જમાઈ હીરાજી (?) એકાએક ત્યાં આવી લાગેતો તેને જોઈ આપણે શું નહી ચમકીયે ?" આયાએ કહ્યું.

નાજાં "હીરાજી" નામ સાંભલતાંજ ખરેખર ચમકી, તેણી

બેઠેલી હતી તે પાછી માથું પકડીને બીછાણામાં પડી. અને આ બીજીવાર તેણી આયાની અજાયબી વચ્ચે લગભગ બેફામ જેવી બની ગઈ !

પ્રકરણ ૪૩ મું.

હીરાજીનો અંદેશો !

બખ્તાવર દિનની આ ભલી ભલાઈ—
માં ખલલ મુંજ આવ્યાથી આજે હુયાં થાઈ.
નેહેસ્ત માનુછ પોતે હું મારૂં પગલું;
હુલાક થઈ બાનું કોઈ મેલતાં ડગલું.

નાજાંનાં બેફામ બનવાથી લુસી ગભરાઇ ગઈ કે હવે શું કરવું ? શેઠ શેઠાણીને શું જવાબ આપવો તે અંદેશાએ તેણીને બાહાવરી બનાવી. હવે શું ઉપાય હાથ કરવા તે વિચારે તેણીને હેબતાવી મેલી. એમ છતાં તેણીનો પેલો શક તો આ બનાવથીએવડો મજબુત થયોકે એ નવા આવનાર પારસી (હીરાજી) સાથે નાજાંને કંઈબી સંબંધ છે ખરો. એ પહરોણાને નાંજા પીછાણુતી હોવીજ જોઇએ. પણ હવે તેણીએ પોતાના શકને શંગીન બનાવવાની સંભાલ બાજુએ મેલી નાજાંને હુશીયારીમાં લાવવાની કોશેશ કરવા સારૂ ટેબલપર પડેલી કોલાનવાટરની શીશી ઊંચકી નાજાંના રૂમાલપર છાંટી, તેણીને મોઢે માથે ચોપડયું.

થોડેવારે બીચારી નાજાં હુશીયારીમાં આવી.

ગરીબ ખુબસુરત છોકરી ! તેણીની આંખ્યોમાંથી મોતી સમાન આજુંઓ ખરતાં હતા અને છાતી છુપા ડચકા ખાતી હતી. નાજાં પોતાની આવી હાલત બનતી તજવીજે આયાથી છુપાવા ચાહતી હતી. જોકે આયા તે ચેતી ગઈ પણ પોતે ખસીયાણી પડી ગયલી હોવાથી તેણીએ જેમ બનેતેમ નાજાંને તેવી જોગવાઈ આપનારી તક સાંધવા પોતે કામનું બાહાણું કાહડી ઓરડામાંથી બ્હાર જતી રહી.

નાજાંના ઓરડા મધે બનેલો આ બનાવ આપણે ઉપર જોઈ ગયા છેએ. પણ એજ વખતે "પીલચર વીલા"નાં કુશાદે ખુશનુંમાં બાગમાં ખાણાની ટેબલપર બીરાજેલા મેહેમાનો શું કરેછે તે તપાસવુ આપણુને અગત્યનું છે

મેજબાની મોટે ઘરની હતી. અને મેહમાના પણ માતબર હતા એટલે મેનીજ વીગેરે સર્વ તેમના નામને છાજતું અને માનને સોભતું હતું. ખાણું ઈંગ્રેજી ઢપનું હતું, અને ઇંગ્રેજી વીવેક સાથ તે પસાર થયું હતુ. ટેબલને મુખડે બુજોર્ગ પીલચર બીરાજ્યાં હતાં. જમણા હાથપર તેમના લાયકીવાલા ધણીયાણી હતાં; ત્યારે ડાબા હાથપર તેમની ખુબસુરત બેટી પીરોજાએ જગા લીધી હતી; જેણીની જોડેજોડ આપણો નવો (શકમંદ) પહરોણો હીરાજી ખુબ દમામમાંજ દીપી નીકલ્યો હતો, જે દેખાવ એક અંજાણી આંખને કોઈ મી. અને મીસીસનું જોડું બેઠું હોય તેવોજ દમામદાર દેખાતો હતો.

આલીબાઈનાં જમણા હાથપર તેવણની બેટી ગુલબાનું ગોઠવાઈ હતી અને તે પછી બાકીના ખુરશીઓને નોતરેલા મેહમાનોએ સોભાવી હતી. પીલચર ફેમીલી સભ્યતાનાં કાનુનોની સંભાલમાં ઘણી તીક્ષણ હતી, મગર પહરોણાઓનાં ખાસ દબાણથીજ આજે એ મંડળ ટેબલને મુખડે સાથે એકત્ર થયું હતું.

જાતજાતનાં ફુલો અને ભાતભાતનાં ફલો તો આ સ્વાદીષ્ટ સુફરાનો શુસોભીત સંગાર હતો. પકવાનોનાં અતિ મોહ પમાડનારા નામોનો એક સુંદર ગોલાબી કાર્ડ (મીનું) સર્વની રકેબીઓમાં એક મુખ્ય રોનક જેવો હતો જેમાં સમાવેલી નીચલી વાણીઓનો સમાવેશ તેને સંપુણ સોભા આપનારો હતો

'મૉક ટરટલ'નો રસ, જેલી સાથની માંછલી, લીલાવટાણા સાથના 'લેમ્પ' કટલેસ, 'ડમ્પુ' ચૅાપ, ચીકીન પાઇ, રોસ્ટ કીધેલું બટક. "પ્રાઉન" કારી, આઇસ પુડીંગ, આઈસ્ક્રીમ, વીગેરે મોહક નામો ઊંપલા મીનુંમા સચવાયલા હતાં.

મીઠા સ્વાદીષ્ટ દારૂઓ, વાઈન, અને ટીચરના બ્રાન્ડી અને ગીઝલરનાં ચમપીનોની હાજરી ત્યાં આવકાર દાયક થઇ પડી હતી.

આવા લેહેજતદાર ખાણા પીણાને પુરતો ઈનસાફ આપ્યા બાદ સલામતીઓ ચાહવાની અનેસ્વીકારવાની સભ્યતા સહરૂ થાઇ

સલામતીઓ, સ્વાદીષ્ટ સુફરાનું એક સુભ સાંધણુ અને સંતોષી સેવટ ગણાય છે; અને તેવાજ સેવટની સંભાલથી પીલચર કુટુંબનું આજનુ ખાણું ખતમ થયુ હતું.

એક બુજોર્ગ ગ્રહસ્થે ટુકપણ લાયક સબ્દોમાં પીરોજશાહ પીલચરની તંદરોસ્તી ચાહી અને તેમની સાલગરેહના સુભ દીવસ સાથે સહરૂ થતા નવા જરથોસ્તી સાલની મલીને બેવડી મુબારકબાદી આપી જે ભારી ઉમંગ સાથે સામટા આશિષો વચ્ચે લેવામાં આવી.

એક જવાન ડાકટરે—પીલચર કુટુંબનાં એક ખેરખાહે સઘલાની અજાયબી પણ હરખ વચ્ચે પીરોજા તથ: હીરાજી વચ્ચેનાં ભવિષનાં જોડાણની સલામતી ચાહી, જેમાં બેવડા હર્ષથી સઘલાઓ સામેલ થયા. આ સલામતીનો જવાબ આપવા હીરાજીને ઊઠવું ભાગ પડયું અને તેણે સર્વનો એકત્ર આભાર માનતાં કહ્યુંકે:—

"બાનુંઓ અને ગ્રહસ્થો -આજના દીલખુશ દીવસની આજની રંગીલી રાતનાં આ માનભર્યા મેલાવડામાં સામેલ થઈ શકવા માટે મને સંતોષ તેમજ સંતાપ સાથે—સાથે પેદા થાય છે. સંતોષ; આપની માનભરી પીછાણ, મને ચાહનારાઓ વચ્ચેની સામીલગીરી, સરજયન શેઠનાંએ માનભર્યા સબ્દોમાં આપેલી મારી ઓલખ, અને મારા ભવિષ્યનાં ભલા સારૂ દીધેલા આશીષ માટે ઉપજે છે, ત્યારે સંતાપ કંઇક દરજજે મારા નેહેસ્ત પગલાં માટે હું સમજુ છું, કાંકે મારૂ પગલુ મેલવા સાથેજ આ માતબર કુટુંબમાં પહરોણા આવી ઉતરેલાં એક જવાન બાનુંનો જીવ બગડી આવ્યોછે. ખચિત તમો મેહેરબાનો મારા મત સાથ કદાચ મલતાં નહીબી થાવો પણ મને એ વિષે મારા દીલમાં કેવં લાગે છે તેનો ખ્યાલ કદાચજ તમને આવી શકે. હવે પીલચર પરીવારની પ્યારી પુત્રી પીરોજાને મારા શુખનો સાથી બનાવાની મારી ભવિષની ઉમેદાં માટેની તમારી ભલી ચાહના સારૂં હું મારી તેમજ પીરોજા તરફથી તમો સઘલાનો અંત કરણથી નમન સાથે આભાર માનુંછું."

પીરોજશાહ પીલચર જેઓ મનમાં તો જોકે જરા શંકીલા થયા હતા તોપણ તેઓએ આ મીજલસનાં મેજબાન તરીકે પોતે જવાબ આપવાની ફરજ વીચારી અને તેમાં હીરાજી(?) ને કાગનું બેસતું અને તાડનું પડતુ એ કેહેણીનો દાખલો આપી એવું કશું મનમાં નહી લાવવાતે સર્વ સમક્ષ ભલામણ કરી. માણસ છે, ઘડીમાં તબીયત [illegible] છતાં હાલમાંતો

તે બાનુ પોતાનાં ઓરડામાં આરામે ઊંઘેછે એવી ખબર આપતા દરેક પહરોણાઓને તેણીની તંદરોસ્તી વિષે નચીંત રેહેવાને તેવણે ફરમાસ કીધી.

આ રીતે વાંચકો જોશેકે આ હીરાજીને આ બનાવે કેટલો બધો ચોંકાવી મેલ્યો હતો.

પ્રકરણ ૪૪ મું.

એ છે કોણ?

એ ઓરત તે કોણ? એ કયાંથી આવી?
મેલી હુયાં કોણ ગયું એને લાવી?
કોણની એ બેટી ને કોણ છે પેદર?
એ રહીશ છે કયાની તે આપ કંઈ ખબર.
બોલ, મારી વ્હાલી, એ આવી શું કામ?
બોલ, છે એ ક્યાંની, ને શું તેનું નામ;?

ખાણુાથી ફારેગ થતાંજ પીરોજશાહ શેઠ, આલીબાઈ, ગુલ ને આ પીરોજા એ ચારે જણા નાજાંનાં ઓરડાભણી દોડી ગવાં નાજાં આજ સાંજનાં આવા ઓચીંતા ગંભીર બનાવથી ખરેખર મેબ ખરી બની ગઇ હતી. વિચારમાં ને વિચારમાં તેણીની ઊંઘ પણ ઉડી ગઇ. એમ છતાં ઉપલાં ચારે જણા ઓરડામાં આવતાં જણાતાંજ વધારે ચકચાર ન થાય તેમજ તેઓની આજની ખુશીમાં વધુ ખલલ ન પડે એટલાં માટે જાગી રેહેવાં કરતાં ઊંઘેલા ડાવ નું રૂપ લેવું નાજાંએ વાજબી વિચાર્યું.

પીલચર પોતે નાજાં આગલ ગયા પણ તેણીતો તેમને ઊંઘમાં ભરભુંધ પડેલી દેખાઈ.

"ચાલો આપણે દરેકજણા બાહાર જઇએ" પીલચર આસ તેથી બોલ્યા "એવણુને સાંત આરામની અગત્યછે, સરજયન શેઠનાંના કેહેવા મુજબ એકવાર નાજાં ઊંઘમા પડશે કે તેણીને આરામ થાશે. પણ હું જાણુવા માંગુંચ કે લુસી હાંથી કયાં ગઇ?"

"જી,જી, આવેછ જી" લુસી ઝટ દોડી આવી.

"બાહાર શું કરેછે? અહીં આવ, જો સાંભલ" પીલચરે તેણીને આસ્તેથી કહ્યું "નાજાંમાય આરામથી ઊંઘેલાછે. જરાબી

ઠોકઠાક કે અવાજથી એવણની ઊંઘમાં ખલલ થશે તો હું તને પુછીશ અને આગલાજ ઓરડામાં તારૂં બીછાણું રાખજે. હું તારૂં ખાણું ઊાંજ મોકલવા કહુંછું. ચાલો દીકરી ગુલ પીલાં, આપણે બધા બાહાર જઇએ.”

નાજાં જોકે જાગૃત હતી એમ છતાં તેણીએ એવો દેખાવ કીધો કે તેઓને ધીરજ આવે.

પીરોજશા તેમની બેટીઓ સાથે આગલા દીવાનખાનામાં દાખલ થયાં કે જયાં કેટલાક જવાનો ગાયણ વાજીંત્રની મજાહ બીજા મેહેમાનોને આપતા-અપાવતા હતા.

નાજાંએ હીરાજીને જોઈને ચીશ પાડી ખરી, પણ તે ચેહેરો તેણીના ધ્યાનમાં જેવો જોઇએ તેવો પુરેપુરો ઉતરેલો ન હોવાથી તેણી પણ શેહેજ અચોકસ હતી કે એ નવો આવનાર તેણી ધારતી હતી તેજ મુજી હતો કે કોઈ બીજો? વલી બીજા હાથપર હીરાજીની હાલત પણ તેવીજ શકમંદ હતી. તેણે તો નાજાંને હજી સુધી જોઈ વટીક ન હતી! કાંકે જેવો તે દીવાનખાનામાં એકગમ દાખલ થયો કે બીજી બાજુએ નાજાંના બેફામ બનવાથી કેટલાંકો તેણીની આસપાસ ફરી વલ્યાં હતાં. તેની મોટી મુશકેલી અને અચરતી એજ હતી કે એ ઓરત છે કોણ, અને કયાંથી આવીચ!

ખાણાપરથી ઉઠયાં બરાબર હીરાજી સઘલા ભેગો દીવાનખાનામાં દાખલ થયો ખરો પણ તેણે ત્યાં જરાબી ચેન પડયુંજ નહીં. નાજાં કોણછે તેની તેને જબરી ચટપટ લાગી રહી હતી એટલે પોતાના માતપીતા સાથે જેવી પીરોજા, નાજાંતો પોઢી ગઈછે એવા સધીયારા સાથે, દીવાનખાનામાંઆવી લાગી કે તુરતજ તક મલતા તેણે તેણીની સાથે બાગમા ફરવા જવા ચાહ્યું. જયાં ચંદણીમાં બાહાર ગોઠવેલી ઇઝીચેરો પર તેઓએ બન્નેએ પાસે-પાસે જગા લીધી.

વાંચકોને એટલું જણાવવું કદાચ અગત્યનું થઇ પડશે કે જોકે હીરાજી સાથે પીરોજા અદરાયલીછે તોપણ પેહેલી પીછા-

ણુથી તે આજ સુધી પીરોજાએ કે હીરાજીએ અકેક તરફ જેવી જોઇએ તેવી સભ્યતા અને મરયાદા જાલવીછે અને તે કંઈજ નહીં પણ પીરોજાને મા બાપ તરફની મલેલી પાકટ તરબીઅતના પ્રતાપ અને પરીણામ છે.

પ્રથમ તો હીરાજીએ મીઠી મીઠી વાતોથી પોતાની ભવીષની બાગવણને લગાર રીજવી અને પછી હલવે રહી નાજાંને વીષે વાત છેડી.

"વારૂ પીરોજા, એતો બધુ રહ્યું પણ તમારે ત્યાં એ પહરોણી કાણુ આવીને ઉતરેલી છે." વીકાજીએ વાત છેડી.

"એતો અમારા એક સહી મુંબઈથી હવા ફેરબદલ સારૂં ત્યાં આવેલાછે" ભોલી પીરોજાએ ખરી ભોલાઈથી કહ્યું. "મોરા બાવાજીના દોસ્તદાર સાથ એવણને નીકટ સંબંધછે. હીરાજી, ખરૂં કહુંછુ કે છોકરી ઘણીજ અસીલછે. સ્ત્રી જાતનો એક ખરેખર નમુનો છે, આજેજ બીચારીનો નહી ધારેલો એકાએક જીવ બગડી આવ્યો."

"એકાએકજ થયું?" હીરાજીએ પુછયું.

"હા એકાએકજ" પીરોજો બોલી.

"પણ તે સાથી ફરી આવ્યો તેનો કંઈ સબબ?" હીરાજીએ અધીરા જીગરે પુછયું.

"સબબ તો" પીરોજાએ સાંતપણે જવાબ આપ્યો. "સાહેબ જાણે, પણ–

આ વાત ચાલેચ તેટલાં કઇ ખખડયું. પીરોજા બોલતી બંધ પડી ગઈ અને બન્નેએ પાછલ ફરીને જોયું તો ત્યાં કોઈ જણાયું નહીં એટલે તેઓ પાછા નભરવશપણે પોતાની વાતે વલગ્યા.

"પણ બાવા કહેછ" પીરોજાએ આગલ ચલાવ્યું "કે એવણ ની તબીએત ઘણી નાજુકછે તેથી એકાએક કંઈ યાદ આવ્યું હશે તેથી એ રીતે કદાચ જીવ બેતાબ મારયો હોય."

"પણ ત્યારે શું મારા આવવાથી તો" હીરાજીએ ઇંતેજારી સાથે પુછયું 'એમ નથીજ થયું એવું તુતો માનેચ કેની?"

"હારે હીરાજી; તમેબી શું એમ અમસ્થા તમારા મનમાં વેહેમીલા થાવોચ. બૈરાંનાં જેવાં વેહેમ શું મનમાં વસાવોછ"

પીરોજાએ હશીને જવાબ દીધો "તમે આવો તેથી એવણુનો જીવ ક્યાંય બગડી આવે ?. તમે ટેબલ પરથી એમ બોલ્યા તે મનેતો જરાબી ગમ્યું નહી."

"પણ બધા જણા મારૂં મોહું ટીકવા લાગ્યા" હીરાજી દયા ઉપજાવાજોગ ચેહેરે બોલ્યો. "તે હું શું કરૂં ? મારૂં તો મોતજ થઇ ગયું."

"હંબગ ! હું માનતી નથી" પીરોજો હસી પડી.

"વારૂં, એનું નામ શું" હીરાજીએ આ સવાલ ઘણી ધડકતી છાતીએ અને ઉતાવલે પુછયો.

"એવણુતું નામ નાજાં છે" પીરોજા બોલી.

નામ સાંભલતાંજ તે ભડકયો ! તેનાં મોંહપરનો રંગ ઉડી ગયો ! તે ફીક્કો પડી ગયો !

"નાજાં ! નાજાં ! શું એ બાઇનું નામ નાજાં છે ?" તે ચમકેલે ચેહેરે એકી ટશરે પુછવા પડયો.

"હા હા, નાજાંછે, પણ તમે એટલા બધા ઉશકેરાવોચ કાંય ?" પીરોજા પોતાની બોલવાની ઢપ ફેરવીને લગાર ચીંતાતુર જીગરે બોલી "એ નામથી તમને નવાઇ જેવું શું લાગેછે ?"

"અરે, ન-ન-નહીરે, હુંતો અમસ્થો પુંછુંચ" તેણે પોતાની ભુલ જોઈને ઝટ મનમાં વિચાર કીધો કે આ રીતે ઉસકેરાઈ જઈને હું શું કાંયું કાપુચ, માટે હવે તેણે સુધ્ધી રાખી સાંતપણે પીરોજાને સમજાવી લીધી.

"પણ હીરાજી, સાચું કહીદો કે તમે આએ નામ સાંભલીને ચમકયા શું કામ ?" પોહચેલ પીરોજાએ હીરાજીને ફરીથી પેચમાં પકડયો.

"પીરોજા, હું ચમકુ? છટ છટ, બનેજ નહી તું તદન ભુલેચ. તુંને ખોટાં ખ્યાલ ઉપજયોછે હું સાને સારૂં ચમકુ ? પણ વારૂં—" જાણે તે વાતમાં પોતે રશ લેતો હોય તેમ બેદરકારીથી પુછવા પડયો—"હું એમ પુછુછ કે એ એકલીજ ત્યાં કેમ આવી ? એના મા બાપનુ નામ શું છે તે તું જાણેચ કે?"

"શું છે, હીરાજી, કેટલાકબધા સવાલ કરોચ' હીરાજીની

આવી વીચીત્ર પરપુછથી તેણી વિચારમા પડી બોલી ઉઠી. "હું એવણના માય બાપનું નામ ચોકસ જાણતી નથી. બાવાને પુછશોતો તેવણ બધુ કેહેશે પણ—

ત્યાં બે પાચ મેહેમાનો આવી લાગ્યાથી આરસપર ચડેલી વાત વાધામાં પડી અને હીરાજી તેણીનું નામ જાણતાજ ચેતી જઈને ભારે ગુચવાડા અને ગભરાટમા પડયો.

સઘલી મોજ હવે તેને મનથી મટોડા જેવી લાગી.

પ્રકરણ ૪૫ મું.

અરે એ તો નાજાં!

તેજ છે એ ઓરત, ને નારી તે તેજ;
તેજ જેને પ્રથમથી પ્યારી તે તેજ.

કરથી મુજ પંખેરૂં જાયરે નસીબ!
અભાગ્યો હું કેવો છું હાય રે નસીબ!

કીસમતને નહીં આવતી જરા કદર!
જે મને ભાવથી આ નારી સુંદર;

પહેરોણાગત પુરી થઈ, એટલે સઘલાં મેહેમાનો મોડી રાત્રે વસરજન થયાં. હવે ઘરમાં બાહેરનુ જો કોઈબી રહ્યું હોય તો તે હીરાજી હતો!

ગુલ અને પીરોજા સર્વે પોત પોતાને વગે—સગે થઇ ગયાં અને હીરાજી જેમ હમેશાં ઉતરતો હતો તેમ બંગલાની પાછલી તરફનાં સુંદર આરાસ્તા કરેલા ઓરડામાં આરામ કરવા ગયો.

ત્યાં આપણે નાજાંની જરા ખબર લઈએ. પીરોજશાહ અને તેમનું કુંટુંબ આ ગુરાબાદ તેણીને ઊંઘેલી જોઈ ગુપ ચુપ બાહાર નીકળી પડ્યા ત્યારે ખરી રીતે જોતાં તો નાજાં પોતાના બીછાણામાં જાગૃત સુતેલી હતી. તેઓ સરવે ગયા બાદ તેણી થોડીકવારે બીછાણામાં ઉઠીને બેઠી અને વિચાર્યું કે 'મને આજના બનાવથી આખી રાત ચટપટ થયા કરશે અને ઉંઘ આવનાર નથી વાસતે આએ આયા (લુસી)ને અહીંથી ખેરવુંતો ઠીક. મારી હીલચાલ એને શક ઉપજાવનારી થઇ પડશે' એવું ધારી નાજાંએ લુસીને બાહાર જઈને સુવા ફરમાવ્યું. લુસીએ પ્રથમતો તેમ કરવા સાફ ના પાડી

પોતાના શેઠ શેઠાણીનો વાંધો બતાવ્યો, પણ પતેતી જેવા સુભ પ્રસંગે રાએતા કરતાં વધુ ટકોરો ટાંસ્યાથી તેણી જરા લેહેરમાંજ હતી, એટલે તેની ખુમારીમાં તેણી નાજાંના માયાળુ શબ્દોની સમજાવતે પોતાનું બીછાણું ઊચકી અંતે પોતાના ઓરડીમાં સુતી!

* * * * * *

બેચેન બનેલો હીરાજી પોતાના ઓરડામાં નચીંત પડેલો ન હતો. બસ નાજાંના શંકાભર્યા ખ્યાલમાં આએ બાજુથી પેલી. બાંજુ તરફડીયા મારી-મારીને અંતે ડંપટ પડવા છતાં તેનીઆંખ લાગી નહી. આજ સાંજનાં બનાવે તેનાં નબળાં ભેજાં ઉપર ખચિત જબરી અસર કીધી હતી.

નાજાં તેને જોઇને ચમકી ખરી, પણ નાજાં કોણછે અને કેવીછે તે તેણે સાંજ પછીથી ઘણી ખંત છતાં જોયું-જાણ્યું ન હતું; જેથી હવે તેને ચટપટ થઇ કે જો બને તો રાતના આએ સાંત સમાનો લાભ લઈ તેણીનાં ઓરડામાં છુપી રીતે દાખલ થઇ સઘલું પ્રત્યક્ષ જોઈ આવવું

। ઉલ્લડાઇભર્યો અખતરો અજમાવી જોવાને તેને વિચાર આવતાંજ તેતો એકદમ છલંગમારી બીછાણામાંથી ઉઠી ઉભો થયો.

પોતાના પગમાં પેહેરેલી સ્લીપર તેણે કાઢી નાંખી ઉઘાડેજ પગલે આગલ કદમ ભરર્યા પ્રથમ પોતાના ઓરડામાંથી આસતે બાહાર પડયો, અને જેમ જેમ નાજાંના ઓરડા ભણી આવતો ગયો તેમ તેમ પગનાં અંગોઠાપરજ અતી ધીમે અને ધડકતી છાતીએ ચાલવામાંડયું.

અંતે ઉસકેરાયલી હાલતે તે ત્યાં ધડકતી છાતીએ જઇ પુગ્યો.

“પીલચર વીલા” વિશાળ હતો. એ માતબર મકાનમાં ૩૮ ઓરડા હતા. પીલચર ફેમીલીનું તેમાં વસવું હાથી આગળ બકરૂ ચાલે તેવું હતું ! દરેક બાબદની હરએક સગવડનાં જુદા જુદા ઓરડા વપડાશમાં લેતાં છતાં તેનો ઘણો ભાગ આરાસ્તા કરેલો ખાલી પડી રેહુતો હતો.

પીરોજશા પીલચર અને તેમનું કુંટુંબ પતેતીની રાતનાં. નવાં વરશ ભેગી એ મોતબર મકાનનાં માતબર માલેકની સાલગીરેનું

ભારે ભંપકાદાર ખાણું મિત્ર-મંડળની ભેગી રચનાથી લઇને સઉ વગે સગે થયા પછી રાતની શુંદર સાંતતાં તે મેહેલ સમાન મકાનમાં રાજ કરતી હતી. આવે ગંભીર સમે હીરાજીને ઓરડા તરફ તેણી કોણ છે તે તપાસવા આવતો આપણે ઉપર જોઇ ગયા છીએ.

હીરાજી આસતેથી નાજાંનાં ઓરડા આગલ આવી પુગો. બારણું અંદરથી અલગુ બંધ હતું તે સંભાલથી શેહેજ ખસેડી જોયું.

બારણુ અલગું જ બંધ કરીને તેણી નીંદ્રાવસ થઈ હતી એમ તેણે બારણાની કલવાટે જોઈ લીધું. તેણે પ્રથમ એકદમજ અંદર જવાનેઃ વિચાર કીધો, પણ હંમેશાં પાપી હઇડું હીચકારૂં હોય છે એટલે તે અંદર જતો અચકયો, એટલા માટેજ, કે નાજાં કદાચ ચીસ પાડે તો ઘરમાનાં બધા જાગૃત થાય!

તે આજુબાજુ જોવા પડયો—બારણુ છોડી સેહેજ આગલબી વધ્યો, પણ તેને સધ્યારો હતો કે સઉ પોત પોતાને જગેજ સાંત હતાં.

હવે તે નાજાંના ઓરડામાં ઘણો આસતેથી દાખલ થયો; બારણુ ચીચવાય નહી અને તેનાં મીજાગરાંઓ બારણુ ઉઘાડનાર ઉપર અંદરનાં માણસનું ધ્યાન ખેંચે નહી માટે સંભાલ લીધી. એમાં તે ફાવ્યો. બારણુ પેહેલાં તો સેહેજ ચીચવાયું ખરૂં, પણ નાજાં—નિરદોષ નાજાં જેણી તુરતનીજ ભરઉંઘમાં પરેલી હતી તેણી તેથી સજાગ્રત થઈ શકી નહીં.

ગરીબ છોકરી! તું શું જાણે કે તારી પાછલ એક અધમ પાપી વળી કેવો તલપયો છે? નિરદોષ નાર, તુંતો તારી મીઠી ઊંઘમાં ઊંઘે છો! જ્યારે એક પાપી હઈયું અમરથું અકૂલાયછે.

હીરાજી ઓરડામાં પગ મેલતાંજ ધીમે કદમે નાજાંના પલંગ પાસે પુગો. પોતાના મોહપર બતીનો ઉજાસ ન આવવા માટે તેણીએ સુતી વેલા તેનો ઓથો કીધો હતો, જે તેણે ખસેડી નાખી તેણીનાં મોહપર પ્રકાશ પાડયો.

નાજાં પોતાના બીછાનામાં માત્ર મોઢું ખુલુરાખી આખા આંગને એક સુંદર સુજણીથી સાંતીને સાંત સુતેલી પડી હતીઃ ખુબસુરત નાજાંની છક્ક કરી નાખનારી ખુબસુરતી તે બતીના પ્રકાશમાં બેવડી ડીપી રહી. તેણીનો ગોલાબી રતાસદાર ચેહેરો જોતાંજ હીરાજી ઝટ ચમકીને બોલ્યો કેઃ—

"અરે એ તો નાજાં!"

થોડો વખત સુધી તો તે તદન ફીકકો પડી દીગમુઢ જેવો દંગ થઇને ઉભો રહયો, પછી સરદ હાય સાથે તે પાપી પટપટયો કે:

કદર કંઈ ધર-ફીકર કંઈ કર-અરે ન્યારી અરે પ્યારી;
જલે જીગર-ભમે ભમર-અરે ન્યારી અરે પ્યારી.

હીરાજીનું એમ બોલવું કે તુરત નાજાંના કાનમાં તે હલકો અવાજ જઈ અથડયો, જેથી તેણી અજાયબી સાથે ચોંકી ઉઠી!

એજવખતે નાજાંથી એક જબરી ચીસ પડઇ જતે, પણ જુસ્સા અને ગુસ્સા વચ્ચે જોયું કે જે જવાનને તેણી પોતાનો ભવિષનો ભરથાર સમજતી હતી તે તો તેણીનો કટટો વેરી વીકાજી વકીલ હતો!

પ્રકણ ૪૬ મું.

અરે! એતો વીકાજી!

શરમ છે, શરમ છે, શરમ છે, શરમ!
કરેછ એવાં કાલાં ને ફુંડા કરમ
નારી એક નિરદોષ ની પુઠ ફરેછ;
હર જગે નિંદાઓ તેની કરેછ.
દુર થા ઓ પાપી ને બદતર જવાન!
પરવાહ શી? તુજ સમા સત્તર જવાન!

"ઓ માય રે! એ કોણ? વીકાજી કે!" નાજાં ચમકી

"નાજાં! નાજાં! જરા વાર સબર કર!" વાંચનારને હવે સમજાવવું પડશે નહી કે તે મુજી વીકાજી જે હીરાજીનાં છુપાં નામ હેઠલ સંતાઇ એક સુખી કુટુંબનું અત્યારવેર જે સત્યાનાસ વાલતો હતો તે ઘણા ગભરાયલે-ફગલાયલે ચેહેરે કરગરીને કેહવા લાગ્યો. "તુને બીહવાનું કંઇજ કારણ નથી. હું કોઇ શેતાન દેવ કે ખવીસ નથી, પણ તારાજ જેવું એક આદમી છું. તેં મને પીછાણ્યો છે તો હવે મને કેહેવાની કશી અડચણ નથી કે હું તેજ વીકાજી વકીલ છું કે જેણે તેં એક વેલા માન આપ્યું હતું. નાજાં! મારી માનીતી મુર્તી! સાંભળ, તું કાંય તારી જવાન ને જોબનવંતી જીંદગીને એ રીતે શેહેરે-શેહેર ભટકીને કેહેરભરી કરે છે.? જો હજીબી સમજ? તારૂં કાંઇ એમાં વલવાનું નથી. તારા

અસીલ પીતા તારી જંજાલભરી જુદાઈથી મરણને ખાટલે અડયા છે, અને તું સત માનજે કે જે દીવશે જાય છે તેમાં તેવણ આ દોરંગી દુન્યાને સદાની સલામ કરી મીનોઈ જેહાનમાં કુચ કરી જશે. છતા બાપે અને છતી દોલતે તું આજે દરામણા દુઃખોમા દોહવાય છે એ તારી કેવી સરજત? એ તારી કેટલી જાહેલીયત? એ તારી કેવી મગરૂરી?"

નાઝાંએ તદન ગભરાટભરી હાલતે તેનું સઘળું પીજન ડઘાઇને સાંભળ્યું.

"વીકાજી" નાઝાંએ હીમ્મત રાખી તેને જરા દમામમાંજ દબરાવ્યો, "કેમ, તું મારી પુઠ હજી નથીજ છોડતો કે? આવી ડરામણી રાતે, મારી વગર રજાએ મારા ઓરડામાં દાખલ થઈ મારી શાંત ઊંઘમાં ખલલ કરવાની તુંને કોણે સત્તા આપી? બસ, એકદમ ત્યાંથી તારી આબરૂમાં બાહાર ચાલ્યોજ જા! નહી તો યાદ રાખજે કે એનો અંજામ સારો આવનાર નથી. ચાલ--કાળ કર અને ત્યાંથી બસ દુર થા."

પાપી માણસો ગમે તેવા હીમતવાન છતાં પોતાનાં કરતુકની અસરથી બીહીકણ બની જાય છે. એવોજ હાલ વીકાજીનો બન્યો હતો. નાઝાં ઉપલા જોસ્શાભર શબદો બોલતી જેવી બીછાણા પરથી ઉતરી કે વીકાજી ઘભરઇ ગયા કે રખે કાંઈ ગડબડ કરી મેલી તેણી ઘરમાંનાં બધાને જગાડે! આથી તે તદન લાઈલાજ બની ગયો અને ઘણીજ કાકલુદી સાથે કેહવા લાગો:- "જો નાઝાં તારે લીધે મેં મારી જીંદગી ધુલ કીધી છે, અને હવે હુંબી ત્યાં થોડાજ વખતનો પહેરોણો છું. તારા વિચારે મને વિચિત્ર બનાવી દીધો છે એ નક્કી છે, ત્યારે એમાંજ કોઈ દહાડો થંડો થઇ જવાનીબી વકકી છે. હું તને અપમાન કરતો નથી પણ અંસપરસના ખુલાસા માટે હું તારી પાસે આજીજીથા અડધો કલાક માગી લઊંછુ. નાઝાં! મારી વિષવાષુ નાઝાં!" અને અહીં વીકાજી વધુ વીનવવા માટે નાઝાંનો નાજુક હાથ પકડવા જતો હતો-

પણ નાઝાં-પોંહચેલ થાવકી છોકરી-જાણતી હતી કે એ તેના બધા ઢોંગ સોંગ છે. એક પણ મીનીટ તેને પોતાના ઓરડામાં વધુ વાર જોવા સારૂ નાઝાંએ જો નાખતી કીધી હોયતો વીકાજી એ

તેણીના પીતાના ભયભરી માંદગીના એસારા માટેજ. પોતાના પાજી સ્વભાવના પણ એક વેળાના અતી વાહલા પીતા માટેના એવા એસારાએ એ કમનશીબ પણ નિરદોષ છોકરીપર એવી તો ગંભીર અસર કરી કે કંઈ નહીં તો તેવણ માટે કંઈક વધુ જાણી લેવા સારૂજ તેણીએ વીકાજીને થોભવા દીધો. એમ છતાં તેણી અંદરખાનેથી તેને એટલોબી 'લાહારો' આપવાની પોતાપર પડતી કુદરતી ફરજ કાજે જીગરથી દુ:ખી અને દલગીર હતી.

"ભાઈ વીકાજી" નાજાંએ અંતે શાંત પડી સમજાવ્યું. "ખોદાનોજ ખ્યાલ કરી તમારી શુધ ઠેકાણે રાખો. મેં તમારૂં કશું બગાડયું નથી. મારા સરતાજ પીતાને તે સાહેબ સલામત રાખે, પણ આજ કાલ તો હું એમ સમજુછું કે હુંતો આએ દોરંગી અને દગાબાજ દુનયામા એકલી. નવારેસ, નબાપી, અને નમાઈ છું. દુ:ખથી હું હવે કટાલી છું અને સુખના સાહ્યાની સોધમાં ખંતીલી બની છું, પણ મારીપર એક મેહેરબાની તરીકે, બીજુ સઘળું પડતું નાખી મારા પ્યારા પીતા માટે તમે હમણા જે ઈસારો કીધો છે તે બાએ જે સઘલું ખરૂં જાણતા હોવો તે પેહેલાં કહી દેવો."

"નાજાંમાય" નાજાંના નરમ શબ્દોથી વીકાજીને હીમત આવી "ખરો ખુલાશો તો એછે કે તમે એવી મીઠી મીઠી વાતોથી લલચાવીને સમજાવા માંગતા હોવો તો તેમાં તમે ભુલાવો ખાશો. આએ ઓરડામાં દાખલ થતાંજ મેં બારણાની કળ માંહેથી દીધી છે જેથી તમે મદદ માટે બુમબી પાડશો તો કંઇ વલવાતું નથી." તેણે નફ્ટાઇથી વધારયું. "ખાતરી રાખજો કે તમારી સાથની આએ મુલાકાત હવે તો એમાથી એતે એક છેડો લાવી નાખશે. જુઓ ગમે તો મારો હાથ કબુલ કરો અને ગમેતો મને આપઘાત કરવાનો સબબ આપો."

"જોની એ મુજી" નાજાંએ નેણ ફેરવયાં "ફરીથી કહુંચ કે તારી શુધ ઠેકાણે રાખ. તું જેવા હીચકારા એબીઅલની ખોટી ભપકીથી હું સેહેજબી ડરી કે હટી જઈશ નહીં. ફકત મારી એકજ ચીસ! અને એવા હજન દરવાજા તો એક લેહેજામાં તુટી જશે. હું ભલમનસઈથી તમને પુછુછું અને તેનો એવો શરમભરયો જવાબ આપોછ? શરમ છે! લાનત છે! તમારા અને તમારા ધંધાના નામને! ચાલ—

"નાજાં, મને કાંય તુ મારી નાખવા બેઠીચ" વીકાજીએ તેણીને વધુ બોલતી અટકાવા "જોજે, ઘણીજ પસતાશે. તારા બાપની બાદશાહી દોલત તજીને એવી રીતે લોકોને ત્યાં ઓરત્યા લો તુકડો ખાઈ વસવા કરતાં તે દોલતથી તું હંમેસની એશ આરામ કરે તો કેવું ?"

"જોની, વીકાજી" નાજાં ઘણી ચીરડાઇ ગઈ "મારા પીતાને લગતી બીના જો તારે નથીજ જણાવવી તો હું હુકમ કરૂંચકે એકબી મીનીટ બોલ્યા વના અહીથી કાળું કર ! તું તો હીચકારો શું આપઘાત કરતો'તો. પણ યાદ રાખજે કે તારી જીંદગીની છેલી ઘડી વટીક મારા ઠરાવને રજભારબી ફેરવનાર વથી. ચાલ નીકલ."

"બાવા !" વીકાજી સંતાપી રૂપે બોલ્યો, "તારા બાવા તો ખચીતજ મો'તદાયક માંદગી ભોગવે છે. તેવણે મને ઘણી વખત કગલીને કહ્યુંછ કે 'મારી નાજાંને એકજ વખત તું મારી નજર આગલ લાવે તો હું તમને બેઉ જણુને મારી નજર આગલ પરણાવી આપી મારી બધી દોલત તમો બેઉના નામપર કરી આપુ."

"અરે ચંદાલ ! જો કોઇનેબી મારા હાથને લાયક ગણું તો તે શાવકજ છે" નાજાંએ તેની તરફ પોતાનો તીરસ્કાર બતાવ્યો, "તારા જેવા સત્તર જવાનો પછાડા મારે તેની મને શી પરવાહ છે?"

"શાવક-ફાવક તો ડાકટરની પરિક્ષાના અમથાં ફાંફાં મારી મરેચ !" વીકાજીએ તેણીને વધુ ખીજવી. "એવા ભીખારી પોરયા સાથે પરણીને શું સુખી થવાની છે ? મુગી મુગી—

"બેશરમ ઉટ, અત્તર ઘડી બાહાર જા," નાજાંએ તેણે એકબી બોલ હવે વધુ બોલવા દીધોજ નહી" ચાલ નીકલ—નહી તો જાણ કે હમણાં આખું ઘર ગજાવી મેલુંચ !"

અને ખચિત ઉસકેરાયલી નાજાએ તેમજ કીધું.

પ્રકરણ ૪૭મું.

રસાકસી.

ધીક્કારૂંછ હું તજને, ને કામને તારાં,
હ્યાનતથી નીરખુંછ હું નામને તારાં.

વાત રસપર ચઢી. વીકો હવે તો ખચિત ખીધો.

“ચાલ એકદમ ચાલતી પકડ” નાજાં ફરી એકવાર ચીરડાઈ ઉઠી “જાણુ ! કે એક પલમાં તુંને રૂસવા કરી મેલશ, માટે હજીબી તારી આબરૂમાંજ હ્યાંથી એકદમ આઘો થા.” થોડો વખત ગુસ્સાથી થોભી “તારાં સઘલાં ચેણુ-ચરીત્રો હું સારી પેઠે સમજુછ, પણ કદીબી તારા જેવા લુચ્છાથી લોભાવાની કે એંચાવાની નથી. ચાલ, હ્યાંથી હવે હઠી જા.”

“નાજાં, જરા સબર ! તું—

“નહી, એકબી બોલ નહી” નાંજાંએ તેને એકદમ અટકાવ્યો “બસ તું નીકલ હ્યાંથી.”

“અરે, તું એવી કાંય કૃર બનેચ” વીકો કગલવા લાગો પણ તેનાથી વધુ બોલાયું નહી.

જેમજેમ આ મુજી તેણીનાં મોહ્ડાં સાંમે ઉભો રહી વધું પીંજણ કરતો હતો તેમતેમ નાજાં વધુને વધુ ચીરડાઇ જતી હતી.

“જોજે વીકાજી, તું જરૂર રૂસવા થશે” નાજાંએ નેણ ફેરવ્યાં “તારી ફજેતી થવા સાથે તુ તારા પાપી છટકામાં પોતેજ ફસી જશે.”

“તારી દયાપર લટકેલો વીકાજી,” તેણે બેદરકારી બતલાવી “દુન્યાના વીઘનોનીબી દરકાર કરનાર નથી. તુંજ જોશે કે હું મુષકેલી છતાં ફાવીસ કે નહી ? તુંનેજ હું હાથ કરીશ, અને આજે નહીતો કોઈબી વખતે તુંજ આ મારો હાથ ધરશે-સમજી. ?

“હેફ પડજો તારા હ્યાનતી કામપર—ઓ હલકા હવસ અને હઠને તાબે થયલા ખવીસ હેવાન ! ચાલ, બાહાર નીકલ” તેણી જુસ્સામાં ને ગુસ્સામાં વીકાજીને આંચકો મારીને હંકેટી કાઢવા નીકલી “હવે તારી ફજેતી થશે એટલુંજ નહી પણ પણ—” હ્યાં નાજાં ઉશકેરાઇ ગઇ. તેણીથી કંઈબી વધારે બોલી શકાયું નહી?

વીકાજી હવે નાજાંનાં આચકાથી લગભગ બારણા આગલ આવ્યો, પણ આથીબી વધારે હીનપસ્તી અને આફતમાં લાવવાને તેણી વધારે શુ કરશે કે "પણ–પણ"-બોલીને નાંજા અટકી ગઇ, એ વીચારે તે તુરત દબાઇને દરવાજામાંજ અટકી ઉભો.

"પણ–પણ શું ?" તે લથડતી જબાંને પણ બાહારનાં દમામથીજ પુછવા ઉભો.

"પણ શું ! હજી નફ્ત નાંકે મને પુછેછ ?" નાજાં હવે ઉખડી. તેનાં બાંહારના દમામી સવાલનો એક જબરા ફટકાએ જવાબ આપવાની તેણીએ હવે જરૂર જોઇ. " અરે કંગાલ ? તારાં કાળાં કરતુકની શું ખબર નથી કે મારે મોઢે બોલાવેછે ? જેનાં માન-હુશાનભર્યા સાહ્યા-છાયા હેઠલ તું અને હું આજે અહી એકઠાં મલી ગયા છઈયે તે અસીલ કુટુંબને તેં પાપી, ઘાતકી, બદ કરતુકનાં બુરાએ કેવા ઉંડા ખાડામાં ફસાવવાની વેતરણ કીધીછે ? આ પીલચરની પીરોજાને—પરી જેવી પુત્રીને તારા પાપી પંજામાં લેવાને તે જે જે પ્રપંચ કીધાછે તે શું હું નથી જાણતી કે ?" ત્યાં તેણીએ જરા દમ ખેંચ્યો "એ ભોળાં અને ભલાઓ તારો ભેદ શું જાણે કે તું એક દેવનામ દેવછે ? એક ખુની ખવીશ, એક પ્રપંચી પાપી, અને નિચ નજરનો નાપેકાર છે?" નાજાં વધુ ને વધુ ઉસકેરાતી ગઈ "સહવાર પડતાંજ એ ભયંકાર ભેદને ખુલ્લો કરી એક હાથપર તુંને ખાડો પાડુંચ અને બીજા હાથપર તે બીચારાં અસરાફોને બચાવી લેઉંચ. તુંને એ મકાનમાંથી સરમીંદગી સાથ નીચે ઉતરાંઉછ-નહીતો" અને ત્યાં નાજાંએ, જેમ એક સરદાર તટાર ઉભો રહીને લાંબો હાથ બતાવી પોતાના લશકરને રોઆબથી હુકમ કરે તેવા, દમામદાર દેખાવે તેણીએ લાંબા હાથે બારણા તરફ આગલી દેખાડી "નહીંતો આએજ મીનીટે તારૂં અહીંથી કાળુ કરી તાંરી શોભામાં મારી નજર આગલથી નાબુદ થા ?"

રમાકસીની અને ઘેર ગાજી રેહેવાની આ સઘલી અણીપર આવેલી પલો હતી.

"નાજાં ? નાજાં ?" વીકાજીએ એકવાર છેલ્લી દયા ચાહી પણ નાજાં આ વેળા ખરી નરમાસ વાળી નાજાંના રૂપમાં હતીજ

નહીં. તેણી વીકાજીપર એટલી બધી તો ઉસકેરાઇ ગઇ હતી કે તેને બરોબર રસ્તે ઉતારી દેવાને તેણી પુરતી હીંમતવાન હતી, તેણીના રતાસદાર રૂખશારપર એવી તેજી ચઢી આવી હતી કે તેણીનો તે વેળાનો દેખાવ, તેણીની હંમેશની અદબ અદા, કોમળતા અને છક કરનારા દમામથી કેવળ વેગલો થઇ જઇ એક ઉસકેરાયલા રાક્ષસ રૂપ થઇ રહ્યો હતો.

વીકાજીને હવે તો એકબી બોલ તો બોલવા શું પણ એક પળ પણ ત્યાં નહીં ઉભો રેહેવા દેવાને તેણીએ નિશ્ચય ઠરાવ કરયો.

"ચાલી જા" એકદમ ગુસ્સામાં તેણીએ તેને ઓરડાની બાહાર આચકો મારતાં મોટેથી કહ્યું. જે મોટા સાહાદને લીધે ઘરમાંનાં માહેલા ભાગમાંથી કુત્રાઓ ભસવા પડયા. વીકાજી આથી ગભરાઇ ગયો, અને નાજાંનાં આચકા સમેત તે નીચી નજરે જોતો આવ્યો તેવોજ ચાલી ગયો.

* *

પ્રકરણ ૪૮મું.

વિકાજીનું ગુમ થવું.

એવાંજ હોય અંતકાલે પાપીના ફેંજ;
બુરાને બદકારનું સૈવટ છે એજ.
હેર છે આ મુજી; તુજ નામપર છે ધુ!
પામ્યો હતોજે તું અંતે આ શું!
ધન છે આ નારી, તુજ નીતિને ધન;
ધન તારા પ્યારને ને પ્રીતિને ધન!

તે નાજાંનાં ઓરડામાંથી એકદમ નાઠો. જેવો વીકાજી તેણીનાં ઓરડામાંથી નીકલ્યો કે ગુપચુપ પોતાના ઓરડામાં ભરાયો. અહીં તે પોતાની અગત જોગી ચીજોજ પોતાં સાથે લઇ એકદમ તે પોખાલ પીલચર વીલાને સદાની છેલ્લી સલામ કરી ત્યાંથી ચાલી ગયો.

તે ત્યાંથી નાઠો, પણ તે ક્યાં ગયો તે જાણવાનું હાલ આપણને કાંઇ કારણ નથી.

પોતાની નજર આગલથી તે પરમ પાપીને એવી રીતે માહાત થયલો તથા તેનાં પ્રપંચી પંજામાંથી પોતાને સલામત બચેલી જોઇ નાજાં ખુદાનું હેંશાન માની નચિંતેમ્નીદ્રાવસ થઇ.

તેણી સુની ખરી, ઊંઘાઇ ખરી પણ થોડે થોડેવારે જપકીને ઉઠયા કીધી કાં'કે આજ રાતનો આ ઓચીંતો બનાવ એટલો અચંબાકારક હતો કે તેણી ચોંકે તેમાં કશી નવાઈ નહી.

તેણીએ નકકી માન્યું કે તે હવે કદી બી સહવાર થતાં આ મકાનમાં રેહેવાનો નથી, અને નક્ટ નાંકે જો રેહેવા માગે તો તેદ કાલને કાલ હું આએ મકાન તજી જવશ અને મારા મેહેરબાન મેજબાનોને એવા નીચ નજરના નકટાથી ચેતેલા અને ચોંકેલા રેહેવાની ચાંપીને તાકીદ કરી જવશ.

અંતે સહવાર પડી. સર્વ બિદાર થઈ બિછાનું તજી પોશાક શજી ચાહા પીવા લાગાં; મગર હજી નાજાંને 'હીરાજી' (!) જણાયા નહીં. હીરાજી તો હોયજ કયાંથી કે નજરે પડે? પણ નાજાં તો જાગ્રત છતાં, શું બનેચ તે પ્રથમ જોવા સારૂં સાત-વાગા સુધી બીછાંનામાં પડી રહી. બારણાની કળ વાટે પીરોજા જોઈ ગઈ તો નાજાં તેણીને સુતેલીજ જણાઇ, પણ હીરાજીના ઓરડામાં તે હીરોતો કંઈ જણાયો નહીં.

"હીરાજી કયાં છે ?" "હીરાજી કયાં ગયા" એવા સવાલો સઘલા વચ્ચે ઊઠયા, પણ તેવામાં લુસી આયાએ ખબર આપી કે તકીયાની તળેથી આએ ચીઠી મળી આવી છે. સર્વજણે ધ્રુજતે જીગરે તે ચીઠી જોઈ અને પીલચરે વાંચી તો તેમાં નીચે મુજબ મોહકાણનાં સમાચાર લખેલા હતાઃ—

"પીરોજશાહુ શેઠ અને પ્યારી પીરોજા—હુ જાઊંછું. સદાનો જાઊંછું. મને માફ કરજો. હું આપઘાતથી મારો અંત લઉંછું જેનાં કારણો જણાવી શકતો નથી"—હીરાજી.

પીરોજા તો સાંભલતાંવાર બેશુદ્ધ થઈ! આખા ઘરમાં રડારોલ અને ઘબરાટ મચી રહયો. ગુલ; પીરોજશાહ અને આયા લુસી તો ગઈ સાંજે ઉપજેલા શકપરથી ડઘાઇજ ગયાં. શું કરવું અને શા ઉપાય લેવા તે કોઇને કાંઈ સુઝે નહીં. અંતે કુવે તલાવે તપાસ કરવાનું પીલચરને ભાંન આવ્યું. સઘલે ગુપચુપ સોધા સોધ કીધી પણ હીરાજીની લાસ જડી નહીં.

આગલા દીવાનખાનામાં એ ગભરાટ અને ગડબડ થતાંજ નાજાં ઉઠીને તયાર થઇ. તેણી તો સમજી ગઇ કે કાંઈ મોહકાણનાજ

સમાચાર છે, એમ છતાં તેણીએ નકી માન્યું કે વિકાજી આપઘાત કરે એ નહીં બને એવુંછે. તેણી હાથ મોહડું ધોઈ બાહાર આવી અને જાણે કંઈ જાણતીજ ન હોય તેમ બધાને રડમેશ જોઇ પુછવા લાગી કે "શું છે? એ ધભરાટ શાંનો ?"

"ભોગ અમારા !" પીલ્લચરના ધણીઆણીએ કપાલ કુટયું. "હીરાજીએ એકાએક આપઘાત કીધો. ત્યારના પછડાઇએચ પણ પત્તોજ નથી"

"પણ તમે કેમ જાણ્યું કે આપઘાતજ કીધો" નાજાંએ આસ્તેથી સવાલ કીધો,

"કેમ જાણ્યું ? પુછેછ દીકરી" આંવાબાઇ બોલ્યાં "અરે આએ ચીઠી બળીછની. મારી માય, તું કંઇ સંતાપ કરી સીક નાં પડતી જો।

"નાજુ માય" પીલ્લચર બોલી ઉઠયા "એ વાતની તમે પુછપરછ કરી નાહક તમારી નબલી તબીયતમાં વધારો નહીં કરશો તો સારૂં."

"સબર કરો તમે બધાં ધભરાવો ના" નાજાંએ બધાંને સાંત કીધા "મારો ખુલાશો તમે સાંભલો. હીરાજી હૈયાત હોવો જોઇએ. આપઘાત તે કરે નહીં અને તેણે કીધોબી નથી પણ--

'હેં ખરેખર !" બધાં સાથેજ વચ્ચે બોલી ઊઠયા.

"હા, હા, એ ખચિતજ ખરૂં છે પણ ધીરજ ધરો, હરખાઇ ના જાવો. મારી વચ્ચે કંઇ બોલતા નાં. ખુશી બદલે ખફા થવાનું છે, હરખાવાને બદલે અફસોસ કરવાનું છે! એ તમારા કેહેવાના હીરાને વધાવાને બદલે વખોડી કાહડવાનું છે" નાજાં હવે ઊશકેર ઇને બોલવા લાગી અને બધાં તેણીને ડધાયલે ચેહેરે સાંભલવા લાગા "હું ખાતરીથી જાણુંચ તેમ હીરાજી હૈયાત છે. સાધુના સાલ્લામાં સંતાયલો એ સેતાન, એક હરડતો લુચ્છો, કુછંદી, બદ નજરનો અને કંગાલ અંતઃકરણનો દેવે નામ દેવ હતો. તમોને અને એને એકાદ વરસની પીછાન હશે પણ હું એને વરસો થયાં ઓલખુંછું. એક વખત એવો હતો કે એજ ચંડાલ સાથ હૂં ખાતી, પીતી તથા હસતી બોલતી હતી, અને એક દીવસ એવોબી હતો કે એજ મુજીને મારો જ.વનનો ભરથાર કરવાની ઉમેદ રાખતી હતી,

પણ જે દીવશે એનાં કાલાં કરતુકોની મને ખાતરી થઈ ત્યારથી બસ મને એ ઝેર જેવો લાગે છે. હું જો કંઈબી એને માટે જુઠું બોલશ તો મને તેનો બદલો ખુદા દેખાડયા વીના રેહેશે નહીં. એ મુઉ માણુસે મારી આખી જીંદગી ધુલમાં મેલવી છે. એ તેજ સખસ છે કે જેની સાથે નહીંજ પરણવાના મારા મજબુત ઠરાવ સારૂ મને મારા બાવાને મારા બાપીકા ઘર; અને બાપીકી જાહોજલાલીને જીંદગી સુધી તજવી તેમજ તરછોડવી પડી છે. એ પાપી હું જયાંબી જાઊંચ ત્યાં બસ મારી ને મારીજ પુઠ પકડી રહયોછે. સીકંદ્રાબાદ હું હતી ત્યાંથી મને નહશાડનાર અને રાતની વેલા રસ્તાપરના ફાણુસની એકાએક અડોઅડ મલી જનાર એજ હતો. ગઈ સાંજે એનું એકાએક આવવું જોઈ હું ચમકી અને ચમકતાંજ હું બેશુધ બની તેનોબી સબબ એજ હતો, કે જેનું ખરૂં નામ વિકાજી છે (ત્યાં સઘલા એકદમ ચમકે છે.) અને પોતાનું નામ હીરાજી તરીકે અડાવ્યું છે. એક હલકી પંકિતની નીચ જુદદીન ઓરતનાં છંદમાં પડેલો એ સડેલા હૈયાનો સેતાન સાધુના રૂપમાં (પીરોજા તરફ આંગલી દેખાડી) આગરીબ પીરોજાનો પ્યાર મેલવવા જે પેરવી અને પ્રપંચ કરતો હતો તે કંઈજ નહીં પણ તમારા કીર્તીવંત કુટુંબને કલંક લગાડવાની તેની કંગાલ કોશેશ હતી. પણ હું ખુશીખું ને ખાતરી આપુંછું કે પીરોજાએ અને તમારા પરિવારે તેને ચોકસ હદ સુધી અંદાજમાંજ રાખેલો હોવાથી સેહેજબી ગંભીર હદ સુધી પુગવાને તે પાપીને આ પીલચર વીલામાં તેવો લાહારો મલ્યોજ નથી. હું બોલતા બોલતાં થાકી ગઇ છું એમ છતાં હજી એક અગત્યનો ખુલાશો બાકી રહી ગયો છે.'' ત્યાં નાજાંએ ગઈ રાત્રે તેણીના ઓરડામાં દાખલ થઈ જે ચાલ ચલાવી હતી તેનો પ્રગટ બોલોમાં તેણીએ ખુલ્લો ખુલાસો કીધો જે સાંભલી પીરોજા તથા સઘલાં ડઘાઈજ ગયા અને જે સઘલાં હીરા(!)ને વખાણુતાં હતાં તે બધાં તેવા પાપીના પંજામાંથી સલામત અને સોભામાંજ બચી જવા ખાતર ખોદાનું હેંશાન માની તેને શ્રાપ દેવા પડયા. નાજાં એટલુંજ બોલીને બેસી રહી નહીં. તેણીએ કહ્યું કે "વીકાજીએ આપઘાત નથી કીધો તેનાં ખુલ્લાં કારણો ઘણા છે. જો તેમજ કીધું હતે તો પોતાની લાસ હાથ લાગવા

સાર તે એવી જગા સોધતે કે તે તમોને મલી આવે. તમારી ચાંપતી સોધ ખોલ છતા તેનો કંઇજ પત્તો નથી એટલે હવે" (ત્યાં નાજાં સર્વને વીકાજીના ઓરડામાં લઇ ગઇ અને તેનો સામન તપાસવા સુચવ્યું)

ઘણોક સામન ગુમ થયલો જણાયો. વીંટી ઘડીયાલ તેને કેશબોકશ અને મુસાફરીનો નાનો ફેનસી શામન મુખ્ય કરીને ગેપ થયલા જણાયાં હતાં. જે એક પેટી તે પોતા સાથે લાવ્યો હતો તે નાજાંએ ભાંજીને ઉઘડાવી જોઇ તો તેમાં થોડાક કપડાં સીવાય બીજુ કસું જણાયું નહીં. એ ઉપરથી નાજાંનું કેહવું ને સર્વેનું મત બાંધતું મજબુત ઠરયું કે વીકાજીએ આપઘાત કીધો નથી પણ સહવાર પડતાં નાજાં સઘલાને રાતની તેની નાલાયક ચાલનો ખુલાશો કરી દે એથી અને એવા એક ઊઠાવગીરને પીરોજશાહ પોલીસમાં પકડાવી દેવાની જો તજવીજ કરે તો તેમ કરતાં અટકાવવા સારૂ તેને આ પ્રમાણે આપઘાતની ખોટી તર્ક દેખાડી હતી.

એમ કરવામાં તેની બેવડી મતલબ હતી. એકતો નાજાં એવું સાંભલીને ભેદ ફોડતી અટકે અને બીજુ તો આપઘાત કીધેલો જાણી પીલચર ફેમીલીમાં સઉની પોતાતરફ લાગણી અને દીલશોજી ખેંચાયલી રહે. પણ તેની સઘલી નેમમાં આ ચંચલ નાજાંએ તેને પુરેપુરો માહાત કીધો.

પીલચર ફેમીલીએ એવા એક કાલા મેંહાને ઊઘાડો પાડવા અને પોતાના પરીવારનું સત્યાનાશ વાલનાર એ બગલા ભગતથી ચોંકરવા માટે નાજાંનું બેહદ હેંશાન માન્યું, અને અડધા કલાક પરજ જેઓ સઘલાં રકમેશ અને ગમમાં ગીરફતાર હતાં તો બધા આ બરમના ભોપાલાથી ભડકીને તે સઘલો ગભરાટ ભુલી જઈ સાંત અને સમાધાન સાથે સંતોષી થયા.

પ્રકરણ ૪૯મું.

મરણતોલ માંદગી.

અંતે છે પસતાવો પાપનો દવા;
મુરખાઈનાં પગલાંને એજ છે રવા.

એજછે તે હુજ્જત ને બેહોસના ફુલ;
એજ કઈ આદમને અંતે નિરબલ.
એજ કરે, કરાવે તાજેશ તાબાહ;
એજ ભરે, ભરાવે પાપનાં ઘડા;
એજ કરે આગલી કુલ કીરતિ આજેજ
એજ પગલે બુંડાઈપર ભલાઈ તરેજ.

ઘણી લાંબી મુંદતે એક મરણતોલ માંદગીનું હૃદયભેદક ચિત્ર. પ્રીય વાંચકને આજે અહીં આ પ્રકરણમાં વાંચવાનું અને તપાસવાનું છે

નીતીમાન નાજાંના પેલા અતી પાજી અને હુજજતી સ્વભાવના ક્રોધી પીતા નાનાભાઈ નસરવાનજી નાણાવટીને આપણે લાબાં અંતરે યાદ કરી તેવણ તરફ વાર્તાનું વળું ફેરવ્યે છઈયે. અરે! તે વાજતો ગાજતો મેહેલ સમાન બંગલો આજે તદન ગમગીન અને ઉજડ દીસેછે. તેના આરાસ્તે કરેલાં દિવાનખાનાં, તેના સુંદર રીતે સણગારેલાં ઓરડાઓ અને વાડી ગાર્ડી સઉ હાલહવાલ થઇ પડયાં છે. અફ્સોસ! તેનો ઉપ-ભોગ લેનાર કોઈ રહ્યું નથી.

નાનાભાઈ નાણાવટી નજલાની એક સખત બીમારી ભોગવતાં માંદગીને બીછાણે પડયા છે. આ માંદગીએ ગોયા તેમને મોતની માંદગીની બસારત કીધી હોય તેમ ગમે તેવાં દુઃખ વચ્ચેથી આજે હાથ ચોલીને પોતાના મુરખાઈ ભરેલાં પગલાં માટે એ ઘરડા ગ્રહસ્થ પસતાય છે અને પરી સમાન સદગુણી પુત્રીને પોતાની ખોટી અને મોટી હુજતના પરિણામમાં સદા સુધાની હંકેતીને ખોહી દેવા કાજ, જયારે મોહત એ બુજ્જર્ગને જમના ડાચામાં ખેંચી જવા ખોટી થાય છે ત્યારે, તેમને પસતાવો ઉપજ્યો છે. તેવણ હવેજ પોતાની ભુલ અને બેવકુફાઈ માટે પ્રગટ એકરાર કરે છે. પેલો ચંડાલ વીકાજી વકીલ, પેલો દારાબ દલાલ, કે પેલો જમશેદ લશકરી કયાં ફરે છે કયા મરે છે તેમની કશી ખબર એવણને નથી. જયાં સુધી તે માનવંત મકાનમા નાંજાંનું ખેંચાણ હતું ત્યાં સુધી તે મુંજીઓ ત્યાં રોજ પોતાનાં દીદાર દેખાડતા હતાં પણ પોતાના ક્રોધી પીતાની મુરખાઈનાં ભોગે નાજાં બાહાર પડી તે દીવસ પછી તેઓ એ ઉજડ જેવા બંગલામાં કવચીતજ બીરાજતા હતા, જે આવજાવ થોડામાસ પછી તો સમુલગીજ બંધ પડી ગઈ. જમસુ પરણીને પરવાડયો, દારાબ

દેસાવરની દલદેસરીમાં પડયો, અને વીફાજી શેહેરે શેહેર ભટકવા લાગો, એટલે નાણાવટીને ત્યાંની એ દોસ્તોની દોડધામળી દબાઇજ ગઈ. લખ્ખોની ધન-દોલત, વાડી ગાડી અને માલ મીલકત, અને જાહોજલાલીનો પોતા પાછલ વારસ કોણ રહયો તેનો તેમને છેક હવે ખ્યાલ ભયંકાર આવે છે. લગભગ મોતને બીછાને પડેલો એ હુજતી શેઠયો હવેજ પોતાની એકવારની પ્રાણ કરતાં પણ પ્યારી પુત્રીને એક હલકી હુજતના પરિણામમાં સદાની ગુમ થયલી માની કપાલ કુટે છે-હવેજ પોતાની પુરી થયલી જીંદગી માટે છેલ્લાં અવતીયાં મારે છે-હવેજ પોતાની દાહી દીકરી હઇયે તેમજ હોડે ચઢી આવે છે. અને હવેજ તેણીનો મરતી વખતેબી જોઇ પોતાની ભુલ કબુલી તેણીને એકજવાર ભેટવાને હાય અફસોસ શાથે વીચીત્ર વલખાં મારેછે !

ઓ તે કરૂણામય દેખાવ ! એક પથ્થરની છાતીનાને પણ પીગલાવવાને પુરતો હતો.

નાજાં જે દહાડેથી ગઈ તેજ દીવસથી નાનાભાઇબી પોતાના સુખને સલામ તો કરી ચુકયા હતા પણ જયાં સુધી પોતે પોતાની તંદરોસ્તી જાલવી અને જોગવી શકયા ત્યાં સુધી એ નમુનેદાર દીકરીની ખોટનો ખ્યાલ પણ આવ્યો નહીં. અંતે તાજગી તુટંતી ગઈ, અને જેમ જેમ માંદગી વધતી થઈ તથા પોતના દોસ્તોબી દુર થતા ગયા, અને તેમની ખબરેથી તેવણ ચોંકતા રહ્યા, તેમ તેમ તેમને પોતાની ખરી હાલતનો હવે અંદેસો આવ્યો. ગમે તેવું હતું પણ પોતાનું પ્યારૂં પેટનું ફરજંદ હતું એવો તેમને હવે આભાશ આવ્યો જેથી બીછાણે પડયા પડયા પણ તેવણ તેણીની યાદથી રડતા ટવલતા હતા.

આજની તેવણની બીમારી નોકર-ચાકરોને ઘણી ભયભરેલી લાગતી હતી અને તેવણ વધુ અને વધુ બકબકારો કરતાં જણાતાં હતાં કે:-“ઓ મારી નાજાં—દિકરી નાજાં તું કાંહ છે ? અરે તું કાંહ હશે ? મુવો હું ! મેં તારી દાદ લાધી નહીં—તારી કદર ધરી નહીં—તારો પાક પ્યાર પીછાણ્યો નહીં એથીજ હું આજે પસ તાઊં છું. હવે આવ ! એકજ વખત મલ. હું આએ મરતી વસતીમા થોડાજ દહાડાનો પહેરોણોછું, માટે એકજ વખત મારી

નજરે પડ અને મને કેહેકે 'બાવા, મેં તમારી ભુલ માફ કીધી છે' તો પછી હું સાંત મોહતે મરૂ—મારી છાતી ખુલ્લી થાય અને મારા દમને હવા સાથ મળતાં વોર નહીં લાગે. અરે મેં મરતે દહાડેનો વિચાર કીધો નહીં. તે વખતે મને મારી તુંદ મગરૂરીમાં ખબર નહીં હતું કે મરતે દહાડે મારા દીદાર આગલ કોણ છે અને કોણ થશે? ઓ મારી સદગુણી બેટી-કોણ જાણે જગમાં તું જીવે છે અથવા કાયે દહાડે દુ:ખ સંકટ અને વેદના વેઠીને જીવપર કરી તે દાદરની દરગાહમાં દાખલ થઈ છે! ઓ! તું હવે ક્યાંથી મલશે? અરે ખુદા હવે આએ છાતી ફાટફાટ થાય છે. મારો જીવ ઘણોજ ગભરાય છે—ઓ—ઓ—ઓ!—"અને અહીં તે બુઝેર્ગ નાણાવટી ઊંડી બેફામીમાં પડયા. તેમના હોઠો બડબડવા લાગ્યા પણ છાતી બંધાઈ જવાથી તેવણનો બડબડાત પ્રગટ રીતે ખુલ્લો થવા પામતો ન હતો, અને તેટલુંબી ફો હવે થોડા વખતમાં બંધ થઈ ગયું.

ડાકટરો દિવાનખાનામાં દોડી આવ્યા. ભારે ધબરાટ થઈ ગયો. બીજા દુરનાં સગા-વાહલાંઓ નોકર ચાકરોથી ખબર પડતાંવાર ત્યા એકઠા થયાં હતાં. તેઓએ એ શેઠની અજલ ર[illegible]લી ધારી એવડો ધબરાટ કરી મેલ્યો અને તે મોહતનાં બિછાનાની આસપાસ સઘલાં ફરી વલ્યાં.

આ સઘલા ધબરાટ સમે એકજ જીવ તેમની સારવારમાં તન મનની મેહેનતથી વલગેલો હતો. ફકત તેજ એકલો એ મરતા શેઠયાનાં બિછાણામાં બેસીને સેક, પોટીસ, દવાદારૂ વગેરેની ધમાલ ચલાવતો અને ડાકટરો સાથ ખંતભરી પરપુછ કરતો હતો. નાનાભાઇની માંદગી ભયભરેલી વધતી જાય છે એવું નોકર ચાકરે જોતા અને જાણતાંજ તે જવાનને નજદીકમાંથી તેઓ બોલાવી લાવ્યા હતા.

એ કોઈ જવાન, ખુબસુરત, અને ચંચલ સાથે નમાનો જવાન્યો હતો અને તે કોણ હતો તે અત્રે સમજાવવાને નહીં શોભતાં આપણે તેને હવે પછી પ્રગટ પીછાને પીછાનીશું એટલુંજ વાંચકને જણાવી હાલ તરત આગલ વધશું.

પ્રકરણ ૫૦ મું

નાજાંપર તાર—નાજાંપર ધાડ !

સુખ જ્યારે ઈનસાનપર કરેછે મેહેર;
દુઃખબી ત્યાં પોતાનો દેખાડેછે કેહેર.

સુખ જ્યારે નાજાંને આવ્યું નસીબ;
દુઃખથીબી ઘેરાઈ તે નારી ગરીબ.

પીલચર ફેમીલીમાં નાજાંનું માન—હેશાન હવે બેવડું વધી ગયું. તેણી પેહેલાં એ અસીલ કુટુંબની પોતાને આભારી સમજતી હતી, પણ હવે તો એ કુટુંબ, એક નીચ નામોસીમાંથી તેમને બચાવવા માટે તેણીને પોતાને આભારી થયું હતું.

જેમ પીરોજશા શેઠ અને આલીબાઈ તેમ ગુલ અને પીરોજા તો પગલે પગલે હવે તેણીને વખાણવા અને તેણીનું હેંશાન માનવા લાગા. આ બનાવમાં સૌથી વધારે અસર પીરોજાનાં મનપર થઈ હતી. પ્રથમ થોડા દીવસ સુધી તેણીનું મન સખત દુઃખાવાથી તેણી ઘણીજ એક માર્ગી થઈ ગઈ હતી પણ નાજાં અને ઘરમાનાં બીજાઓએ તેણીને સમજાવી લીધી કે "એ વાત હવે તારે મનમાંથી સદાનીજ કાઢી નાંખવી જોઇએ." વલી નાજાંએ તેણીને પોતાનો દાખલો આપ્યો કે 'મારી ઉપર એટલા બધાં તો મહાન સકટો પડયાં છે અને એ મુજીએ મને અનેકવાર જે જે અપમાન આપ્યું છે તેનુ દુઃખ જો મેં દીલે રાખીજ મેલ્યું હતે તો હું કયારની મરી જતે પણ મન મોટું કરીને જે આપણી સરજતમાં સેહેવાનું હોય તે ઉપર સબુરી પકડી આપણી નીતીનેજ તપાસવી જોઇએ." આવા આવા દલીલ સહીત દીલાસાથી પીરોજાએ મોટું મન કરીને પોતાનું દુઃખ ભુલવા માંડયું.

પીલચર કુટુંબમાં આ બનાવ પછી લગભગ બે મહીને એક દહાડે રાત્રે સાત વાગે નાજાંને નામનો તાર આવ્યો.

નાજાં તે તાર દેખતાંજ ધબરાઈ પણ સાંતમનથી વાંચ્યો તો નીચલા સમાચાર જણાયા.

"ડાકટરની પદવી પામ્યોછું વીગતવાર કાગલ ટપાલ કરયું છે."

આવા હર્ષિત સમાચાર પછી ત્રીજે દીવસે નાજાંને તેણીની અથાગ અધીરાઈ વચ્ચે ડાકટર શાવકનું નીચે મુજબ એક પત્ર મલ્યું.

મારી પ્યારી નાજાં.

“ડાક્ટરની પરીક્ષામાં પસાર થવાના શુભ સમાચારનો તાર તને આ આગમચ મળ્યો હશે પણ એવી ખુશાલી પાછલ તે લગી એક ઊંડી ગમગીની તને આજે જણાવવાની મારી સરજતમાં સરજેલી છે. સુખ પોતાની સાથે દુઃખનેબી દોડાવતું આવે છે તેમ જયારે ધારેલી મુરાદે સફળ થયા છીયે ત્યારે હવે તારા બુજરગ પીતા પર જમનો બાપ રૂઠયો છે. નાજાં તું આએ કાગલ વાંચતાંજ વલતી મેલ રસ્તે ઘરમાં નીકલી પડજે; તારા પીતા મરણતોલ માંદગી ભોગવે છે, તેમને મોડો પણ ખરેખર થવાજોગ પસતાવો પેદા થયો છે અને “નાજા,! મારી નાજા” એમ પોકારતા જે ઘડી જાય તેમાં મો'તને બોલાવે સમજે છે. આ પત્ર મેહેરબાન પીરોજ-શાહ શેઠને વંચાવી તરત ઉપડવાની તજવીજ કરજે હું તારા બાવાની બરદાસ્તમાં છું એટલુંજ જણાવી ઉતાવલમાં ખતમ કરૂંછે, વફા અને વ્હાલ સાથે, દરપણાતુરતારો.

શાવક.

નાજાંનાં ગભરાટનો હવે પાર રહયો નહીં!

ઓ સુખ! તું દુઃખનેબી કેવું સાથેજ લેતું આવે છે!
ઓ દુઃખ? તું કેવું એકલપેટું અને અદેખુ છે!

કાગલ વાંચ્યા પછી નરમ હેયાની નાજાંથી ન થોભાયાથી તેણી આંખે રૂમાલ દાબીને રડી પડી કે “અરે બાવા! એ શું ગજબ ગુજારોય!”

નાજાંના આ રડવાએ ઘરમાં ગભરાટ મચાવી મેલ્યો. સઘલાને તેથી સંતાપ ઉપજયો. અને સર્વ શોકાતુર બની ગયાં. સારાં ભાગ્યે મેલ સવારે ઉપડનાર હતો, એટલે રડમેશ ને રંજીદા જીગરે તેણીએ પોતાનો સામાન બાંધી લીધો. પીલચર કુટુંબના સઘલાં વ્હાલાંઓએ તેણીને દુઃખી દીલે મદદ કીધી કાંકે તેઓએ એવી આસા નહીં રાખી હતી, નાજાં આવા સીતમભર્યા સંજોગે તેમને છોડી જસે.

નાજાં! બીચારી ગરીબ છોકરી! ફગલાઇને ફીકી પડી ગઇ. જોકે ગમે તેવી રીતને કોની બાપે તેણીને તુચ્છકારી અને નીવારી મેલી હતી તેમ છતાં એ આબરૂદાર બાપની આ અસીલ બેટીએ પોતાના પીતા છેલ્લી ઘડીએ પુર પસતાય છે અને પજરે છે એમ જાણતાંજ તેણીને ઘણુંજ લાગી આવ્યુ.

તેણી સમજુ હતી, સબરવંતી હતી, તોપણ પોતાની અને પોતાના પીતાની એવી સંતાપભરી સરજત ઉપર ઝારેઝાર રડી, આ રીતે તે રાત પીલચર કુટુંબમાં રડમેશ હાલતમાં પુરી થઇ.

પણ નાજાંને એકલી કેમ મોકલાય તેથી બુજોરગ પીલચર તેણી સાથે મુંબઈ જવાને તઈયાર થયા-જોકે નાજાંએ ઘણુંબીસ મજાવીને નાં કહ્યું પણ તેઓએ માન્યું નહીં.

"પણ હું આવી ત્યારે એકલી આવીની કેની" નાજાંએ માયાળુ મેજબાનને હુંશાનભરી લાગણી સાથે રંજ ખેંચતાં જોઇને ના પાડી.

"નહીં દીકરા હું મુંબઈ સુધી તો આવવાનોજ" પીલચરે પટાવી લીધી "મને પોતાનેબી મુંબઈમાં કામ છે. દીકરી અમારી ઉપર તારૂં હુંશાન કંઇ થોડું નથી. આવી દુઃખી હાલતમાં હું તુંને આગલી પાછલી યાદ દેવાડતો નથી પણ તેં એક માહના મોશીમાંથી મારી અસીલ બેટીને બચાવી લીધી છે જે તારો આભાર જન્મ સુધી ભુલાશે નહીં."

અંતે સહવાર પડી અને ચાહ નાસ્તો લઈ રંજીદા જીગરે આ નિરદોષ નાજાં બુજરગ પીલચર સાથે સ્ટીમરપર સવાર થઈ. આલી બાઈ તેમજ ગુલ અને પારોજા તેણીથી રડતે ચેહેરે ઘણીજ નાખુશી સાથે છુટાં પડયાં.

પ્રકરણ ૫૨ મું.

છેલ્લી ઘડી.

સચાઈએ બુરાઈપર લીધી છે જય,
બેઠી છે બદીપર નેકી નીરભય.
પાપીઓ કેવા આ સબડે છે જો!
ગમ કેરા દરિયાવમાં ગબડેછે જો!
મરતાં ન તજીશ તું નેકીનો સાથ;
અંતઃકાલે હદીયોછે એજ તારે હાથ.

નાનાભાઈની માંદગી દિનપરદિન ભયભરેલી હાલતમાં વધતીજ ગઈ, એટલે સગાંવ્હાલાં, મિત્ર મંડળ તથા ઓલખીતા પીછાણુ તાંમાં તેમની ભયભરેલી માંદગીની જેમ જેમ ખબર ફેલાતી ગઇ તેમ તેમ તેમની છેલ્લી મુલાકાતોબી વધતીજ ચાલી. મોતને બીછાણે પડેલા આ માતબર માલેકનું મેહેલ સમાન મકાન, પોતાની પહ્લગીરી અને દિલશોજી દેખાડવા આવનારા બાનું ગ્રહસ્થોથી ગજમજી રહ્યું. નાનાભાઈ નાણાવટી આખો વખત લગભગ બેહોશ

હાલતમાંજ પડી રેહેતા, અને લાંએ અંતરે તેવણ જો રહેજ સુધ્ધિમાં આવતા તો તે વેળા પોતાના બિછાનાની આજુબાજુનાં અનેક આતુર જીવોને જોકે પીછાંની તો શકતાજનહી, તોય તેમના ફીકા પડી ગયલા હોઠો કાંઈબી બડબડતા હોય એમ ખુલ્લું જણાતું હતું, અને એવી વખતે જેબી તેવણનાં હોઠ આગલ પોતાના કાન લઇ જતા તો તેવણને "નાજાં નાજા,!" શીવાય બીજું કાંઈબી બોલતાં તેઓ સાંભલતાં ન હતાં.

દુન્યા શું છે ? ને કયાં છે? તેનું તો તેમને ભાન હતુંજ નહી, પણ સઘલાં સાહુચેત સગાઓને વતવતો માત્ર એટલોજ લાગી રહયો હતો કે જો તેવણનો જીવ જરાબી વલગી રેહેવા પાંમ્યો હોય તો તે પોતાની ફરેસ્તા ખસલત એક પુરી દુર કીધેલી દીકરી નાજાં માટેજ હતો.

એ બેનસીબ બેટીને માત્ર એકજ વંખત જોવાને બીછાને પડેલો એ બુઢો બાપ ઘણોજ ટવલતો હતો. એકજ નજર તેણી પર પડતો જોતાં વારજ પોતાનો પ્રાણ મુકી સંતોષી મોહતે મરે એટલો બધો અસરકારક તે વેલાનો તેવણનો દેખાવ હતો.

પણ નાજાં છે કયાં ? કીયાં સગાંવહાલાંને, તેણી મરે છે કે જીવે છે, તેની ખબર છે? તેણીનું શું થયું છે ? સઘલાં એકમેકનાં મોંહડાં જોતાંજ ઉભાં. સઘલાં તે મરવાનીજ અનીપર આવેલા બુઢા બાપની ઘણીજ લાગણી સાથે કદર ખાતા હતા કે "મરતી વખતણી બચ્ચારાં પોતાના એક પુરા નમાયા(અને વખત જતે નબાપાબી થનારાં) નિરદોષ ફરજંદને જોઇ સુખથી મરેતો તેબી સંતોષ છે."

પણ નાજાંને હવે લાવે કોણ ? તેણી છેજ કયાં ? તેણી આવે કયાંથી ?

હા ! બે ઘડીની દોરંગી દુન્યામાં પોતાના ચાલતા વખતમાં દોરજોર કરનારા જુલમીઓને ફેંટ પકડીને તે ઓરડામાં લાવીને દેખાડવા જોગ તો દેખાવ હતો. અરે ! તે બુઢા બાપની તાસવીસ, તે દરદી ઓરડાનો દુઃખીત દેખાવ, ત્યાંની મુંગી માહેતમ, અને સર્વના ગંભીરમાં ગંભીર ચેહેરાં, એ તેવાં જુલમી નિરદયનું ખરેખરૂંજ કલેજુ ચીરનારા હતા.

એ ભુખખ બાપો ! ચેતો અને ચગરા થાઓ ! વાંચો અને વિચારો ! જુઓ અને જાણો ! તમારી અસરાફ બેટીઓનો હાથ તમારા ઘેરમાં ભરાયલા ઘોઢાઓને; બાહેરના દેખાવનાંજ પોરીઆઓને, કે ધનનાં ઢગલામાં ઘલતાં-ફરતાં પણ ઢંગ ધડા વ-ગરનાં તમારી પસન્દગીનાંજ દુકતાઓને તમારાં પાપી લાલચ, મકશદ, કે મતલબ ખાતરજ આપવાની હુજત મરતાં લેતા ના! એ માઠી હુજતનાં કેવાં માઠાં પરિણામ નીપજે છે તે ઉપલા દાખલા પરથી તમને જોવાનું અને જાણવાનું છે.

નાનાભાઈની માંદગીમાં ડાકટરોની-કાબેલ અંગ્રેજ ડાકટરોની દોડધામ અને દેખરેખ ચાલુ હતી, અને એ નાણાવટીપર ગોયા કાચાં કચન કપાતાં હતાં, પણ એ શ્રીમત શેઠ પુરતી શુદ્ધિમાં આવી શકતા ન હતા.

છેક સાંઝે ચાર વાગે નાનાભાઇ સેહેજ હોંશમાં આવ્યા, તેમના દાંત ખુલ્લા થયા અને મીંચેલી આંખ્યોએ બકબકારો સ-હરૂ કરયો, જેમાં નાજાનાં નામનીજ તાહી શીવાય બીજું કાંઇ ન હતું; જે સઘલો ખટપટારો કઈજ નહી પણ પોતાની ચેહેરેનમુન નિરદોષ બેટીપર પોતાના પાજી સ્વભાવે પાડેલા સીતમનુંજ તે સેવટ હતું. જયારે નાણાવટી પોતાનું દુઃખ રડતા ત્યારે બીજી બાજુએ ડાકટરો પોતાનું સુખ તપાસતા હતા. તેમના દાંત અ-લગા થયલા જાણતાંજ ડાકટરોએ આંગમાં ગરમી તથા હુશિયારી આપવાની દવાઓ ચાલુ કીધી---તેઓ ખાઈ પીઈને પોતાના અનેક ઉપાયો યોજવાપરજ મંડયા હતા, કાં કે તેમને વિષવાષ હતો કે એ લખપતિ શેઠિયો પોતાની મરણતોલ માંદગીનાં બિછાનાને લાત મારી ઉભો થશે તો તેમને સારો તડાકો પડશે.

એ ડાકટરોને, જે જવાનને આપણે ૪૫માં પ્રકરણમાં છેલ્લે નાણાવટીની તન તોડીને સારવાર કરતો દીઠો છે તેની મદદ મુખ્ય હતી. તેવણ પાછલ એ અંજાણ્યા જુવાને શુ રાત કે દીસ એક સરખી જેહમત ખેંચી હતી. સગાંવહાલાંઓ જયારે દુર ઉભા રેહી માત્ર ગાલે હાથનાં હથોટા દઈ દુઃખ દેખતા હતા, ત્યારે તે ચંચલ જવાન્યો દવા દારૂ, સેકપોતુ, અને ઉચકમેલ કરવામાં જીખાઇ પટકાઈ જતો હતો. રાતની ઉંઘે તે ઊંઘાતો નહી અને પુરતી ભુખે ખાતો નહી એટલી જેહમત મેહેનતમાં તે મશગુલ હતો. સર્વે કાંઇ,

એ જવાન કોણ? નાનાભાઈ સાથે એને સબધ શું ? એટલી બી-નસ્વાર્થી જેહમત એચનારો એ પરમાર્થી જવ નીચો ક્યાંથી આવ્યો તેનાં પરસ્પર માંહોમાંહે સવાલો પુછી રહ્યા, પણ તેમનાં ઇન્તેજાર જીગરનો સંતોસ આપનારો જવાબ ત્યાં કોઇથી તેમને આપી શકયું નહીં.

અંતે ડાકટરોની અદાગ રંજ પછી નાણાવટી બીજી સહુ વારે જરા હુશીયાર થવા લાગા. તેઓએ આજુબાજુનાઓને આસા આપી કે વખત જતાં એવણ ઠીક હુશીયારીમાં આ વશે માટે વિલ વિગેરે કઈ કરવું હોય તો તેઓના સોલીસીટરો તઇયાર રાખવા. બે ચાર કલાક પછી નાનાભાઇએ પોતાનો હાથ હલાવ્યો, જરા દીલ સસણાવ્યું અને પછી તેમનો કંઠ પણ ખુલ્યો! સર્વનાં જીગરમાં આશાનો અંકુર ઉભો થયો. તેવણ પોતાની મેલેજ આંખ ઉઘાડી આજુબાજુ જોઇ જાણે કાંઇ વિ-ચારમાં પડયા હોય તેમ જરા ડોકુ હીલવી "અં?" એમ એક અલગો ટુંક સવાલ કીધો અને પછી પોતાની નિરદોષ નાજાં ને નહી જોઇને નાસીપાસ થયા હોય તેમ "નાજા" એટલોજ બોલ ધીમેથી ધડકતી છાતીએ બોલી હાથના લેહેકાથી અને ચેહેરાની ઇસારતથી જણાવ્યુ કે "હજી નહી આવી? મરજી ખુદાની!"

આ હાય અફસોસની સાથેજ તેમની આંખ્યોમાંથી મોતી જેવાં આંશુઓ ખરખર ખરી પડયાં, જે બે ચાર આજુંઓએ સઘળાની આંખ્યોને આંજુભરી કરી મેલી.

આ અરસામાં નાણાવટીના નામાંકિત સોલીસતર ત્યાં આવી લાગ્યા જેમને તેમના બિછાનાની અડોઅડજ એક નાહની ટીપઇપર જોઈતી જોગવાઈ કરી આપી. નાણાવટી શુ કરવા ચાહેછે તે તેઓ તરફથી જાણવાની સર્વએ તલબ કરી પણ તેઓતો પોતાનાં ખ્યાલમાંજ બકયા જતાં હતા. હજી પુરતી હોંસ આવવાને જરાવાર હતો, પણ ડાકટરોએ સઘલાને અટ-કાવ્યા કે "તેમને તેમનાં ખ્યાલમાંજ બધુ બોલવા દો, આપણા પુછવાથી તેઓ કદાચ પોતાનો ખરો ખ્યાલ ચુકી જશે અને તેવણ જે બોલશે તે ઉપરથીજ તોલ કરીશું.

ઓરડામાં સર્વ કોઇ સાંત થઈ ગયાં. એક ટાંચણી પડે તો તેબી સંભલાય એવી ગમભીર ચુપકીડી ત્યાં ફેલાઈ ગઈ, અને જીવના જીવત જે માણશો ભયંકાર ભુલો કરે છે તે મરતી વખતે કેવી વેદના વેઠેછે તેનો વિસતિર્ણ વિચાર આ ખુદા-બાપ ના નીચલા બોલો આપતા હતા.

"ઓ—ઓ—ઓ !" નાણાવટીએ પોતાથી બોલાયું નહીં તે છતાં મુશકેલીથી ગલું ખેંચી ધીમે અવાજે બોલવા માડયું. "મ—મ—મારી અ—અ—અજલ—પપપ પાશે આવી છે—એએએ.—મ—મ—મા—ફુઉઉકુ—મ—મ—મ—મ મોત નજીક અ-આવેલી છે. હું હવે અ—અ—અહીં—થોડાજ વ-વ-વ-વ-વખતનો પ—પ-પ-પ-પહરોણોછુ. જ-જ-જ-જે દિક-દિક-દિક-દિકરી પ—પ-પ-પર મ-મ-મે-ઊ-ઉ—ઉમેદ બાંધેલી ત-ત-ત-ત-તેને-અ-આ-ખરે મ—મરતે દહાડે હું ક—ક—કરૂર બ-બાપ જ—જ—જ જોવા નથી પ—પામ્યો ! એ—એ—એ—મ-મ-મારાં ક-ક-ક કમનશીબનું પ—પ—પરીણામ છે. અફ—અફ—અફસોસ અફ અફ—અફસોસ !" અહીં તેવણે જરા દમ ખાધો અને પછી પાછા આગળ વધ્યા "ઓ—ઓ—ઓ કોઈ મ—મ—મારા સ સ—સોલીસીટરોને તે—તે—તેડાવો મ—મ—મારી પ—પ પાછ લ—ક—ક—કોણ રહ્યું છેકે હ—હ—હવે હુઊઉ સુ—સુ—શુખ થી—મ—મ—મ—મરૂ. ન—ન—નાજા ! ઓ—ઓ—મારી દા દા—દાહી દિકરી નાજા મ—મને—મને—મને મ—મ—મ—મા આફ માઆફ ક—ક—કરજે ! દિ—દિ—દિકરી ! મે—મે મે—તુ—તુ—તુને સુ—સુ—સુખ નથી દેખાડયું ઓ-ઓ !" અહીં સોલીશીટરો માહેલા એકે તેવણને આગલ વધતાં અટકાવ્યા અને ડાકટરને કહ્યું કે 'એવણ બોલતા બોલતા થાકી જશે તો વળી પાછા બેભાન થશે અને વીલ કરવાની પોતાની ખાહેશ છતાં કદાચ પ્રાણ મુકી દેશે, માટે એમને અટકાવી આપણે પ્રથમ એમનાં લાભનું કરવું જોઈએ." ડાકટરોએ હા પાડીને રજા આપવાથી વકીલે તેમને સવાલ કીધો "શેઠ, સાહેબ, નાનાભાઈ શેઠ, બોલો હું તમારો વિશ્વાસુ સોલીસીટર છુ. સાહેબ બોલો શુ હોકમ છે ? તમારાં છેલ્લા 'વીલ' વાંશે શુ ફરમાસ છે ? દરેક સામગ્રી તઈયાર છે."

અત્યાર સુધી હુશિયારીમાં મીચેલી આંખ્યોએ તેવણ બોલતા હતા. મગર પોતાના વકીલનો સાદ સાંભળી તેવણે આંખ ઉઘાડી અને થોડોવાર ધારીને જોયા પછી ચેતી ગયા હોય તેમ હાથની ઈશારતથી સોલીશીટરને બેસવા જણાવ્યું. તે ખુરસી તાણી હાથમાં કલમ પકડી બેઠો અને ઉજાશ માટે ટીપઈ ઉપર સળગાવી મુકેલી કેનસ્ટીઓ માંહેલી એકને પોતાની વધુ નઝદીક ખેંચીને નાણાવટી શેઠ શુ કહે છે તે લખી લેવા માટે તે તઇયાર રહયો.

પ્રકરણ ૫૨ મું.

નાણાવટીનું વશિયત

એ દોલત ને હશમતનાં બિસ્યાર ધણી,
શા સારૂ ખાણુ એવી ઉંડી ખણી ?
ભોગવ તુંજ મુરખાઈનાં હવે ત્યાં ફ્લ;
લાવ્યો છે જમ જયારે તાંપી અજલ.
દોલત શું કામની ? ને હશમત તે કયાં?
ફરજંદના સુખ વના રાહત તે કયાં ?
હા ! કેવાં મમતનાં ઉગ્યાં આ મુલ,
કુટ તારૂં કપાલ—ને જો તારી ભુલ.

ધ્રુજતે સાહદે નાણાવટી બબડતા ગયા અને સોલીસીટરે ચડપ-ચડપ ચીત્રી કાઢયું. જે પછી તેણે સફાઈથી એક વસીયતનામું લખી કાઢયું અને તે અજલના ઓરડામાં હાજર રહેલા સઘલાંની ગંભીર ચુપકીડી વચ્ચે નીચે પ્રમાણે વંચાયું:—

"હું પારસી નાનોભાઈ નસરવાનજી નાણાવટી મુંબઈના વેપારી મારી હઈઆતીમાં મારી રાજી ખુશી અને અક્કલ હુશીયારીથી આ છેલ્લું વશીયત કરૂછુ કે મારી રૂા.૭,૦૦,૦૦૦ (સાત લાખ)ની જંગમ તથા સ્થાવર મીલકતની એકલી વારસ મારી એક પુરી બેટી નાજાંમાય જેણી હાલે હઈયાત છેકે નહીં તેની મને કસી ખબર નથી તેણીને ઠેડવી જાણીંછું. મારી ઉપલી દોલત ઊપરાંત રૂ૨,૦૦,૦૦૦ (બેલાખ) રોકડા અનામત કાઢેલા છે તેમાથી રૂ૧,૦૦,૦૦૦ (એક લાખ) મારાં આગલાં વીલમા આપેલી શગાંવ્હાલાંઓની ટીપણ મુજબ તેમને વેંહચી આપવા તથા બીજા રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) સરકારી નોટોમાં રોકી તેનાં વ્યાજમાંથી જે ઘણાજ પાજી સ્વભાવના બેકદર બાપો પોતાની પુત્રીઓને બસ પોતાનીજ મરજીથી પરણાવવા ચાહી તેમના સંસાર શુખનું સત્યાનાસ વાલે છે તેમની નિરદોષ નીતિમાન બેટીઓને આશ્રય આપવામાં વાપડવું. મારૂં આ છેલ્લું વસિયત મારી આપ મરજીથી કરયું છે અને તેની આગમચ કરેલું વશિયત (આ વીલમાં ઊંપર જે એક કલમનો હવાલો આપ્યો છે તે શીવાય) સઘલુ રદ બાતેલ છે.

અગરજો કમનશીબે મારી બેટીની હઈયાતી આ આગમચ ખતમ થઈ હોય તો રૂપ્યા બે લાખની ઉપર મુજબ વ્યવસ્થા કરી બાકીની કુલ્લે દોલત એક એવું કેળવણી ખાતું સ્થાપવામાં રોકવી કે જેમાંથી હાલ રોકડાને રીત સાથે વળી ખુબસુરતીને ખ્યાલ લઈ બેઠેલા કેટલાંક ભીખારી પારીયાઓને પોતાની બેટીઓ ઉતાવલે આપી નહીં દેતાં ગમે તે માં-બાપો ઊપલી કેળવણી ખાતામાં પોતાનાં બચ્ચાંઓને મોકલી સંગીન સંસારી તરબીઅત અપાવે અને સંસારનો બોજો ઉઠાવવાને તેણીને શું શું સીખવું જોઈએ તેનો તેણીઓને પરણ્યા પહેલાં પુર અભ્યાસ મલે કે જેથી પાછલી જીંદગીમાં ઓહોરદાર કે માતા તરીકે તેણી એક નમુનેદાર સ્ત્રી નાવડે.'

વશિયત વંચાઈ રહ્યું. સગાં-વ્હાલાંઓના ભેગા ટેકાથી નાણાવટીને ઉઠાડીને બેશાડવામાં આવ્યા જેઓએ ધ્રુજતા હાથે અને

"હું ચાહુંચ કે મારી 'નાજાં' જીવતી હોય અને હવે પછીબી આ બીશિયાર દોલત વાપડે" એવા શબ્દોની એક સરદ હાય સાથે તેઓએ છેલ્લી કલમ પકડીને છેલ્લી સહી કરીને રડતી આંખો સાથે પાછો આરામ લીધો.

પ્રકરણ ૫૩ મું.

"શું નાજાં જીવે છે?"

પસ્તાવો આદમનાં પાપની દવા;
પાપીને પસ્તાવોજ અંતે રવા.
ફીથી નિજ કરણીને જોવા આખગ;
પસ્તાવોજ ચીરે છે આદમ—જીગર.
અહીંજ છે 'કર અને જો'નો ચિતાર!
વાંચક ઓ વાહલા! તું વાંચી વિચાર.

બીછાને પડેલા આ બુઝોર્ગ શેઠને એકાએક એવોજ વિચાર આવ્યો કે મારા કોઈબી સગાંવ્હાલાંઓએ નાજાંને આજ સુધી પોતાને ત્યા સંભાળથી રાખી હશે અથવા તો તેણી કયાં છે તેની કંઈબી ખબર હશે અથવા તો મારી દોલતનું ખાંનાર છેલ્લે કોઈ નહીં રેહવાથી તેઓ પોતાને ફાલે વધારે મેલવવાની આશામાં તેણીનું ઠેકાણું દેખાડતા નહીં હશે એવા તરેહવાર ખેદયુકત ખ્યાલોથી તેવણે ત્યાં હાજર રહેલા સગલાંઓને ફરીથી એક છેલ્લીવાર અપીલ કરી જોઈ કે "મારે ખાતર નહીં તો ખુદા ખાતર તમો કોઈનેબી નાજાં માટે કંઈબી ખબરહોય તો મને જરાબી કેહવો અને તેણીને તાર કરી તાબડતોબ બોલાવો; હું મરતી-ઘડીએ તમારા આભારમાં મરીશ"

તેમની આ ખાએશ જાણતાંજ પેલો જુવાન્યો જે તેમની આટલી બધી તન તોડીને સારવાર કરતો હતો તે ચોંકયો અને કેહવાને કંઈ આનાકાણી કરતો હોયતેમ દેખાયું. સર્વને તેના મોઢાં પરથી એવોજ આભાસ પડયો કે એ ધણી નાજાંને લગતો કંઈબી ભેદ જાણે છે ખરો!

"બોલો, બાવા બોલો, મરી જાઊં—તમે ઓસકાવો નાં." પેલા જવાનના આનાકાણીભર્યા દેખાવથી એક વૃધ્ધ વયના બુઝોર્ગ બાઈએ તેને હીંમત આપી. "બીચારા માછલીતરફડે તેમ પોતાની કમનસીબ દીકરીને છેલ્લી ઘડીએ મલવા સારૂ આવી રીતે તરફડેછે,તે

બચ્યુ, જોઈબી શકાતું નથી. મરેરે ? મરેરે ! મુઈ એવીબી તે કંઈ માણુસ જાતની સરજત હોય"

"હા માયજી, હું જાણુંચ તે જણાવીશ. આ એટલોવાર સુધી થોભવાને ઘણા કારણો હતાં જે વખત જતે તમો સઘલા અને નાનાભાઇ શેઠ સારી રીતે સમજી શકશો." પેલા જવાને તે બાઇને એટલો જવાબ આપીને પછી નાનાભાઈનો હાથ પકડી બોલ્યો. "શેઠ, શેઠ હુશિયાર થાવો ને હર્ષિત થાવો. તે દાદારની દોઆ ચાહો કે નાજાં જીવે છે—નાજાં હઇયાત છે-તેણી આ દુન્યાં તજી ગઈ નથી પણ પોતાના કમનસીબપર સંતોષી રહીને ગમે એવા પડતા સીતમો વચ્ચે પણ તે પાકજાદ નિરદોષ નાર-તમારી એકવારની અતી વ્હાલી ગોલાબ બેટી નાજાં-આ દોરંગી દુન્યામાં હીમ્મતથી ટકી રહીને જીવવા પામી છે. માફ કરજો, મુરંબીજી અતરે હાજર રેહેલ મેહેરબાનો મને કદાચ પીછાણતા નહીજ હોય, પણ હુંનો તમોને અંજાણો નથીજ. નાનાભાઈ શેઠ ! હું તેજ કમનસીબ જવાનછું, કે જેને માટે તમારી નિશંક નિરદોષ બેટીને, તમારા ઘણા સખત પાજી સ્વભાવનાં તમારાં એકજ મોટા બદગુણે નિવારી મેલીને—તમાઈ તો હતીજ તેમાં છતે બાપે નબાપી કરી મેલી-જીંદગીથી ઊખેડી નાંખી હતી. હું તેજ સખસછું કે જેની ઊપરની અચુક પ્રસન્નતા માટે તમારી વ્હાલી બેટીએ તમારો છાયો અને માયાવંત બાદશાહી આશરો તમારા પાજી સ્વભાવના હોકમથીજ છોડીને કુલ મોજ-શોખ અને રંગ રાગને તજી દીધાં હતાં. હું તેજ જવાનછું કે જેણે:——

"હેં ! કોણ સાવક કે ?" નાનાભાઇતો આ જવાનને બોલતો સાંભલતા--સાંભલતાંજ હેબતી ગયા, અને આખરે તેને એકદમ અટકાવીને બોલી ઊઠયા "હુ તારો આજે ખરેખર આભારીછું."

"હા, મુરબ્બી હુંજ સાવક છું." શાવકે તેવણુની છાતીપર માથું મુકયું જેપર તેવણે પ્યારભરયા પોતાના બંન્ને હાથો મેલ્યા "અમારી ખરેખરી પાક મોહબતનાં સુભ સેવટની રાહ જોતાં અમે ઘણું ખમ્યું છે. હું તેજ છું જેને તમે એકવાર હલકો અને હીણો ગણ્યો હતો" સાવકનું હઇયું ભરાઇ આવ્યાથી તેણે ઊભરો કાઢયો પણ —પણ હુ તેવો હતો નહીં, અને, થનાર નહી. હુ ગરીબ હતો તેથી કંઈ હલકો ન હતો. હુ કદાચ મોહતાજમંદ હોઈશ પણ

હીણો તો નહીં હતો કાંકે હું ગજવે ગરીબ હતો પણ મગજે માતબર હતો એટલે તે કીરતારે આજે મારો દહાડો ફેરવ્યો છે, અને આખર મારી ઉમેદ બર આવી છે." તેણે નાણાવટીનો હાથ પોતાના હાથમાં ધરી કહ્યું "વૈદાની છેલ્લી પરીક્ષામાં હું હમણાંજ ફતેહમંદ, ઉતરી ડાકટરની પદવી ઈનામ સાથે પામ્યોછું. મેં હમણાં બે ચાર દીવશ થયાંજ [illegible]માં પગલ મેલ્યું છે, પણ તેટલાં તમારી માંદગીનું સાંભલતાંજ તમારા નોકરો સાથે, તેઓ બોલાવા આવતાંજ, હું તમારી સેવામાં હાજર થયો છું. શેઠજી હું ગરીબછુ પણ ગુનેહગાર નથી. અરે! મારે નહીં બોલવું જોઇએ પણ તમારા પેલા મુજી મીત્રો——

"શાવક ના બોલ! ના બોલ!" નાણાવટીએ તેને બોલતો અટકાવ્યો અને નાજાંની હસતી સાંભલીને જાણે તેવણ અરધું દુઃખ ભુલી ગયા હોય તેમ ખુશ દેખાવા લાગા અને તે એટલી હદ સુધીનો હરખ હતો કે હમણા સુધી તેવણે જે વધારે ખેંચાઇને બોલતા હતા તેમા પણ એકાએક ઘણો સુધારો થઇ ગયો.

"તું ના બોલ!" તેવણે બોલવું સહરૂ કરયું અને તે સંધો વખત શાવકને પોતાની બંગલમાં લઈ જાણે પેટનાં દિકરાને મરતી વખતે મલતા હોય તેમ મજબુત વ્હાલથી તેને પકડી રહ્યા. "આ મકાનમાંથી તે નાપાકોનાં નેહરત નાનો નાબુદ થયાં છે. તે કરૂપીણ કંગાલોની વરખ લગાડેલી રૂપેલી કીરતીપર હું ભોલવાયો હતો પણ તેનો નતીજો હું પુરેપુરો પામ્યો છું." જરાવાર દમ ખેંચી તેવણે આગલ ચલાવ્યું "દીકરા, શાવક, આજથી હું તુને મારો વારસબી ગણુંચ ને જમાઈબી માનુંચ. દોલત અને દીકરી જે મારી છે તે આજ પછી સદાની તારી છે. બસ તું મને હવે જલદીથી નાજાંને મેલવ. કદાચ આ હરખથી મારૂં જીગર બંધ થઈ જશે તો મારી ઉમેદો મારા મનમાંજ રેહી જશે એવી મને ધાસ્તી છે."

"મારા માયાલુ મુરબ્બી" શાવક પોતાની વરસોની ઉમેદ બર આવેલી જોઈ હરખથી છલ-છલ થતી છાતીએ નાનાભાઈનો હાથ દાબીને બોલ્યો "ખુદા શાહેદ છેકે હું આજે પાક મોહબતનોજ બદલો પામુંછું. નાજાં આજકાલમાં અહીં આવીને ઊભીજ રેહશે જેણીને જોતાંજ તમે સર્વે દુઃખને લાત મારી પાછા આગલ જેવા સુખી થ

શી. જરા સાંત થાવો. નાઝાએ કે મેં કદીખી તમને કડુવા દેવાના પાપ કરયાંજ નથી, ઉલટું અમો એજ ચાહતા હતા કે આખરે તમો જરૂર તમારી ભુલ જોશો. અને આજે જે પરિણામ આવ્યું છે તેજ પરિણામથી અમો અંતેબી એક થઇશું. નાનાભાઇ શેઠ, નાઝાં અતરે આવવાને ઉપડીબી ચુકી છે. આજ ત્રણ દીવસ થયાં મારો તાર તેણીને મલ્યો છે અને કાલે નહીતો પરમ દહાડે તમો જરૂર તેણીનો હાથ આખમાં દાબી તંદરોસ્ત થશો."

"દીકરા શાવક" તેવણે શાવકનો હાથ આંખમાં દાબ્યો "જે દુઃખ ડાકટરો દફે કરવાને દલદેસરી ખેંચે છે તે તેં તારા શબ્દોથીજ અરધું દુર કીધું છે. મને મારો ભરોશો લાગતો નથી માટે જા, જલદીથી બીજો તાર મોકલ."

"ઠીક છે, જેવો તમારો હુકમ" એટલું કહી શાવક બીજા દીવાનખાનામાં દોડયો.

તાર મોકલે કયાં! નાઝાં તો કરાંચીથી ઉપડી ચુકેલી ને સ્ટીમર આજકાલ આવી પુગવાનીજ તયારીમાં હશે, જેથી શાવક 'ઠીક છે' નો સાદો સધીયારો નાનાભાઈને આપી તે તો હવે બીજા દીવાનખાનામાં આજે તેને ઉપજેલ હરખપર હસ્તે ચેહેરે આસાએસ લેવા બેઠો.

આજે તેને દીકરી ને દોલત બંન્નેની સાથે-સાથે ભેટ થઇ તેથીજ કંઈ તેને અનંત હરખ ઉપજયો એમ ન હતું; શાવક એક કેલવાયલો જવાન હતો એટલે તે કેલવણીની કળાએ જે વિચારતો હતો તેતો ફકત એટલુંજ અને એકલું એજ હતું કે **"મને ખરેખર નમુંનેદાર સ્ત્રિ મલી છે."** અને એટલાંજ શબ્દોમાં તેનો એ કંદર હરખ ઉભરાતો હતો.

ખુબશુરતી માટેજ મરી રેહેલા ઓ મુરખાઓ! પઇસાપરજ ચરી રહેલા ઓ ચગડોલો! શેહાદીની પવીત્ર રસમમાં રીત નેમજ ભોખની બદી પેવશ કરનારા ભીખારીઓ! આ શાવક માફક નમુનેદાર સ્ત્રી માંગો, તમારા બેહનો કે સગાંઓને ખરી સંસારી કેલવણી આપો નમુનેદાર સ્ત્રી બનાવો! ખુબશુરતી ને પઇસા સદા રેહતા નથી ને રેહવાના નથી. તમારા વ્હાલાઓનાં ગુજરાણ માટે તમે

આખો દહાડો બહાર હલદેસરી કરે ત્યારે તમારા બચ્ચા અને ઘર સંભાલી—ટુંકમાં એજ બોલમાં કહીયેતો-સંસારનો સઘલો બોજો ઉઠાવે એવી સ્ત્રી માંગો અને પછી જુઓ કે ગમે તેવી મધ્યમ કે ગરીબ હાલત છતાં-પઈસા અને રીતની સરમભરેલી ભીખથી મેલવેલી એક છોકરી તથા સ્ત્રીની લાવેલી ટુકી યાને નજીવી જેવી પુજીથી તમારો સંસાર અસુખે સહરૂ કરવા અને ગુજારવા કરતાં એક ગરીબ કે લાયક બચ્ચું તમોને બાદશાહી શુખ જેવુંજ સુખી નીવડશે. એકદીલ સાથે એકસંપ, અને સાંતી સાથ સબુરી એ સંસારનાસરવોતમ શુખો છે જેનુ મુલ મચાવાનુ મુકી દઈ આજકાલ શરમભરી માંગણીઓ અને બાહેરનાં દેખાવની દોડાદોડીથી ઘણા ભીખારી—ભણેલ તેમજ અભણ, ગરીબ તેમજ તવંગર અને નાને તેમજ મોટે ઘેરના—પોરીયાઓ, ખુબશુરતી અને પઇસાનોં પર પોટા જેવો પાયો પકડવાનાં પછાડામાં ગબડયા અને સબડયા જાયછે, જેઓ ખરેખર કંઇજ નહીં પણ પારસી પ્રજાની પીડા અને નામોસી સાથે સંસારી શુખના એક દારૂન દુષમન છે.

—*—

પ્રકરણ ૫૪ મું.

વીકાજી મુવા.

કરિયે તેવું પામિયે, ને આપિયે તેવું લઇએ;
ભલી બુરી સાથે રાખી, હિસાબ આપવા જઈએ!
ખુંનનો બદલોં ખુનથી મલે, ચોરને મલે શિક્ષા;
લુચ્ચાથી શેઠાઈ ન થાય, અંતે માંગે ભીક્ષા!

નેકી હમેશાં બદીપર ફાવતીજ આવે છે.

કરાંચીમાં નાજાંને સંતાપીને વંજો આપીગયલો પેલો લુચ્ચો વીકો ફરતી મેરનાં આગલાં પાછલાં પાપોમાં પકડાઈને સખત રીતે નીચો પડી નાજાનાં નામથી તે સદાનો હવે નાઠો છે. કરાચીમાં આપઘાત કરવાની તે જુઠી બપકીની ચીઠી મેલી ગયો ત્યારે તેને

સ્વપણે વટીક ખ્યાલ નહીં હતો કે જે ખોટી વાણી તેણે પોતે પોતાને મોઢેથી કાઢીછે તેનો વખત જતા પોતે ખરેખરો ભોગ થઇ પડસો કરાંચીથી તે કહડાઇને હવે હૈદ્રાબાદમા અફડાવા આવ્યો. ધંધાના કામનું તો નામબી નહી, એટલે પાસે ગણત્રીના ચીથોડા ચરવર કરતા હતા તે તેવણે મોટે ખાંચરેનાં જુગારખાનામાં સરાબની સંગતને પાંખડી વલગાવીને પોતા સાથે પસાર કરવા માંડયા. માણુસની નાપાકી અને બદઅખ્તિ તેને હમેશાં અનેક અને દરેક બદીપર અફડાતીજ જાય છે અને તેજ મુજબ આ વિકો, છતે ધંધે છતે નામે, બુરા લચ્છનોમાં લપેટાઇને લાજ અને લાયકીપર લાત મારી ખરાબીનાં ખડકોપર ધસડાતો ગયો.

એક ખરાબીમાં શેકડો ખરાબીઓની જડ રેહે છેજ. એટલે વીકાએ જે કંઇ હતું તે જુગારમાં ખુવાર કર્યું, અને તે ખુવારીની ગમખારીનાં ઈલાજ તરીકે તેને સરાબને અજમાવ્યો. દીન પછી દીન તે એક દલીદ્ર દેવાદાર થતો ગયો એટલે કોઇબી રસ્તે યા જો ખમે તેણે પાછો તાજા થવાનો ખ્યાલ શોધ્યો. જુગાર અને સરાબ જેવા ખરાબીના ખાતાઓમાં ચોરી લુચ્છાઈનાં વર્ગો સાથે-સાથે વેંહેચાયલા ને વીટલાયલા રેહેછે અને જે જુગાર અને સરાબ ખાનામાં આ વીકો વીટલાયલો હતો તે ખોટી નોટો બનાવાના પાયમાલ પેસાનો પ્રથમ પાયો હતો. વીકાના પાપે તેને આ પેસામાં પગપેસારો કરાવ્યો—એટલે જુગાર સરાબથી ભરાઇ ધરાઈને હવે આ છેલ્લી પાંટે બેઠેલો ભષ્ટ બુધીનો જવાન વીકો, ખોટી નોટો વેચી નેહાલ થવાની લાલચમાં લપટાયો. એ ટોલકીની ધર પકડમા પોલીસ કેવી મડેલી છે તેની તેણે સેહેજબી ખબર ન હતી કાં'કે ટોલકીનાં માણસોએ તો તેને એવીજ ખબર આપી હતી કે "પોલીસ તો અમારા હાથમાંજ છે!"

વીકાએ એ ખરૂંજ માન્યું અને તેથીજ વગર દેહેસતે તે તેમાં દાખલ થયો. કાંયકે જુગારખાનામાં તેની ખાતરી થઈ હતી કે પોલીસનાં માણસોને ત્યાંથી મોટા પગારો મલ્લા જતા હતા, પણ તેજ વખતે તેણે એટલો ખ્યાલ નહ. કીધો કે તેતો સઘલું જુગારખાનાની જાલવણી માટેજ હતું. અને ખોટી નોટો બનાવા માટે તો નહીજ હતું. વીકાનું કામ તરીમતડાક બનીને બધી નોટો દેશપરદેશ ખપાવવાનું હતું.

થોડા વખત સુધી તો એ ટોળીએ જાહેર પ્રજાને તોબાહ બોલાવામાં અચ્છી ફતેહ મેલવી. પણ પાપ કદી છુપું રેહેતું નથી તેથી ખુદરતે તેઓના પોતામાંજ હવે ફાટ પાડી. મોડી રાત્રે એક અતી એકાંત જગ્યામાં આવેલા ઘરમાં ખોદેલા ભયંકાર ભોંયરાની અંદર આ વિચિત્ર વેપલાના વેપારીઓ પોતાનાં ધંધા અરથે ચોકસ રાતોએ એકઠા થતા હતા, જેની તે ટોલકી સીવાય કોઈબી ત્રાહીત સખસના રૂવાંનેબી ખબર ના પડે એવી તેઓ વચ્ચે મજબુત ગોઠવણ હતી. ત્યાં એક ચોકસ રાત્રે પોલીસના હથીયારબંધ રેપુ જઈ ચઢયા!

આ ટોળીનો એક મુસલમાન મેમબર હતો જે એક વેળા દારૂ પીને તદન સુધ્ધાં વગરનો બની ગયો હતો. હવે ત્યાંના બીજા મુશલમાન શાથે જબરી અદાવત થવાથી દારૂની જેહેનમાં ભાન નહી રેહેવાથી પોતાના દુસમનને પકડાવી દેવાની અદેખાઇભરી આગમાં તેણે આખી ટોલકીનું નખ્ખોદ વાલી મેલ્યું.

જે છુંપી પોલીસના માણસો તેમની પુઠ પકડવામાંજ મથેલા હતા તેમને આ છાકટ મુસલમાને એ ટોળીની સઘલી મુદદા અને વખત સહીત ખબર આપી, જેથી તેમેસે ચોકસ વખતે છુપી પોલીસના નાનાં સરખાં હથીયારબંધ લશકરે એ ડગારી ટોલકીને પકડવાને બંદુકના બારના ધડાકા કડાકા સાથે ત્યાં ધસીને તેમને હેબતાવી મેલ્યા. ભારે ગભરાટ સાથે સઉ નાહસવાની દોડધામમાં પડયા પણ કોઈનેબી બચી જવાની જરાબી ટક આપ્યા વગર તે છુપી પોલીસે સઘલાને સાબુત પકડયા.

ટુંકમાં તપાસ ચાલી અને પ્રજાને લાંબો વખત સુધી પીડા જેવી થઈ પડેલી આ ટોલીનાં લુછાઓને જન્મ દેશનીકાલની સજા થઈ જે સઘલાઓમાં આપણા લાયકીવાલા મિત્ર (!) મી૦ વિકાજી વકીલ પણ એક હતા

આ મહા નામોશીએ વીકાને તેની સઘલી ચાલ માટે મહા નીસાસા અને પસ્તાવામાં નાંખ્યો. એક નિરદોસ નારની પુઠ પકડી તેણીને તેનાં સરતાજથી અને સંસારથી કેવી બાતલ કરી નાંખી હતી તેની મુગી હાય એને કેવી લાગી તેના ખરા ખ્યાલે આ વીકાને જેલખાનામાં ઘણોજ ડંખ લાગ્યો અને એવી જીંદગી ગુજારવા કરતાં મરવાને માટે તેણે કોસેશો કરવા. માંડી. આખરે અફીણ ખાવાની ટેવ રાખનારા કેદીઓ પાસે થોડું થોડું એકઠું

કરી એક વખતે જરા વધારે જથ્થામાં તે ખાઇને પોતાના પાપી પ્રાણુનો તેણે અંત આણ્યો.

"કર ને જો"નું આ કરણુામય ચિત્ર કીયા વાંચકનું દીલ નહીં તોડી નાંખશે, ?

પ્રકરણ ૫૫ મું

માહેતમભર્યો મેલાપ!

આવ મારી ઊમેદનાં આશાભર ગુલ,
આપ તારા મુખડાનું દરસણ એમુલ.
આ મમતે આફત શી આપી અફસોસ!
જીંદગીને નાંખી મજ કાપી અફસોસ!

"અરે જાવો રે, જુવોની માય, એ ધમધમ કરતી મારતી ગાડીએ કોણ આવી પુગું" એમ બોલનાર એક બુઝોર્ગ બાઈ હજી તો પોતાનો વાકય પુરો કરી રેહે તેટલાં નાણાવટીની બરદાસ્તમાં બેઠેલા સઘલાંઓ ત્યાં દોડી પુગા અને એકજ જવાન જીવ જરા અંદરથી બારણુા આગલ હરખાયલે જીગરે અટકીને ઉભો.

બાગમાંથી ધમધમ કરતી ગાડી મકાનના પોરટીકોમાં આવી જેમાં એક ગુલબદન જવાન નાર એક બુજર્ગ પારસી ગ્રહસ્થ સાથે ઝડપમાં ઉતરી પડીને ધસારાબંધ સીડીપર ચહડી અને એ ચાર પગથીયાં ચહતાંજ તે એકાએક ચમકી!

બારણા આગલજ સાવક તેમને આવકાર આપવા ઉભો હતો સેહેજ હોથપરના હસ્વાના દેખાવ સાથ તેણે પોતાની પરમપ્રીયાનો નાજુક હાથ પોતાનાં હાથમા લઇ પ્યારભરી અદાથી શેહેજ દાબ્યો અને તેજ રીતે બુઝોર્ગ પીલચરને હરખભરયો આવકાર આપી બંન્નેની આંગલી પકડી આ જવાન તેમને તુરતજ નાણાવટીના ઓરડામાં લઈ ગયો.

"ઓ મારા વ્હાલા બાવાજી, તમારા આ શું હાલ!" એમ બોલતાંજ અરધી બેભાન જેવી હાલતમાં મુગા મંતર થઇ પડેલા પોતાના પીતાની છાતીપર મજબુત લાગણી સાથે પોતાનું માથું નાખી નાજાં રડી પડી.

"નાજાં તું આવી કે?" નાણાવટી ઝટ ચમકયા અને પોતાની દીકરીને દાબી રાખી-કાં'કે તેણીનો તીણો નાજુક સાદ અરથી બેહોશી વચ્ચે પણ તેવણે પીછાણ્યો. "મારી નાજાંને મલ્યો! ખોદા ખોદા! શું-શું-શુકર! શુકર! હવે હું સુખથીજ મરશ. મારી દી-દી-દીકરી!" પણ અરે" અહીં તેવણે રડી દીધું "તું મને મારી ભુલ માફ કરશે કે મારી દી-દી-દીકરી!"

"ખોદાના ઘર સુધી, મારા બાવાજી! સબર કરો, સાંત થાવો, ધ્રુજો ના, સૌ સારૂંજ થશે" તેણીએ પુરતા પ્યારથી પોતાના પીતાનું મોંહ પસવારી ગંભીરાઇથી કહ્યું "પણ અરે બાવા આપણી કેવી સરજત! આ કેવો જીવ સટોસટનો સંતાપભર્યો મેલાપ!"

નાજાં અહીં એકાએક હઇયું ભરાઈ આવ્યાથી પોતાનું ભાન ભુલી ગઈ; પણ પીતાની ચીંતાતુર માંદગીનો ખ્યાલ કરી તેની તરત સાંત પડી ગઈ, કાં'કે તે મોતના ઓરડામાં હાજર રહેલા સઘળા, આ કરૂણામય ને દુ:ખદાયક દેખાવ જોઈ દયાથી દચકાં ખાતાં હતાં.

એ ત્રણ કલાક તો જરા સાંતીમાં પસાર થયા અને નાજાં કંઈબી બીજી ઝાઝી પરપુછ કોઇસેબી કર્યા વગર પોતાના પીતાની પાસેની પાસેજ બરદાસ્તમાં બેઠી. પણ પછી સાંહજે એકાએક તેવણના દુ:ખે જબરૂ જોશ પકડયું અને નાનાભાઇ ઘણીજ તાણતોડમાં પડયા. આ ઉભરા સાથેજ તેવણે પોતાની અજલ આવેલી ધારી અને ડચકા ખાતાં જે તેવણ રડતી ચશમે છેલ્લી ફરજ બજાવતાજ એકેક બબે બોલો કંઇ બોલ્યા તે એટલુંજ કે—"ચાલો મારી અજલ આવી પુગી છે! હું સુખથી મરૂંછુ! આજ વરસોની જે ઉમેદ ધુલ મલી હતી તે બર આવ્યાથી હું સાંતીથી જાઉંછું! ખોદાનો હું અતી આભાર માનુંછુ! દીકરા સાવક, અહી આવ પાસે આવ! મારી ગોલાબ દીકરીની પાશે ઉભો રેહે! મને મલી લેવો! જે ઘડી જાયચ તેમાં મારો જીવ જસે. હવે—હવે"

"ઓ બાવાજી! આ મારા પર શું ગજબ ગુજારોચ! જુવો અરે બાવા!" આ કમનશીબ દીકરી પોતાના પ્યારા પીતાને છેલ્લી તાણતોડ કરતાં જોઈ હેબતીને ડચકાં ખાતી ગલે વલગીને રડી પડી.

"દીકરી નાજાં!" નાણાવટી જાણે થાકીને વદનજ લુસ થઈ

ગયા હોય તેમ ઘણુ ધીમેથી બોલ્યા, કાં'કે દુઃખનુ જોર ઘણુંજ દબાણુ કરતુ હતુ "તું ઘભરાના ખોદા તારો વાલી થશે. બસ મારા પાજી સ્વભાવે મને પુરો પસતાવ્યો અને મારયો છે. દીકરા સાવક મારી નાંજાનો હાથ તારા હાથમાં લે" અહીં તેવણે જેમ તેમ દમ ખેંચી રડતી નાંજાંનો ધ્રુજતો હાથ પોતાની મરતી ઘડીએ સાવકનાં હાથમાં સોપ્યો. "જોજે દીકરા, મારી દીકરીને તુંનેજ સોંપીને હું મરૂંચ! મારી નમુનેદાર દીકરી તારો આખો સંસાર સોભાવસે માટે મરતાં મરતાં તુને કહું ચ કે એ મારા ગુલાબને ઘણીજ સંભાળજે હ'કે! અફસોસ! હું મુવો બાપનો થતો કે મે મારીગોલાબ બેટીને તેણીની લાયક ઉમરે લાયક સુખ દેખાડયું નહી" અહીં તેવણની જબાં વધારે ને વધારે તોતડી બનતી ગઈ અને ખેંચતાણ પણ વધારે થવા લાગી "ખ ખ—ખાતાં ખુટે નહી એ—એ—એટલી દો—દોલત છે તેનો સા—સારો ઉ—ઉપયોગ ક—કરજે દી—દી દીકરી નાજાં, સુ—સુખી રેહજે સા—સા—વક તું—તું—એ એ મને પ—પ પકડો" અને આ છેલ્લા બોલ સાથે તેવણ તદનજ ચુપ પડી ગયા અને બે મીનીટમાં આ બુજોર્ગ નાણાવટીનો જીવ ઉડી ગયો.

પ્રકરણ ૫૬ મું.

પિતાના સ્વાનપર પુત્રીનું રદન.

ઓ માયાલુ, મમતાલુ, મેહેરબાન પેદર!
ન લાયક હતી તમની એવી આખર.
ન લાયક હતં: તમનો એવો રે અંત;
તોડયો કેમ દીકરીની માયાનો તંત.
નહિં પોતે સુખ જોયું—જોવા દીધું;
મમતની મમતામાં ખોહવા દીધું.
કાપ પાડી હવે આ કાતેલ જીગર—
મા ચાલ્યા કયાં ઓ મારા વ્હાલા પેદર.
કોણને હું આસરે ને માથે છે કોણ?
ધીર ધરૂં કોણ પર મજ સાથે છે કોણ?
નમાઈ હુ હતી—નબાપી હુ થઇ!
આ આફત નાલાયક ઉતાપી શી થઇ.

મેહેલ સમાનના એ માતબર મકાનમાં મોહતની માહતમે શાકના પોકારો જારી કીધા.

નાજાંનો વિલાપ અને આજે નાજાંના રૂદન જીગર ફાડીને ચાક કરનારાં હતાં. ગમે એવો હતો-પણ પોતાનો સગો અને વ્હાલો બાપ હતો, જેનાં માહેતમભરયા મરણે આજે આ બીચારી બેટી બાહાવરી બની ગઈ હતી.

સઘલાને તેણીની આવી અજબ સરજતપર દયા છુટી-દરેક તેણીનાં દુ:ખમાં દિલસોજ બન્યાં. સાવકે તો તન પછાડી નાજાંને વિલાપ કરતી અટકાવવાની અનેક કોસેષે કીધી પણ નાજાં-તે ગરીબ ખરેખરી કમનસીબ છોકરી નાજાં સાંત પડી નહીં.

સાવક અને બીજા સગાવ્હાલાઓના સાચા સધ્યારા છતાં નાજાંએ આઘું—પાછું જોયું નહીં. તેણી ઝાર-ઝાર આજુઓ ખેરવીને બોલી "ઓ બાવા! અરે બાવાજી! તમે આ શું નખ્ખોદ વાલ્યું! અરે એક બે દીવસ તો જરા સુખથી જીવ્યા હતે અને દુ:ખનો દરિયો દોહી આવેલી દુખીયારી દિકરીએ આ દોરંગી દુન્યામાં કેવા કેવા દલદેસરીભરયા દુ:ખો દેખ્યાં હતાં તેનો કંઇ તો ખ્યાલ લેતે!"

આખરે નાણાવટીનાં સ્વાનને અવલ મંજલ પુગાડવામાં આવ્યું અને આ માહેતમભરયા મકાનમાં સુગી ગમગીનીએ ઘેર કીધું.

દહાડા પછી દહાડા પસાર થવા લાગા પણ નાજાંનો વટવટો તો વધતોજ જતો હતો. પિતાનું મરણ તેણીને આગલા કમનસીબ બનાવોની દુ:ખીત યાદ દેવાડતું હતું. એક તો વ્હાલી માવતરનાં અચલ સુખનો છાંયો તો તેણી જનમથીજ ખોહી બેઠી હતી પણ નરેહવાર લાડ અને સંગીન કેલવણીએ ઉછરીને મોટી થયલી આ દિકરીને પોતાના પ્યારા પિતાના અકાલ મરણે મરહુમ માતાની યાદથી તેણીનું હ્રદયું જરા જરા વારે ઘણુંજ ભરાઈ આવતું હતું અને જયારેથી તે મેહેલ સમાન મકાનમાં આ દોલતવાલી સાથે દહાપણવાલી દિકરી એકલી પડતી ત્યારે પોતાના નસીબને નામે બલી-જલીને પોતાના વ્હાલા માય-બાપને યાદ કરી રૂદનના જોશભરયા ઉભરા વચ્ચે ગમે એવા દુ:ખીત વખત છતાં પણ તેણી

નીચલા ગંભીર ગાયનમાં વારંવાર પોતાના અંતકરણનો અફસોસ બાહાર પાડી તે કીરતારની મરજીપર ધીરજ ધરતી હતી.

રાગ—ભેરવીની ગત.

હાય ! હાય ! કાંએ–થાય બખ્તની ખુવારી.
ભવ ભારી, તેગ કારી, દુઃખ દહારી!—હાય !

બાવાજી તમે નિવારી, કેમન હું જાઉં હારી,
નથીમારી માદરપ્યારી,તેબી ગઈ મજનેવિસારી,
થયો શો ગઝબ આ ભારી, રહયો હવે શોકજારી,
નિરાધારી દુઃખીયારી, જલો જીંદગી એ માહરી
એકરારીની કટારી, કારી હૈયું નાંખે ફારી.=હાય !,

પ્રકરણ ૫૭ મું.

ફીરોઝ અને દારાબ.

હર તારા ભેજાંમાં આગલી કંઈ યાદ,
કે કેમ થાય છે નેકીથી બદી બરબાદ.
નાંખ જરા સફાપર આગલા નજર;
ને જો કે છે બદીજ બસ બદીનું ઘર.
શુભ તેનો અંજામ ત્યાં આવતો નથી;
બદી કરી નેકી કોઈ લાવતો નથી.
પ્રથમ ત્યાં સુખોમાં વરીછ તેઓ;
પણ અંતે નિજ પાપોથી ફસીછ તેઓ.
પાપ નથી બોલતું પણ બોલે છે પાપ;
ભર દરિયે લઈ જઈને ડોબે છે પાપ.

હવે આપણા પુરાણા મિત્ર ફીરોઝ લશકરીને આપણે લાંબો વખત થયો છોડી આવ્યા છૈયે તેમની કંઈક ખબર લઈશું. એ ફાંકડો ફીરોઝ! નાણાવટીનો બીજા નંબરનો એ માનીતો મિત્ર જરના જરારતી જોરે અયાસી હાલતે હરતો ફરતો એ અક્કડબાજ! બીચારી બેહેરા મુંગાની એનાંજ જેવી સરખી સપાટીની બચુ સાથે પરણ્યા પછી આપણે તેણે જતો મુકયો છે. પણ હવે ત્યાં તેનું આપણને કંઈ કામ છે,

અમારા ધીરજવંત વાંચકો, આ વાર્તાનાં ૧૭માં પ્રકરણને છેડે વાંચી ગયા હશે તેઓને યાદ આપવાની જરૂર નથી કે ફીરોઝનાં લગણુની દોડધામ તેના કાકાની દીકરી પુતલીને હાથ હતી, ત્યારે બચુની શેહાદીની ધામધુમ તેણીના માનીતા મિત્ર ડાકટર સુરતીના અમલ હેઠલ હતી. પણ આ વર-કન્યાનાં આ રીતે અકેકા માનિતા દોસ્તોછે એમ એ જોડાંએ તો પરણ્યા પછીજ જયારે જોહું-જાણ્યું, ત્યારે એ જોડાં વચ્ચે એકમેકના દીલમાં હસદનો આતશ ધીમે ધીમે પજરવા લાગ્યો અને આખરે થોડાજ વખતમા એક મેકપરની જે પેહેલા દેખાવની દોડાદોડી હતી તે હવે અંતે ઠાકીને આસાએસ લેવા લાગી અને તેમાં વલીબંન્નેનાં ગજવામાં ઝગડાટ હતો એટલે સૌ ઠંડુ મીઠું પણ નીભયું જતું હતું !

બચુ ડાકટર સુરતી સાથે વાતચીત કરતી તો ફીરોઝને ગ તું ન હતું અને ફીરોઝ પોતાના કાકાની દીકરીને વારંવાર ઘેરે બોલાવ તો અને તેણીને ત્યાં જતો હતો તે બચુને ગમતુ હતું નહીં એટલે આખરે તેઓ વચ્ચે દરેક સંસારી વેહેવારી બાબદમાં મોટો મત ફેર પડતો રહયો કે જેનું પરીણામ કોઈવાર બે ચાર ઘડીની ગમતભરી અહડા અડડી કે ગરમા ગરમ બોલાચાલીમાં આવી અટકતું હતું તો કોઇવાર બંન્નેનાં બબે ચાર ચાર દહાડાનાં રીસણામાં તે વેંહચાઈ જતું હ.

આવી આપણા ફીરોઝની સંસારી સ્થીતી હતી. બંન્ને પોતપોતાનાં ચાંચરની ચરબી જેવાં ચીચોડાપર મુસતાક હતા, અને બંન્નેજ લાડથી ઉધરેલાં--ઉછરેલાં હોવાથી જેમ સંસારી સંકટો સેહેવવાને તેમ સંસારી સુખો સંભાલવાને તેઓ સામટી રીતે નગલા હતાં. આજે એવી નગલાઇઓ શેંકડો સંસારમાં સાંભલવામાં આવે છે, એટલે માબાપો જેઓ પોતાના ઠીકરા દીકરીને અંગ્રેજીજ સીખવવામાં અને નીરાલનીજ કેળવણી આપવાની દોડાદોડમાં પડયા છે તેઓની પેહેલી ફરજ તો પોતાનાં બેટા બેટીઓને તેમનાં સંસારી સંકટો અને શુખો સંભાલવાને અને સાચવવાને ઘણું શીખવવાની અગત છે. જવાન જીંદગીનાં ગણત્રીના વરષો એવી ઇચ્છા કે બાહારની કેલવણી પાછલ ઘસાઈ ઘસડાઈ જવા પછી

જે લાબાં વરસોની પાછલી જીંદગીમાં જોગવવાનું આવેછે તેની તેઓ જવલેજ ઝાંઝ દાઝ રાખે છે. ઈંગ્રેજી સંસારમાં મા બાપો પોતાની બેટીઓને પરણવાની લાયક ઊમરે આવતાંજ તેઓનાં હાથમા એક એવી તો ચોપડી પકડાવે છે કે જેમાંથી તેણીને પોતાના ખાવીંદ તરફ કેમ વરતવું, સંસાર કેવી રીતે તપાસવો અને ચલાવવો, એકમેક્ને કેવી રીતે સંભાલી લેવાં તથા ટુંકમા ગમે એવી ગરીબાઈ વચ્ચે બી ચોખી અને સુખી જીંદગી કેવી ગુજારવી તેના તેણીઓને આગમચથીજ અનુભવી અને અભિયાષી બનાવે છે. આપણામાં-દેશીઓમાં એવી કીસમની ચોપડીઓની ભારે ખુટ છે, અને એબી એક સંસાર સુખની સલામતીની ખુલ્લી ખોટ છે.

ફકત અંગ્રેજીજ કેલવણી આપવા પાછલ પટકાઈ જનારા ઓ મા બાપો! પોતાના બેટા-બેટીનો એવો સંતાપી સંસાર જોનારા ઓ સરતાજો! તમારા બચ્ચાંઓને એવી બાહારની કેલવણી સાથે સંસારીબી તરબીઅત આપો. પેહેલે ઓટલો અને રોટલો તપાસો, પછી આંગણે અને બારણે પડો. આજની કમાઈને ગુજરાન કરવા જેવી સરકારી ધોરણોનીજ અંગ્રેજી કેલવણીથી તમારી બેટીકે બાઈઓનો શું સુકરવાર થવાનો છે?—જો તેઓને સંસારી કેલવણીથી નીરાલીજ રાખશો તો!

આ બેહરા મુગાની બચુ પૈસાવાલી હતી, તે દેશોદેશ ફરેલી હતી, તે મોજશોખથી ભરેલી હતી, તેમજ ઠાઠમાઠમાંબી ભારી હરેલી હતી, પણ થોડી ઘણી અંગ્રેજી કેલવણી સાથે તેણીતો ભાગી તુટીબી સંસારી કેલવણી મેલવી નહી શકી હતી, અને તેથીજ સંસારી બોજો ઊઠાવવામા તેણી પુરેપુરી પછાત પડતી હતી.

પણ આ બે માટી બઇરોની ચાલુ ખટપટે એક દહાડે એવું તો ગંભીર રૂપ પકડયું—માત્ર બેજ વરસમાં તેઓની પ્રીતીપર કાપ પડયો, અને તેનો અંજામ એજ આવ્યો કે બચુ જુદી રહી અને ફીરોજ દેશાવર નીકલી ગયો.

પોતાના પતીની સોધ ખોલમાં બચુએ ઘણીબી તપાસ કીધી પણ ચાંતે કસો પટટો ન મલ્યાથી તેણી હારી બેઠી અને આરીતે

છતી પરણેલી જીંદગીએ અચુ કુંવારી જેવી હાલતમાં આવી પડી!

ફીરોજનાંજ જેવા હાલ દારાબનાંબી થયાં.

માતબર મરનાર નાનાભાઇ નાણાવટીની ચઢતીના ચલણમાં જયારે નાજાં તેમની બાજુમા હતી ત્યારે વીકાજી, ફીરોજ અને દારાબ જેવા તેમના માનીતા થઈ પડેલા નેકનામો રોજના ધકેલામાં પડતા હતા. પણ નાજાંના દુર થવા સાથે આ ત્રણ ત્રીભંગીઓબી આસ્તે આસ્તે પોતાના હેરા-ફેરા ઓછા કરતા ગયા.

દારાબ. બી. એ. ની ઊંચી કેલવણી પામેલો હતો અને પોસ્ત આફીસમાં ૧૦૦) ના દરમાયાએ ગોઠવાઇ ગયો હતો એ તો અમારા પ્રીય વાંચકોએ બીજા પ્રકરણથી જોયું છે.-તે ગાનારો વજાડનારો દુલા દીલનો, અને છુટા હાથનો રંગીલો-મોજીલો છે તેબી જાણ્યું છે, પણ હવે તેઓને આ પ્રકરણમાં જે તપાસવાનું છે તે તેમા કઈક દુરગુણી દાખલા છે.

નાણાવટીની નાજાંનાં હાથની હવાઈ આશામાં જયારે તે તદન બીચારો નીરાસ બન્યો તેવામાં તેની કલકતા તરફ બદલી થઇ કે જયાંનાં એક સારા ગ્રહસ્થનાં ઘરમાં પગપેસારો રાખી તેની એક પુરી પુત્રીનું દીલ પોતાનાં ઢોંગ-સોંગ અને વજાડવા ગાવાથી પોતા તરફ ખેંચીને તેણીસે આખરે પરણ્યો.

પણ આ શેહાદીનું સુખી સેવટ આવ્યુ નહી. તેની ખસ્તે ખુ-હારી થઈ અને તે કેમ થઇ તે વ્હાલા વાંચકોને નીચલી લાઈનોમાં વાંચવાની તસદી છે.

દારાબની દીલબરનું નામ જરબાનું હતું. જરબાનું ખરી ખુ-બપુરતીનો એક અનોપમ નમુનો હતી જે નમુનેદાર નારીપર દારાબ પેહેલી નજરે ફીદા થયો હતો.

દારાબે ખરાબ સંગતોથી મુંબઇમાં પોતાની કેલવણી અને કીર્તીને જે કલંક લગાડયો હતો તે તેવી સંગતોથી દુર જઇ પડવા પછી કંઇક સુધરયો હતો. પણ પરણ્યા પછી જયારે કંઇક લુચ્છા કે કુછંદી જવાનો સદાના સુધરેછે ત્યારે આ સીખેલા જવાનનો સુધારો તો ગણત્રીનાજ મહીનાંઓમાં સાબુણ રૂપી થઈ ગયો! વખતના

વેહવા સાથે તે કેટલાંક બદમાસ માણુસોની બેઠેકોમાં બીરાજવા લાગો કે જયાં તેણે તેની આગલી વખોડવાજોગ ચાલચલણુની પાછી લેહેઝી લાગવા માંડી.

નાટક અને હલકી પંકતીનાં જલસાઓ સાથે તેને સરાબમાં પૈસા ઉડાવવા માંડયા; જે તેનામાં પેવસ થયલી બદીના ભેદથી જરબાનું તુરતવેલા તદન અંજાણી હતી—અને આ દારાબે તેણીને બાહારના દેખાવના હેત-પ્રીતથી ખરેખર અંજાણીબી રાખવાની હુશીયારી વાપડી.

જયાં સુધી કંઈબી છંદ છુપાછાણુ હોયછે ત્યાંસુધી છડેચોક તેને છંછેરાતા નથી પણુ જયારે તે જાહેર અને જાણીતા થાયછે ત્યારેજ તેને જોડી તોડી પાડવાને જોરમંદ થવાય છે, અને એવીજ રીતે જરબાનુંથી અંધારામાં રહેલા આ દારાબનાં દુરગુણુ દુઃખભરી રીતે વધેલા જોયા ત્યારેજ તેણીએ તેને સુધારવાને સઘલાં સંભાલભરયા અને સબુરીભરયા સાંધણો અજમાવ્યા. તેણીએ ઘણુા મહીનાઓ સુધી આ સંકટ અને સંતાપ તદન મુગે મોઢે ખમ્યો ઘણીવાર તેણીએ દારાબનાં મુગા માર પણુ વેઠયા, અને તે કીરતાર પર સઘલો આધાર રાખી દારાબની આ ભારખમ ભલી ભાગ્યણે તેને સુધારવાની સઘલી આસા હોંસમાં સાંતીથી દીવસો ગુજારવા માંડયા; પણુ અફ્સોસ પોતાની નોકરી કે આબરૂની યા સાસરીયા મંડળની સોભાની સેહેજબી દરકાર કરયા વગર તે છડેચોક નફ્ટ બનતો ગયો.

ખરાબ છંદો હમેશ ખરાબીના ખડકપરજ ઘસડાતા જાય છે એ એક કુદરતી કાયદો અને કાનુન છે જે આદમજાત પોતાની હૈયાતીમા અનેક દાખલાઓથી જુવે છે. ખરાબ દોસ્તોની જીવસેન જાન ફ્સાનીમાં આ દારાબે પોતાની ખરાબી કરવા સાથે એક નમુનેદાર નારીનું પણુ સદાનું સત્યાનાશ વાલ્યું.

ટપાલખાતાંમાં તે નોકરી હતો એટલે ત્યાંની શેવીંગ બેંકની લે, કાની ચોપડીઓમાંથી પોતાની ટોલીના માણસો પાસેથી ત્યાના ફોરમ ભરાવી, પોતે તેઓને ઓલખે છે એવી પોતાની સાખ આપીને, નાણુા ઉપાડતો ગયો! એમ ઘણો વખત સુધી ચાલુ રહ્યું.

પણ અંતે એક દહાડે તે સાબુત ફસી ગયો. તેની ચંડાલ ચોકડીનાં ચારે જણાને સાત-સાત વરસની સખત સજા થઈ ત્યારે દારાબનાં બાહોશ વકીલનાં રંજભરયા બચાવ છતાં દારાબને માત્ર એક વર્ષની સખત સજા થઈ.

ગરીબ બીચારી જરબાનું તો જાણે જીવતીજ મરી ગઈ! કલકતામાં એ સ્યાની અને સબુરીવાલી સુંદરીને વખાણનારા ઘણા હતાં, અને આવી નીચ નામોશીએ જીવવા કરતાં તેણીએ આપઘાત કરીને પોતાનો અંત આણ્યો!

બંદીખાને સબડતા દારાબને કોઈએબી આ ખબર આપીજ નહીં, પણ જયારે એક વરષ પછી તે બંદીખાનેથી બાહાર પડયો ત્યારે એ આફતથી તે હેબતીજ ગયો અને પોતાની બદચાલથી પોતાની ખરેખરી ખુબીવંતી પ્રાણ-પ્રીયાપર ગુજારેલા આ ગજબ માટે તેનું દીલ એવું તો ડંખયું કે તેજ દિવસથી તેને દેશવટો લી ધો. આ પછી તેનું શું થયું તે આજ સુધી જણાયુંજ નહીં!

નાણાવટીના આ નેકનામ મિત્રો આખરે કેવા નિવડયા તેનો આ એક ચાનકરૂપિ ચિતાર છે જેમાંથી ઘણાંકોને ઘણુંકું ચેતવાનું અને ચોંકવાનું છે—સમજવાનું અને શીખવાનું છે.

પારસી સંસારમાં આજે ઘણાંક મા બાંપો દોસ્તના દેખાવમાં તેમનાં ઘરમાં ઘુશેલા ઘર ભંગાડુ ઘર કુકડાઓને પોતાના ઘર જમાઈ કરવાને પોતાની દીકરીઓ ઉપર, આગલા પાછલા વિચાર વગરજ ઘણીવાર જે દોર—જોર કરેછે તે મુરખ માતાઓ અને મુરખ બાપોએ તેની ખરાબીના ખડકના પાયામાંથી ભર્યા પાયા ઉપર ઊઠાવેલા આ કીલ્લાની કાહાણી ઉપર જરાબી ગંભીરાઇથી ગોર કરવો જોઈએ. મા-બાપોએ પોતાના બચ્ચાંઓને સંસારી સાગરમાં હોમાવવા પેહેલાં તેઓની સલામતી સારૂ તેઓનીબી વાજબી મરજી વિચારવી ને તપાસવી જોઇએ. તેઓની નાખુશીનાં સબબોબી સાંભલવા જોઇએ અને તેઓની કંઈક વાજબી ખુશીનુંબી ખોલવું જોઇએ. આજે તેમ નથી, જો થાયચ તે કંઈ જીવ જેવા પ્રમાણમાં નહીજ અને તેમ થતું નથી કરીનેજ એક ખાનદાન કે એક મોહોરદાર એકમેકના વિચાર કે આચાર,

વલણુ કે ચલણ, ચાલ્યા કે આયા, ગુણ કે દુરગુણ જાણ્યા કે પીછા-ણ્યા વગર આજે મોટે ભાગે મા-બાપોનીજ મરજીને આધીન થઈ એવા અંજાણ્યા આસરામાં આખરે અફળાયછે એજ એક અફશોસછે!

પ્રકરણ ૫૮ મું.

શુખી સેવટ.

રખશ તારો કશ તું હવે એ કલમ!
રેકાબ તેની તાણી કદમને કર કમ,
પાક જેમનાં અંતરમાં ઊતરેછે પ્યાર;
મલેછ તેમની મેહેનતનો તેમને મદાર,
પાક જેમનાં અંતરમાં પ્રિતી વશેછ;
હરખ તેમનાં હઈડામાં અંતે હશેછ.
પૃથ્વિમાં નિશચે છે પ્યારની ફત્તેહ.
નરની ને નીતિમાન નારની ફત્તેહ.
ખુદાતની ગેબી છે તેમાં મદદ;
દરેક તેમનાં દુર થાય છે દુ:ખ ને દરદ.
સલામ હવે વ્હાલાં ઓ વાંચક સલામ!
સદા સાચવી રાખજે "સોરાબ" નાં કલામ.

આપણી વારતાનું સેવટનું વલું હવે નાજાતરફ ફેરવી તેણીની પીછાણ આપશુ.

નાણાવટી ગુજરયાને એક વરશ વહી ગયું. અને તેમના વશિયત મુજબ સરવે સગાંવહાલાંઓને નાજાંએ મરનારની મરજી મુજબ ફાલા વેહેંચી આપ્યા, અને બાકીની કુલે દોલત મિલકતનું તે લાયક જોડું એકલું માલેક થયું.

આ રીતે ફરજો બજાવ્યા પછી એક સુભ દીને આ માતબર મકાનમાં ગડબડ ચાલી રહી છે. સગાં સ્નેહીઓની સામટી મીજલસ મલીછે અને સઉના સ્વરૂપપર ખુશી હલી મલી રહી છે.

આ સઘલું નાજાંના-આપણી નીતિમાન નિરદોષ નાજાંના લગનની તઈયારીનું તાતપર્ય છે. પોતાના સ્વરગવાસી સરતાજની

ગમગીનીમાંથી નાજાં હજીતો તુરતનીજ ફારેગ થઇ છે ! હજીતો તેણીનાં અંતકરણમાં તેમનાં દુઃખભરયા મરણનો ઉંડો જખમ રૂજાયો નથી પણ માત્ર સંસારી તરીકાનો ખ્યાલ કરીને ડાહી નાજાં પોતાના માનીતા સાવક અને સગાંઓની ચાલુ સમજાવટે પોતાનો ગમ શાંત કરી શકી છે અને પોતાની વરસોની ઇચ્છા સફલ થવાની અને જે લાયક જવાનનો હાથ પામવાની પુર ઉમેદ-ઉલટમાં હતી તે મલવાની આશા આજે તેનાં મોહ સાંમે આવી ઉભી છે

સઘલું બાહારના દેખાવે ઘણું હોડધામ જેવું કશુ તેણીએ કીધુ હતું નહીં. જોકે શાહદી જેવે મુબારક દહાડે તેણીનાં અંતરમાં ખુશાલી સમાતી ન હતી તેમ છતાં પોતાના મરહુમ મુરબીના માન ખાતર તેણીએ અગત જોગાંજ સગાં સ્નેહાઓને ભેગાં કરી એક ખાનગી મીજલસનું રૂપ આપ્યું હતું.

સાવક—આપણી નાજોનાં હઇયાંનો હાર ડાકટર સાવક—બેસ આજે પુર ખુશીમાં હતો તેની ઉમેદ, તેની આસા, તેની ઇચ્છા, તેની લાગણી, તેનો દરજજો; આજે એકાકારમાં વધી ગયાં હતાં. તેનું હઇડુ-તેનું જવાન ભોલું ભલું હઇડુ ખુશીથી છલછલી રહ્યું હતું.

"નાજાં ! મારાં સદાના સાચા સાથી!" દિવાનખાનામાં ભેગા મલેલાં બાનું-ઓદસ્થો વચ્ચે આશિરવાદ સરાઈ રહ્યા પછી જરાબી સરમાયા વગર સાવકે પોતાને આંગલેથી એક સાદી સોનાની વીંટી કાહડી નાજાની નાજુક આગલીમાં પોતાના પીતભરયા હાથથી પેહરારાવતાં કહ્યું "હું ગરીબછું પણ આબરૂભર્યો ઘંઘાએ મારૂં ગુજરાન કરવાને શકિતમાંન છું. હું માતબર જેવો મજબુત છું અને તવંગરો જે આબરૂ પામે છે તેટલોજ હક હું ગરીબ છતાં ધરાઉછું. તને પાકટ પ્યારથી અને પુર્ણ પીછાણ પછી પરણીને તારા જેવી ભલી ભાગ્યણનો ભાગ્યો થાઉ એ મારા ખિલતાં બખ્તની નિસાન છે, અને તેના અદના હેંસાનમાં મારા સાચ્ચે સાચા ચાહની—મારા વર્ષોના પવિત્ર નિષકલંક પ્યારની એક જાચી જામિનગીરી તરીકે બહાલ અને વફાનાં વચન સાથ હું તને સોનાની વીંટીની સાદી પણ સાચી ભેટ કરૂંછુ અને તારી તરફની

મારી સઘલી ફરજોનાં પવિત્ર કોલ સાથે એટલીજ પ્રમાણીક ખાતરી આપુ છું કે જેમ આ સાચુ સોનું પીલુ ને ચલકતું રેહશે તેમ તારી તરફનો મારો સાચો પ્યાર મારા જીગરમાં સદાકાલ તુંને અને તુંનેજ સાચો નિવડશે.” ત્યાં તેને જરા દમ લીધો, અને ઘણીજ નરમાસથી નાઝાનો હાથ ઉચકતાં તેણીના ચેહરા તરફ અસરકારક આંખ્યોથી જોઈને બોલ્યો. “સુખે દુખે સુખી દુઃખી થજે! તું મને ભુલતી નાં અને ભુલવા દેતી ના!” અને એમ બોલતાજ સાવકે તુરતજ નાઝાનાં તે વીંટીવાલા બરફ સમાન નાઝુક હાથ ઉપર એક ચુંબન કરી પોતાના સાચા [illegible] મીત કર્યું.

“[illegible] સુખી એ વીંટીને નારી આગલીએ જીવની માટે [illegible] તમને [illegible] નીવડવાને તે કીરતાર મારા નીગેહબાન થાજો” એવા દુશાનભરયા ટુંક પણ [illegible] જવાબ સાથે નાઝનીએ પોતાની આંગલી પોતાના નાઝુક હોઠ આગલ ધરી તેને હૈયાનાં હેતથી દાબી, અને સગાં સ્નેહીઓની સેઠાણીની સોગાદોથી અને મુબારકબાદીથી એ જવાન જોડુ ગજમજી રહ્યું.

* * * *

ધીરજનું ધન અને વફાઈનો વારસો પામેલા આ બે વ્હાલા ઓનો સંસાર દીનપરદીન અતી સુખી અને આબાદ થતો ગયો. બે વર્ષમાં આ બે વ્હાલાઓને બે ખુબસુરત બચાંઓની વૃદ્ધી થઈ! શેહેનશાહી ઠાઠ ધરાવનાર આ માતબર મેહેલમાં રાચ રચિલા અને હાંડી ઝુમરોથી ભભુકદાર અને ભપકાદાર બાંધેલા દિલ ખુશ દિવાનખાનામાં મખમલની ગાદીનાં કમાનદાર કોચ ઉપર બેઠેલાં સાવક-નાઝના હૈયાના હેત—પ્રીતે હાલ પોતાનાં નાહનાં ગોલાબ જેવાં ગેટકાંઓને પ્યારથી રમાડે છે. એવા એક સુખી સેવટનાં સંતોષી સમાચાર સાથે, વ્હાલાં વાંચકની ધીરભરી તસદી માટે ઉપકાર માની, ભુલચુક માટે દરગુજર ચાહી, કંઈબી ચોપડીની કસીબી મદદવગરની આ નિશંક કલ્પિત કાંહાણી હવે ખતમ કરીશુ.

સમાપ્ત.